# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

03
MARCH, 2026
TUESDAY




પેજ 2



વિરાટ હિન્દુ સંમેલનમાં "હિન્દુ જાગશે તો વિશ્વ જાગશે"નો ગર્જનારો સંદેશ ગુંજ્યો

પેજ 3



એમ.કે. શાહ મેડિકલ કોલેજની બોયઝ હોસ્ટેલના રૂમમાં જિંદગી ટૂંકાવી

પેજ 7



યુદ્ધે પાલનપુરના વૃદ્ધ દંપતિને રડાવ્યા, ટિકિટ રદ થતા પરિવાર દુબઈમાં અટવાયો

પેજ 5



હોળી પ્રગટ્યા ને હૈયે હરખાયા - મોંઘવારી વચ્ચે પણ આસ્થાભેર હોળી દહન કરાયું



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 345 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### પાકિસ્તાની સંસદે ખામેનીને શ્રદ્ધાંજલિ આપી; ઓમાનમાં ભારતીયનું મોત

# ઇઝરાયલ-ઈરાન યુદ્ધ: એર ઈન્ડિયા આવતીકાલથી મસ્કત ફ્લાઈટ્સ શરૂ કરશે

**મિડલ ઈસ્ટની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અબુ ધાબીમાં BAPS હિન્દુ મંદિર 9 માર્ચ સુધી મુલાકાતીઓ માટે બંધ કરવામાં આવ્યું છે. પીએમ નરેન્દ્ર મોદીએ આજે ઇઝરાયલ-ઈરાન યુદ્ધ પર પ્રતિક્રિયા આપી હતી**

• નવી દિલ્હી

ઈઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે છેલ્લા બે દિવસમાં ભારતમાં 760થી વધુ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. આજે પણ દિલ્હી એરપોર્ટ પર 87 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. દિલ્હી, મુંબઈ, કોચી, બેંગલુરુ, ચેન્નાઈ, જયપુર અને અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હજારો મુસાફરો ફસાયેલા છે. મિડલ ઈસ્ટની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અબુ ધાબીમાં BAPS હિન્દુ મંદિર 9 માર્ચ સુધી મુલાકાતીઓ માટે બંધ કરવામાં આવ્યું છે. પીએમ નરેન્દ્ર મોદીએ આજે ઈઝરાયલ-ઈરાન યુદ્ધ પર પ્રતિક્રિયા આપી હતી. આજે દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે કેનેડાના પીએમ માર્ક કાર્ની સાથે મુલાકાત બાદ પીએમ મોદીએ કહ્યું હતું- પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ ચિંતાજનક છે, ખૂબ જ ચિંતાનો વિષય છે. ભારત તેના નાગરિકોની સુરક્ષા માટે બધા દેશો સાથે મળીને કામ કરશે. અમે વાતચીત દ્વારા મુદ્દાનો ઉકેલ લાવવાના પક્ષમાં છીએ.

સોમવારે પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીર (PoK) માં ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીના મોત સામેના વિરોધ પ્રદર્શનો હિંસક બન્યા છે. ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં પ્રદર્શનકારીઓએ સંયુક્ત રાષ્ટ્રની સ્થાનિક ઓફિસમાં આગ લગાવી દીધી, જેમાં ગિલગિટમાં યુનાઈટેડ નેશંસ ડેવલપમેન્ટ પ્રોગ્રામની એફિસ પણ સામેલ છે.

આ દરમિયાન, સ્કાર્દુમાં એસપીની ઓફિસ અને અનેક સરકારી ઈમારતોને આગ લગાવી દેવામાં આવી હતી. ગોળીબારમાં 7 લોકો માર્યા ગયા હતા અને 12થી વધુ ઘાયલ થયા હતા. હોસ્પિટલમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. ગિલગિટ અને સ્કાર્દુમાં સિક્યોરિટી હાઈ એલર્ટ પર છે.

પાકિસ્તાનના કરાચીમાં આવેલા યુએસ એમ્બેસીમાં ખામેનીના મોતના વિરોધમાં રવિવારે હિંસા ફાટી



નીકળી હતી. કોન્સ્યુલેટમાં ઘૂસેલા પ્રદર્શનકારીઓ પર એમ્બેસીની અંદરથી ગોળીબાર કરવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં 23 લોકો માર્યા ગયા છે અને 10થી વધુ ઘાયલ થયા છે. આ પ્રદર્શન ઈમામિયા વિદ્યાર્થી સંગઠન દ્વારા કરવામાં આવ્યું હતું.ભારતમાં, શિયા સમુદાય પણ ખામેનીના મોતનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતર્યો છે. જમ્મુ અને કાશ્મીરના ઘણા જિલ્લાઓમાં આજે કર્ફ્યુની સ્થિતિ છે, ઈન્ટરનેટ ડાઉન છે. શ્રીનગરના લાલ ચોક પર બેરિકેડિંગ કરવામાં આવ્યું છે. સુરક્ષાદળો તહેનાત કરવામાં આવ્યા છે. ખામેનીની હત્યાના વિરોધમાં થઈ રહેલા પ્રદર્શનો વચ્ચે, કાશ્મીર ઘાટીની તમામ સ્કૂલો, કોલેજો અને યુનિવર્સિટીઓ આજથી બે દિવસ માટે બંધ રહેશે. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ જનતાને શાંતિ જાળવી રાખવા અપીલ કરી છે. શોપિયા, બારામુલ્લામાં લોકોએ બજારો બંધ રાખ્યા છે.જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં ખામેનીના મોત સામે શિયા સમુદાયનો વિરોધ પ્રદર્શન સતત બીજા દિવસે પણ ચાલુ રહ્યો. બેમિના વિસ્તારમાં ભીડને વિખેરવા માટે સુરક્ષા દળોએ ટીયર ગેસ છોડ્યા અને લાઠીચાર્જ કર્યો. શ્રીનગરના બેમિના વિસ્તારમાં સુરક્ષા જવાનોએ પ્રદર્શનકારીઓ પર ટીયર ગેસના શેલ છોડ્યા અને લાઠીચાર્જ કર્યો.શ્રીનગરના બેમિના વિસ્તારમાં સુરક્ષા જવાનોએ પ્રદર્શનકારીઓ પર ટીયર ગેસના શેલ છોડ્યા અને લાઠીચાર્જ કર્યો.

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ દરમિયાન કર્ણાટકના 100 લોકો દુબઈ અને બહેરીનમાં ફસાયા છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવને કારણે, મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. સેંકડો મુસાફરો એરપોર્ટ પર ફસાયા છે.અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે સતત બે દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે. મિડલ ઈસ્ટના દેશોમાં ફસાયેલા ભારતીયો અને ભારતમાં સુરક્ષાને લઈને પીએમ મોદીના નિવાસસ્થાને રવિવારે રાત્રે 9.30 વાગે સુરક્ષા સમિતિની બેઠક મળી હતી. બેઠકમાં શાહ, રાજનાથ, CDS ચૌહાણ નાણામંત્રી પણ હાજર રહ્યા હતા. મીટિંગમાં વેસ્ટ એશિયામાં રહેતા ભારતીયો અને ત્યાં ફસાયેલા લોકોની સુરક્ષા, પરિસ્થિતિ બગડે તો તેનો કેવી રીતે સામનો કરવો, તેના પર ચર્ચા થઈ. હાલમાં, વેસ્ટ એશિયાનું એરસ્પેસ લગભગ બંધ છે.

### સોનું 7 હજાર રૂપિયા વધ્યું; પાકિસ્તાની બજાર 10% તૂટ્યું

## અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે સેન્સેક્સ 1048 પોઈન્ટ ગગડ્યો, 80,239 પર બંધ

• અમેરિકા

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધના કારણે ભારતીય શેરબજારમાં આજે એટલે કે 2 માર્ચના રોજ ઘટાડો રહ્યો. સેન્સેક્સ 1048 પોઈન્ટ (1.29%)ના ઘટાડા સાથે 80,239ના સ્તર પર બંધ થયો. નિફ્ટીમાં પણ અંદાજે 313 પોઈન્ટ (1.24%)નો ઘટાડો રહ્યો, તે 24,866ના સ્તર પર આવી ગયો છે. જિયો-પોલિટિકલ તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિમાં મોંઘવારી વધવાનો ખતરો રહે છે. આનાથી કંપનીઓનો નફો ઓછો થઈ શકે છે. આવી સ્થિતિમાં રોકાણકારો તેમના શેર વેચવાનું શરૂ કરી દે છે અને તેને સોના-ચાંદી જેવી સુરક્ષિત જગ્યાએ રોકાણ કરે છે. આનાથી બજારમાં ઘટાડો આવે છે.ક્રૂડ ઓઈલની કિંમતોમાં તેજીના કારણે આજે એનર્જી અને ઓટો શેરોમાં વધુ ઘટાડો જોવા મળ્યો છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત 10% વધીને 79 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે જો આ તણાવ વધુ વધશે, તો તેલની કિંમતો 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે.આની અસર ભારતમાં પેટ્રોલ-ડીઝલ પર જોવા મળી શકે છે. દિલ્હીમાં પેટ્રોલ 95 પ્રતિ લિટરથી વધીને 100 સુધી પહોંચી શકે છે. જ્યારે ડીઝલ 88 થી વધીને 92 સુધી જઈ શકે છે.ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 7 હજાર રૂપિયા વધીને 1.66 લાખે પહોંચી ગયું છે. આ અગાઉ તેની કિંમત 1.59 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. જ્યારે, એક કિલો ચાંદી 20 હજાર રૂપિયા વધીને 2.87 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના જણાવ્યા અનુસાર સોનું 1.90 લાખ રૂપિયા સુધી જઈ શકે છે. ચાંદી 3.50 લાખ સુધી પહોંચી શકે છે. યુદ્ધ જેવા અનિશ્ચિત વાતાવરણમાં રોકાણકારો સોનાને સુરક્ષિત માને છે અને તેમાં પૈસા રોકવા લાગે છે. આનાથી તેની માગ વધે છે અને તે મોંઘું થવા લાગે છે. કરાચી સ્ટોક એક્સચેન્જ (KSE)નો મુખ્ય ઈન્ડેક્સ KSE-30 સોમવાર, 2 માર્ચના રોજ કારોબાર દરમિયાન 9.8% સુધી ગગડી ગયો હતો. બજારમાં ભારે વેચવાલીને જોતા ટ્રેડિંગને એક કલાક માટે રોકવું પડ્યું હતું. જોકે, ફરીથી બજાર ખુલતા ઘટાડો થોડો ઓછો થયો અને તે 7.3%ના નુકસાન પર આવી ગયો. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX)માં મંગળવારે આંશિક રજા રહેશે. MCXનું સવારનું સેશન (સવારે 9:00 થી સાંજે 5:00 વાગ્યા સુધી) બંધ રહેશે, પરંતુ સાંજના સેશનમાં સાંજે 5:00 વાગ્યાથી રાત્રે 11:30 વાગ્યા સુધી ટ્રેડિંગ થશે.

## AI સમિટમાં શર્ટલેસ પ્રદર્શન- યુથ કોંગ્રેસના કાર્યકરોને જામીન

• નવી દિલ્હી

દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે AI સમિટમાં શર્ટલેસ વિરોધ પ્રદર્શનના કેસમાં ધરપકડ કરાયેલા ઈન્ડિયન યુથ કોંગ્રેસ (IYC)ના નવ કાર્યકરોને સોમવારે જામીન આપ્યા છે. કોર્ટે કહ્યું કે આ પ્રદર્શન માત્ર સરકારની ટીકા કરવાની એક રીત હતી. તેથી, કેસ શરૂ થાય તે પહેલાં કોઈને જેલમાં રાખવું એ કાયદાના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ હશે. કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે પ્રદર્શન દરમિયાન લગાવવામાં આવેલા નારા ઉશ્કેરણીજનક નહોતા. તેમાં કોઈ ધાર્મિક કે પ્રાદેશિક રંગ નહોતો. કોઈ પણ પ્રકારની તોડફોડ કે લોકોને ડરાવવાના કોઈ પુરાવા મળ્યા નથી. કોર્ટે એ પણ જણાવ્યું કે પ્રદર્શન કરનારાઓને સુરક્ષા સાથે બહાર લઈ જવામાં આવ્યા હતા.કોર્ટે કહ્યું- આઝાદી એક અધિકાર છે અને જેલ ફક્ત ખાસ પરિસ્થિતિમાં જ હોવી જોઈએ. જો ટ્રાયલ પહેલાં કોઈને જરૂરી કારણ વગર જેલમાં રાખવામાં આવે તો તે સજા નક્કી થયા વિના જ સજા આપવા જેવું થશે.પટિયાલા હાઉસ કોર્ટના ન્યાયિક મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ) રવિએ કૃષ્ણ હરિ, નરસિંહ યાદવ, કુંદન કુમાર યાદવ, અજય કુમાર સિંહ, જિતેન્દ્ર સિંહ યાદવ, રાજા ગુર્જર, અજય કુમાર વિમલ ઉર્ફે બંટુ, સૌરભ સિંહ અને અરબાઝ ખાનની જામીન અરજીઓ પર સુનાવણી કર્યા બાદ આ આદેશ પસાર કર્યો. દિલ્હી પોલીસે જણાવ્યું કે આરોપીઓ, જેઓ ઈન્ડિયન યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓ છે, 20 ફેબ્રુઆરીના રોજ AI સમિટના સ્થળે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ફોટાવાળી સફેદ ટી-શર્ટ પહેરીને અથવા હાથમાં લઈને પહોંચ્યા હતા.

### ઇઝરાયલ-અમેરિકા-ઈરાન યુદ્ધનો ત્રીજો દિવસ છે

## ટ્રમ્પે કહ્યું- ઈરાન સાથે 4-5 અઠવાડિયા યુદ્ધ ચાલી શકે: અમે સંપૂર્ણ તાકાત લગાવી હુમલો કર્યો નથી

• ઈઝરાયલ

આજે ઈઝરાયલ-અમેરિકા-ઈરાન યુદ્ધનો ત્રીજો દિવસ છે. આ દરમિયાન પાકિસ્તાન પર આરોપ મૂકવામાં આવ્યો છે કે તેણે અમેરિકાને ઈરાન પર હુમલો કરવા માટે તેની એરસ્પેસનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC)ના એક વરિષ્ઠ કમાન્ડરે જણાવ્યું હતું કે જો પાકિસ્તાન આવું કર્યું હશે તો તે હવે સુરક્ષિત રહેશે નહીં અને તેણે તેની કિંમત ચૂકવવી પડશે. યુદ્ધ વચ્ચે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના લાંબા સમયના સાથી બ્રિટન પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરે હિંદ મહાસાગરમાં સ્થિત યુએસ લશ્કરી મથક, ડિએગો ગાર્સિયાને સોંપવામાં વિલંબ કર્યો હતો. યુદ્ધના પહેલા દિવસે અમેરિકા આ મથકથી ઈરાન પર હુમલો કરવામાં ગતું હતું. જોકે, બ્રિટને 48 કલાક પછી પરવાનગી આપી હતી, અને કહ્યું હતું કે અમેરિકાને ત્યાંથી ફક્ત ઈરાની મિસાઈલ મથકોને નિશાન બનાવવાની મંજૂરી આપવામાં આવશે. આ અંગે, ટ્રમ્પે બ્રિટિશ વડા પ્રધાન પ્રત્યે પોતાની ઊંડી નિરાશા વ્યક્ત કરી છે. બ્રિટીશ PM નો અમેરિકાને મિલિટરી બેઝનો ઉપયોગ કરવાની મંજૂરી આપતો વીડિયો બ્રિટિશ સૈન્ય જવાબમાં કાર્યવાહી કરી રહ્યું છે. હકીકતમાં, બ્રિટિશ પીએમ કીર સ્ટારમરે અમેરિકાને ઈરાની મિસાઈલ સ્થળો પર હુમલો કરવા માટે આ બેઝનો ઉપયોગ કરવાની પરવાનગી આપી હતી.ઈરાને સોમવારે મિડલ-ઈસ્ટના 4 દેશોમાં 6 અમેરિકી બેઝ પર હુમલો કર્યો છે. કુવૈતમાં અમેરિકાના અનેક ફાઈટર જેટ ક્રેશ થયા છે. જેટ હવામાં ગોળ-ગોળ ફર્યા બાદ થોડી જ વારમાં જમીન સાથે અથડાયા હતા. જોકે, આમાં કોઈનું મોત થયું નથી. બીજી તરફ, ઈરાનના ટોપ નેશનલ સિક્યોરિટી અધિકારી અલી લારીજાનીએ સોમવારે કહ્યું કે ઈરાન અમેરિકા સાથે કોઈ વાતચીત કરશે નહીં. આ નિવેદન એવા અહેવાલોના જવાબમાં આવ્યું છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે ઈરાને અમેરિકા સાથે ફરીથી વાતચીત શરૂ કરવાનો પ્રયાસ કર્યો છે. કુવૈતમાં એક યુએસ ફાઈટર જેટ ક્રેશ થયું. ફૂટેજમાં જેટ જમીન પર પડી રહ્યું હોય તેવું દેખાય છે. અલ-જઝીરાના રિપોર્ટ મુજબ, અમેરિકા અને ઇઝરાયલે મળીને અત્યાર સુધી ઈરાનના 1000 થી વધુ ઠેકાણાઓ પર હુમલા કર્યા છે.

## ગૃહમંત્રી અમિત શાહ બોલ્યા- મમતાએ બંગાળને ઘૂસણખોરોનું સ્વર્ગ બનાવ્યું

**હવે તેમને મતદાર યાદીમાંથી બહાર કર્યા, સત્તામાં આવીશું તો રાજ્યમાંથી બહાર કરીશું**

• કોલકાતા

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બંગાળમાં એક સભામાં કહ્યું કે રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બંગાળને ઘૂસણખોરોનું સ્વર્ગ બનાવી દીધું છે. તેમણે કહ્યું કે એકવાર BJPની સરકાર બની જાય, તો અમે બંગાળમાંથી દરેક ઘૂસણખોરને ઓળખીને તેને બહાર કાઢીશું. શાહે આગળ કહ્યું કે હાલમાં મતદાર યાદીમાંથી માત્ર ઘૂસણખોરોના નામ હટાવવામાં આવી રહ્યા છે, પરંતુ પશ્ચિમ બંગાળમાં પાર્ટી સંપૂર્ણ બહુમતી સાથે સત્તામાં આવ્યા પછી તેમને રાજ્યમાંથી બહાર કાઢીશું.

અમિત શાહે સોમવારે પશ્ચિમ બંગાળના દક્ષિણ 24 પરગણા જિલ્લામાં ભારતીય જનતા પાર્ટી (BJP)ની પરિવર્તન યાત્રાને સંબોધિત કરતી વખતે આ વાતો કહી. હિંદુ શરણાર્થીઓની નાગરિકતા છીનવી લેવામાં આવશે નહીં. મમતા બેનર્જીની સરકાર સરહદોની સુરક્ષા કરવામાં નિષ્ફળ રહી છે. BJP સત્તામાં આવશે ત્યારે ઘૂસણખોરી અને ભ્રષ્ટાચાર બંને અટકશે. મમતા મંદિરોના ઉદ્ઘાટનમાં વ્યસ્ત હતી, જ્યારે રાજ્યમાં મસ્જિદ બનવા દેવામાં આવી રહી હતી. TMC નેતા હુમાયુ કબીર દ્વારા બાબરી મસ્જિદની તર્જ પર મસ્જિદ બનાવવાનો પ્રયાસ એક ષડયંત્રનો ભાગ હતો. BJPએ રાજ્યમાં પરિવર્તન લાવવા માટે પરિવર્તન યાત્રા શરૂ કરી છે. પરિવર્તનનો અર્થ માત્ર મુખ્યમંત્રી બદલવો જ નહીં, પરંતુ બંગાળને ઘૂસણખોરીથી મુક્ત કરવું, ભ્રષ્ટાચાર ખતમ કરવો, TMC સરકાર હટાવીને BJP સરકાર બનાવવી છે. સમગ્ર પશ્ચિમ બંગાળમાં કુલ 9 પરિવર્તન યાત્રાઓ કાઢવામાં આવી રહી છે. ચાર યાત્રાઓ પહેલાથી જ શરૂ થઈ ગઈ છે અને બાકીની અલગ-અલગ જિલ્લાઓમાંથી શરૂ થશે. દાયકાઓના સામ્યવાદી શાસન અને પછી TMC સરકારના કારણે બંગાળની સ્થિતિ ખરાબ થઈ છે. હવે સોનાર બાંગ્લાને ફરીથી બનાવવાનો સમય આવી ગયો છે. પરિવર્તન યાત્રા 2026ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીઓ પહેલાં એક મોટો રાજ્યવ્યાપી અભિયાન છે. તે 5,000 કિમીથી વધુનો પ્રવાસ કરશે.

### બંને દેશો ડિફેન્સ અને એનર્જી સેક્ટરમાં સહયોગ કરશે

## કેનેડા ભારતને યુરેનિયમ આપશે: પીએમ મોદી અને કાર્નીની મુલાકાત બાદ કરાર

• નવી દિલ્હી

વડાપ્રધાન મોદી અને કેનેડિયન PM માર્ક કાર્ની વચ્ચે સોમવારે સવારે હૈદરાબાદ હાઉસમાં મુલાકાત થઈ. PM નરેન્દ્ર મોદીએ કહ્યું- ભારત અને કેનેડા વચ્ચે રોકાણ-વેપાર ડીલ પર વાતચીત થઈ છે. સિવિલ ન્યુક્લિયર એનર્જીમાં, અમે યુરેનિયમના લાંબા ગાળાના પુરવઠા માટે એક ઐતિહાસિક કરાર કર્યો છે.બંને દેશો વચ્ચે ઘણા ક્ષેત્રો માટે MOU કરવામાં આવ્યા છે. આનાથી બંને દેશોમાં રોજગારની નવી તકો ઊભી થશે. આ ઉપરાંત અમે નાના મોડ્યુલર રિએક્ટર્સ અને અદ્યતન રિએક્ટર ટેકનોલોજીના વિકાસ પર સહયોગ કરીશું. કૃષિ, કૃષિ ટેકનોલોજી અને ખાદ્ય સુરક્ષામાં મૂલ્યવર્ધન કરવું પણ અમારા લક્ષ્યોમાં શામેલ છે.PMએ પશ્ચિમ એશિયામાં ઈરાન યુદ્ધને લઈને કહ્યું- પશ્ચિમ એશિયામાં તણાવથી ભારત ચિંતિત છે. ભારત વિશ્વમાં શાંતિ અને સ્થિરતા ઈચ્છે છે. દરેક સમસ્યાનો ઉકેલ વાતચીત દ્વારા શોધવો જોઈએ.પીએમએ આગળ કહ્યું- અમે આ વાત સાથે સહમત છીએ કે આતંકવાદ, ઉગ્રવાદ અને કટ્ટરતા ફક્ત આપણા બંને દેશો જ નહીં પરંતુ સમગ્ર માનવતા સામે ગંભીર પડકારો છે. વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે આ જોખમોનો સામનો કરવામાં આપણો ગાઢ સહયોગ આવશ્યક છે. વિવિધ વર્તમાન મુદ્દાઓ પર ભારતનું વલણ સ્પષ્ટ છે.ભારતમાં ભારત-કેનેડા પલ્સ પ્રોટીન ઉત્કૃષ્ટતા કેન્દ્ર સ્થાપિત કરવામાં આવશે. સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રમાં વધતો સહયોગ આપણા ઊંડા પરસ્પર વિશ્વાસ અને પરિપક્વ સંબંધોનું પ્રતીક છે. અમે સંરક્ષણ ઉદ્યોગો, દરિયાઈ ક્ષેત્ર જાગૃતિ અને સૈન્ય આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવા માટે કામ કરીશું.

## હોર્મુઝ બંધ નહીં થાય, પરંતુ પેટ્રોલ-ડીઝલ મોંઘા થઈ શકે છે: 4-5 ભાવ વધી શકે છે

**અમેરિકા-ઈરાન યુદ્ધની અસર; સોનું 30 હજાર વધવાની અપેક્ષા**

• નવી દિલ્હી

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું છે કે હાલમાં હોર્મુઝ જળમાર્ગને બંધ કરવાનો કોઈ ઈરાદો નથી. એક દિવસ પહેલા જ્યારે અમેરિકી હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેની માર્યા ગયા હતા, ત્યારે આશંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે ઈરાન હોર્મુઝને બંધ કરી શકે છે.જો હોર્મુઝ બંધ થાત તો ક્રૂડ ઓઈલના ભાવ 70 ડોલર પ્રતિ બેરલથી વધીને 120 ડોલર પ્રતિ બેરલ સુધી જઈ શકતા હતા. તેની અસર ભારતમાં પેટ્રોલ-ડીઝલ પર જોવા મળી શકતી હતી. જોકે, નિષ્ણાતો હજુ પણ માની રહ્યા છે કે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાનું જોખમ હજુ પણ યથાવત છે.

ઓઈલ ટેન્કર પર હુમલા: ઈરાન હોર્મુઝ જળમાર્ગને સત્તાવાર રીતે બંધ ન કરે, પરંતુ તે ઓઈલ ટેન્કરો પર હુમલા કરી શકે છે. તાજેતરમાં પર્શિયન ગલ્ફના મુખ પર ત્રણ જહાજો પર હુમલો પણ કરવામાં આવ્યો છે. આ હુમલા પછી ટેન્કર કંપનીઓ આ માર્ગથી દૂર થઈ રહી છે.જો ઈઝરાયેલ અને અમેરિકા સાથે ચાલી રહેલું આ યુદ્ધ લાંબુ ખેંચાય છે, તો આવા હુમલાઓ ભવિષ્યમાં પણ ચાલુ રહી શકે છે. આનાથી શિપિંગ કંપનીઓ તે માર્ગે જવાથી ડરશે અને માર્ગ તકનીકી રીતે ખુલ્લો હોવા છતાં ક્રૂડનો પુરવઠો અટકી જશે અને કિંમતો વધશે.વીમો અને શિપિંગ ખર્ચ: યુદ્ધ જેવી પરિસ્થિતિમાં દરિયાઈ માર્ગો પર જોખમ વધી જાય છે. આ કારણોસર, ક્રૂડ ઓઈલ લાવતા જહાજોનો 'વોર રિસ્ક ઈન્સ્યોરન્સ' અને શિપિંગ ભાડું મોંઘું થઈ જાય છે. આ વધેલો ખર્ચ અંતે ક્રૂડ ઓઈલની કિંમતોને ઉપર લઈ જાય છે. માર્કેટમાં ગભરાટ: વૈશ્વિક બજાર હંમેશા ભવિષ્યની આશંકાઓ પર ચાલે છે. જ્યાં સુધી મિડલ ઈસ્ટમાં તણાવ સંપૂર્ણપણે સમાપ્ત ન થાય, ત્યાં સુધી ક્રૂડ ઓઈલમાં તેજી રહી શકે છે.ભારતમાં પેટ્રોલ-ડીઝલ 4-5 રૂપિયા વધી શકે છે.પેટ્રોલ ડીઝલ: દિલ્હીમાં પેટ્રોલ 95 પ્રતિ લિટરથી વધીને 100 સુધી પહોંચી શકે છે. જ્યારે ડીઝલ 88થી વધીને 92 સુધી જઈ શકે છે. અન્ય શહેરોમાં પણ આ જ રીતે ભાવ વધી શકે છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# વિરાટ હિન્દુ સંમેલનમાં "હિન્દુ જાગશે તો વિશ્વ જાગશે"નો ગર્જનારો સંદેશ ગુંજ્યો




• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ દર્ભાવતીની પવિત્ર ધરતી ઉપર મહાવીર વસ્તી વિસ્તારમાં આવેલ તમાકુ વાગા ખાતે ૧લી માર્ચ ૨૦૨૬, રવિવારે સાંજે ભવ્ય અને શિસ્તબદ્ધ માહોલમાં આયોજિત વિરાટ હિન્દુ સંમેલનમાં "હિન્દુ જાગશે તો વિશ્વ જાગશે"નો ગર્જનારો સંદેશ ગુંજ્યો. સર્વ હિન્દુ સમાજના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા આ સંમેલનમાં સનાતન સંસ્કૃતિ, સનાતન ધર્મ, સામાજિક એકતા અને રાષ્ટ્રશક્તિના મંત્રને પ્રખર રીતે પ્રતિધ્વનિત કરવામાં આવ્યો. મોટી સંખ્યામાં ભક્તો, સમાજના આગેવાનો, યુવાનો અને મહિલાઓની ઉપસ્થિતિ વચ્ચે સમગ્ર કાર્યક્રમ ઉત્સાહ, શિસ્ત અને સંકલ્પના વાતાવરણમાં સંપન્ન થયો. કાર્યક્રમના મુખ્ય વક્તા માનસરોવરદાસજી બાપુએ પોતાના ઉર્જાસભર અને પ્રેરણાદાયી સંબોધનમાં હિન્દુ સમાજને આંતરિક ભેદભાવ, જાતિવાદ અને વિખવાદ ભૂલી સંગઠિત થવા, સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ જાગૃત કરવા તથા યુવા પેઢીને સનાતન મૂલ્યો અને સંસ્કારો સાથે જોડવા આહ્વાન કર્યું. તેમણે જણાવ્યું કે હિન્દુ સમાજની એકતા જ રાષ્ટ્રની સાચી શક્તિ છે અને સનાતન પરંપરા પર થતા પ્રહારો સામે મૌન નહીં, પરંતુ સજાગ અને સચેત પ્રતિસાદ આપવાનો સમય આવી ગયો છે.બાપુશ્રીએ ઉપસ્થિત જનમેદનીને સંકલ્પ અપાવ્યો કે સમાજમાં નૈતિકતા, સેવા, સંસ્કાર અને રાષ્ટ્રપ્રેમનો દીવો પ્રગટાવી હિન્દુ જાગૃતિને ગતિ આપવી જ આજની સૌથી મોટી ફરજ છે. કાર્યક્રમ દરમિયાન "હિન્દુ જાગશે તો વિશ્વ જાગશે"ના નાદથી સમગ્ર વાતાવરણ ગુંજતું રહ્યું.આ સંમેલનમાં વડોદરા જિલ્લાના સંઘવાચક તુલસીભાઈ પટેલ (ટી.પી. પટેલ), વિરલ દરજી સહિત અનેક આગેવાનો તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ડભોઈની ધરતી પરથી ઉદ્ભવેલો એકતા, જાગૃતિ અને સંસ્કારનો આ સંદેશ દૂર દૂર સુધી પ્રસરશે એવી વિશ્વાસપૂર્ણ લાગણી સાથે સંમેલન સફળતાપૂર્વક પૂર્ણ થયું.

# ઢીમા સ્થિત પ્રસિદ્ધ ધરણીધર ઠાકોરજી મંદિર ટ્રસ્ટ દ્વારા ગુજરાત બ્રહ્મ સમાજના આગેવાનોનું સન્માન

• સંજય પંડ્યા દ્વારા

બનાસકાંઠા જિલ્લાના ઢીમા ગામ ખાતે આવેલ પ્રસિદ્ધ ધરણીધર ઠાકોરજી મંદિર ટ્રસ્ટ દ્વારા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના આગેવાનોનું હાર્દિક સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજસેવા ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ સમાજના અધ્યક્ષ ડૉ. અશ્વિન ત્રિવેદી, મહામંત્રી દિનેશ રાવલ તેમજ ઉપાધ્યક્ષ રાકેશ પાઠકનું શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન મંદિર ટ્રસ્ટના પ્રતિનિધિઓએ મહેમાનોનું પરંપરાગત રીતે સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત આગેવાનોએ સમાજમાં એકતા, શિક્ષણ અને સેવા પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ પર ભાર મૂક્યો હતો. ડૉ. અશ્વિન ત્રિવેદીએ પોતાના સંબોધનમાં સમાજના સર્વાંગી વિકાસ માટે સહકાર અને સંકલન જરૂરી હોવાનું જણાવ્યું હતું.

**નિવૃત્ત** — શિક્ષક ક્યારેય નિવૃત્ત થતો જ નથી, તે હંમેશા પ્રવૃત જ રહે છેઃ ધારાસભ્ય, મુકેશ પટેલ

# સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટ પટેલનાં સ્વૈચ્છિક નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો

## ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ આયોજિત સ્વૈચ્છિક નિવૃત્તિ સન્માન સમારોહમાં રાજ્યભરમાંથી સંગઠનનાં હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં

• ઓલપાડ, તા,02

ઓલ ઈન્ડિયા પ્રાયમરી ટીચર્સ ફેડરેશનનાં કાઉન્સિલર, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં ઉપપ્રમુખ અને સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટ પટેલનાં સ્વૈચ્છિક નિવૃત્તિનાં અવસરે તેમનાં ભવ્યાતિભવ્ય સન્માન સમારોહનું આયોજન ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ યોજાયો હતો. કિરીટ પટેલની શિક્ષણ જગતમાં ૩૮ વર્ષની ગૌરવવંતી શૈક્ષણિક સફર અને સંગઠન ક્ષેત્રે અપ્રતિમ યોગદાન ઉપરાંત તેમની ઓલપાડ તાલુકાથી લઈને રાજ્ય સ્તર સુધી શિક્ષકોનાં હિત માટે નીડર અને ન્યાયસંગત ભૂમિકાનું ઋણ અદા કરવાનાં મંગલમય અવસરે જિલ્લાભરમાંથી શિક્ષક ભાઈ-બહેનો, નિવૃત્ત કર્મચારીઓ, સરપંચો, ગ્રામજનો, પરિવારજનો, મિત્રમંડળ, અધિકારીઓ-પદાધિકારીઓ સહિત વિવિધ તાલુકા, જિલ્લા તથા રાજ્ય શિક્ષક સંગઠનનાં હોદ્દેદારો મોટી સંખ્યામાં ઊમટી પડ્યાં હતાં.




માજી વન અને પર્યાવરણ મંત્રી અને ઓલપાડનાં ધારાસભ્ય મુકેશ પટેલનાં પ્રમુખસ્થાને યોજાયેલ આ કાર્યક્રમનું ઉદ્દઘાટન જળસંપત્તિ, પાણી પુરવઠા મંત્રી અને હાંસોટ-અંકલેશ્વરનાં ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રારંભે દીપ પ્રજ્વલન બાદ ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવ પટેલે સૌને શાબ્દિક આવકાર આપી કિરીટભાઈનો જીવન વૃતાંત રજૂ કર્યો હતો. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ પોતાનાં પ્રાસંગિક ઉદબોધનમાં કિરીટ પટેલની તાલુકાથી લઈ રાષ્ટ્રીય સ્તર સુધીની એક નીડર સંગઠન પ્રહરી તરીકેની નિઃસ્વાર્થ ભૂમિકાની સરાહના કરી હતી. મંત્રી ઈશ્વરસિંહ પટેલે પોતાનાં વક્તવ્યમાં તેમના સંઘર્ષથી સફળતા સુધીની યાત્રાને ઉજાગર કરી તેમને એક સારા મિત્ર ગણાવ્યા હતાં. બીજીતરફ સુરતનાં પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી અને માજી માધ્યમિક શિક્ષણ સચિવ ડી.એસ. પટેલે કિરીટ પટેલનું શિક્ષણ જગતનાં ધ્રુવ તારક ગણાવી તેમને પ્રાપ્ત થયેલ 'નેશનલ એવોર્ડ', 'રાજ્યપાલ એવોર્ડ' અને 'કર્મયોગી રોલ મોડેલ એવોર્ડ' જેવાં અનેક સન્માનોની બાબતને બિરદાવી હતી. આ તકે ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ તથા સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કિરીટ પટેલ પુષ્પગુચ્છ અર્પણ કરી શાલ ઓઢાડી સન્માનપત્ર અને સ્મૃતિભેટ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. આ અભૂતપૂર્વ અવસરે ઉપસ્થિત ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટે વિશાળ જનમેદની સમક્ષ કિરીટ પટેલને ખેસ પહેરાવી જણાવ્યું હતું કે અમારા રાજકીય નેતૃત્વમાં નવું મોરપિંચ્છ ઉમેરાયું છે જેનો અમને ગર્વ સાથે આનંદ છે. સમારોહનાં પ્રમુખસ્થાને બિરાજમાન ઓલપાડનાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલે પોતાનાં મનનીય પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે શિક્ષક ક્યારેય નિવૃત્ત થતો જ નથી, તે હંમેશા પ્રવૃત જ રહે છે તેથી તો તેનાં ચહેરાની ચમક બધાંથી અલગ જ હોય છે. આજે આપણે સૌ કિરીટ પટેલને નિવૃત્તિની નહીં બલ્કે પુનઃ પ્રવૃત્તિ માટેની શુભેચ્છા પાઠવવા એકત્રિત થયાં છીએ. આ બહુમુખી પ્રતિભાનાં બહુમાનમાં સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિની પટેલ, જિલ્લાઓ પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.અરૂણકુમાર અગ્રવાલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં પ્રાચાર્ય હિરેન વ્યાસ, ગુજરાત રાજ્ય કર્મચારી મહા મંડળનાં પ્રમુખ સતીષ પટેલ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી જૈમિન પટેલ તથા સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી અરવિંદ ચૌધરી ઉત્સાહપૂર્વક સહભાગી થયાં હતાં. પોતાનાં પ્રતિભાવમાં ભીની આંખે કિરીટ પટેલ તેમની સમગ્ર પ્રગતિનો શ્રેય તેમની સ્વર્ગસ્થ ધર્મપત્ની શિલ્પાબેનને સમર્પિત કર્યો હતો. અંતમાં સેવામૂર્તિની સ્વૈચ્છિક નિવૃત્તિને યાદગાર બનાવવા તાલુકાનાં શિક્ષણ આલમે ડીજેનાં તાલ સાથે વાજતગાજતે કિરીટ પટેલને બગીમાં સવાર કરી તેમનાં માદરેવતન સ્યાદલા સુધી ભાવભીની વિદાય આપી હતી.

## વાઈરલ વીડિયોમાં ડોક્ટર દર્દીના ખાટલા ઉપર સૂતો જોવા મળ્યો છે

# મણિનગરમાં આવેલ LG હોસ્પિટલમાં ડોકટર દર્દીના ખાટલામાં સૂઈ ગયા : હોસ્પિટલ તંત્રએ તપાસના આદેશ

**ડોક્ટર દર્દીના ખાટલમાં સૂઈ ગયા** — ડોક્ટર ઉપરાંત હોસ્પિટલના સ્ટાફના બે લોકો પણ સુતા હોવાનું સામે આવ્યું છે

• અમદાવાદ

અમદાવાદની એલજી હોસ્પિટલમાં બે ડોક્ટરો અને સર્વન્ટ તેમજ ટેકનીશીયન કેજ્યુલટી વિભાગમાં સુતા હોવા અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. વાઈરલ વીડિયોમાં ડોક્ટર દર્દીના ખાટલા ઉપર સૂતો જોવા મળ્યો છે. ડોક્ટર ઉપરાંત હોસ્પિટલના સ્ટાફના બે લોકો પણ સુતા હોવાનું સામે આવ્યું છે. વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા એલજી હોસ્પિટલ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે તપાસ શરૂ કરવામાં આવી છે. જે વીડિયો વાઈરલ થયો છે તે કેજ્યુલટી વિભાગના અલગ અલગ જે રૂમ આવેલા છે તેમાંના એક રૂમનો હોવાનું સામે આવ્યું છે. એલજી હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગમાં શનિવારે રાત્રે ઓપરેશન હતું, જે પૂર્ણ કર્યા બાદ કેટલાક ડોક્ટરો નીચે ગયા હતા અને કેટલાક ડોક્ટરો ત્યાં દર્દીઓના ખાટલામાં સૂતા હતાં.



જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

ડોક્ટર અને અન્ય સ્ટાફ દર્દીના ખાટલામાં સુતા હોય એવું લાગી રહ્યું છેઃ સુપ્રિટેન્ડેન્ટ

એલજી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. લીના ડાભીએ જણાવ્યું હતું કે જે વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે જે કેજ્યુલટી વિભાગના અલગ અલગ રૂમમાં આવેલા છે તેમાના એક રૂમનો હોઈ શકે છે. એલજી હોસ્પિટલમાં હાલમાં રીનોવેશનની કામગીરી ચાલી રહી છે જેથી ડ્યુટી રૂમ નથી તેના કારણે ડોક્ટર અને અન્ય સ્ટાફ દર્દીના ખાટલામાં સુતા હોય એવું લાગી રહ્યું છે.જોકે દર્દીના ખાટલામાં સ્ટાફ સુઈ શકે નહીં જેથી આ સમગ્ર મામલે હાલ તપાસ શરૂ કરવામાં આવી છે બપોર બાદ ડોક્ટર અને અન્ય સ્ટાફને બોલાવીને પૂછપરછ કરી કાર્યવાહી કરાશે. 'રાત્રે ઓપરેશન હતું, જે પૂર્ણ કર્યા બાદ કેટલાક ડોક્ટરો નીચે ગયા હતા'

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હોસ્પિટલ કમિટીના ચેરમેન ભરત કાકડીયાએ જણાવ્યું હતું કે, એલજી હોસ્પિટલના ઓર્થોપેડિક વિભાગમાં શનિવારે રાત્રે ઓપરેશન હતું, જે પૂર્ણ કર્યા બાદ કેટલાક ડોક્ટરો નીચે ગયા હતા અને કેટલાક ડોક્ટરો ત્યાં દર્દીઓના ખાટલામાં સૂતા હતાં. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

# ડભોઈ તંત્રની ઘોર બેદરકારી સોમપુરા-ભૂમસિયા માર્ગ પર ડાયવર્ઝનના અભાવે ગ્રામજનો જીવના જોખમે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તંત્રની ઘોર બેદરકારી સોમપુરા-ભૂમસિયા માર્ગ પર ડાયવર્ઝનના અભાવે ગ્રામજનો જીવના જોખમે રસ્તો ઓળંગવા ગામજનો મજબૂર ડભોઈઃ સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા મુખ્ય હાઈવે પર ડભોઈ તાલુકાના સોમપુરા અને ભૂમસિયા ગામ વચ્ચે બનેલો નવો માર્ગ અત્યારે આશીર્વાદને બદલે આફત સમાન સાબિત થઈ રહ્યો છે. રોડ બની ગયો હોવા છતાં યોગ્ય આયોજન અને ડાયવર્ઝનના અભાવે અહીં અકસ્માતનો ભય સતત તોળાઈ રહ્યો છે મુખ્ય સમસ્યાઓ અને ગ્રામજનોનો આક્રોશઃનવો રોડ પણ અધૂરું આ યો જનઃ સોમપુરા થી ભૂમસિયા સુધીનો નવો રોડ તો બનાવી દેવાયો છે, પરંતુ તેને સ્ટેટ હાઈવે સાથે જોડવા માટે કોઈ સલામત ડાયવર્ઝન કે કટ આપવામાં આવ્યો નથી.



રોંગ સાઈડનો જોખમી પ્રવાસઃ સત્તાવાર ડાયવર્ઝન અંદાજે 1 કિલોમીટર દૂર હોવાથી, સમય બ ચા વવા લોકો રોંગ સાઈડમાં વાહનો ચલાવવા મજબૂર બન્યા છે, જેના કારણે ભૂતકાળમાં નાના-મો ટા અકસ્માતો પણ સર્જાયા છે.વિદ્યાર્થીઓ અને 108 ની હાલાકીઃ આ જોખ મી માર્ગને કારણે શાળાએ જતા વિદ્યાર્થીઓ અને ઈમરજન્સી સેવાની 108 એમ્બ્યુલન્સને પણ ભારે મુ શ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.તંત્રની ઉદાસીનતાઃ

સોમપુરા ગામના સરપંચ અને ત લાટી છેલ્લા 6 મહિનાથી સ્ટેટ હાઈવેના અધિકારીઓને લેખિત અને મૌખિક રજૂઆત કરી રહ્યા છે. તેમ છતાં, તંત્ર જાણે કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું હોય તેમ હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. જો અહીં કોઈ મોટી દુર્ઘટના થશે અથવા કોઈનો જીવ જશે, તો તેનો જવાબદાર કોણ? શું અધિકારીઓ માત્ર કાગળ પર જ આયોજન કરશે કે પછી ગ્રાઉન્ડ પર આવીને લોકોની પીડા જોશે

હવે જોવાનું એ રહ્યું કે અહેવાલો અને ગ્રામજનોના આક્રોશ બાદ નિંભર તંત્ર ક્યારે જાગે છે અને અહીં સલામત ડાયવર્ઝનનું નિર્માણ ક્યારે થાય છે.

# પંચાલ જન જાગૃતિ સંગઠન વડોદરા દ્વારા "શ્રેષ્ઠ પુત્રવધૂ એવોર્ડ"નું ભવ્ય આયોજન

## સુરેશભાઈ સોની ના પરિવારની બે પુત્રવધુએ સમાજનું ગૌરવ વધાર્યું

• ફકીરા ખત્રી ડભોઈ

વડોદરા શહેરમાં પંચાલ જન જાગૃતિ સંગઠન દ્વારા તા. ૧/૩/૨૦૨૬, રવિવારના રોજ સુભાનપુરા વિસ્તાર સ્થિત શ્રી જલારામ મંદિર ખાતે "શ્રેષ્ઠ પુત્રવધૂ એવોર્ડ" કાર્યક્રમનું ભવ્ય આયોજન પંચાલ જન જાગૃતિ સંગઠન ના પ્રમુખ શ્રી જીજ્ઞેશ ભાઈ પંચાલ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં વિશ્વકર્મા ભગવાનના પાંચ પુત્રોમાંથી એક એવા સોની સમાજના સભ્યોને પણ એન્ટ્રી આપવામાં આવી હતી. અંદાજે ૨૦૦ જેટલા પરિવારોની પુત્રવધૂઓએ ફોર્મ ભરી ભાગ લીધો હતો. તેમાંમાંથી "ટોપ ૧૫" એન્ટ્રીને એવોર્ડ અને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા, જ્યારે બાકીની તમામ ભાગ લેનાર બહેનોને આશ્વાસન ગિફ્ટ અને સન્માનપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.સ્ત્રીઓના સન્માન અને પ્રોત્સાહન માટે આયોજિત આ અનોખી પહેલ બદલ સંસ્થાને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન સોની સમાજના



પરિવારની બે પુત્રવધૂઓ –

કેયુરી મિતેશ સોની (સંયુક્ત પરિવારમાં ૧૪ વર્ષથી નિવાસ) અને

એકતા હરિકૃષ્ણ સોની (સંયુક્ત પરિવારમાં ૦૯ વર્ષથી નિવાસ)

"ટોપ ૧૫"માં પસંદગી પામી એવોર્ડ અને સન્માનપત્રથી સન્માનિત થયા હતા. આ સિદ્ધિ બદલ સમાજમાં ગર્વની લાગણી વ્યક્ત કરવામાં આવી અને સંસ્થાનો આભાર માનવામાં આવ્યો.

આ પ્રસંગે અંદાજે ૮૦૦ જેટલા લોકોએ હાજરી આપી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. અંતે સર્વે મહેમાનો ભોજન પ્રસાદ ગ્રહણ કરી વિદાય લીધા હતા.

# ન્યુ વિરમગામ હિન્દુ એકતા સમિતિ દ્વારા પંચમુખી વિસ્તારમાં દિવ્ય હિન્દુ સંમેલન યોજાયું




ન્યુ વિરમગામ હિન્દુ એકતા સમિતિ દ્વારા પંચમુખી વિસ્તારમાં દિવ્ય હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં પંચમુખી વિસ્તારના રહેવાસીઓ જોડાયા હતા.જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે નાના બાળકો દ્વારા વેશભૂષા કરવામાં આવી હતી તેઓને હિન્દુ એકતા સમિતિ દ્વારા પ્રોત્સાહિત ભેટ આપવામાં આવી હતી. આ સંમેલનમાં પ્રખર ગૌભક્ત એવા ચૈતન્ય શંભુ મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. ચૈતન્ય શંભુ મહારાજ દ્વારા સામાજિક સમરસતા માટે સમાજને એક થવાનું આહવાન કરવામાં આવ્યું હતું. અન્ય વક્તા ડો. કોમલબેન ચાવડા જે ગર્ભ સંસ્કારના નિષ્ણાંત છે તેમના દ્વારા કુટુંબપ્રબોધન, ગર્ભધારણ સંસ્કાર અને લવજેહાદ જેવા વિષયો પર વાત કરવામાં આવી હતી. કાર્યક્રમને અંતે વધેલ દાનની રકમને પંચમુખી હનુમાનદાદાના મંદિરમાં અપર્ણ કરવામાં આવી હતી.

## પોલીસ બંદોબસ્તઃ તમામ ઘાટ પર ચુસ્ત પોલીસ પહેરો ગોઠવી દેવામાં આવ્યો છે

# ડભોઈ તાલુકાના હોળી-ધૂળેટીના પર્વે નર્મદામાં ચાણોદ અને કરનાળી સ્નાન પર સખત પ્રતિબંધ

• ફકીરા ખત્રી ડભોઈ

આગામી હોળી અને ધૂળેટીના તહેવારો દરમિયાન નર્મદા નદીમાં ડૂબી જવાની સંભવિત દુર્ઘટનાઓ રોકવા માટે વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રસિદ્ધ તીર્થક્ષેત્ર ચાંદોદ અને કરનાળી ખાતે નર્મદા નદીના વિવિધ ઘાટો પર સ્નાન કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. પ્રતિબંધની વિગતોઃતારીખઃ 3 માર્ચ અને 4 માર્ચ (હોળી-ધૂળેટીના દિવસો)

સ્થળઃ દક્ષિણ પ્રયાગ તીર્થધામ ચાંદોદ અને કરનાળીના તમામ મુખ્ય ઘાટ. કયા ઘાટ પર પ્રતિબંધ રહેશે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના



જાહેરનામા મુજબ નીચે મુજબના સ્થળોએ નદીમાં ઉતરવા કે નાહવા પર રોક લગાવવામાં આવી છે ચાંદોદઃ મલ્હારરાવ ઘાટ, કપિલેશ્વર ઘાટ, માળી કુંડળ ઘાટ, ચક્રપાણી ઘાટ અને પવિત્ર ત્રિવેણી સંગમ.કરનાળીઃ મહાકાળી ઘાટ, કુબેરેશ્વર ઘાટ, સોમનાથ ઘાટ સહિતના તમામ કિનારાઓ. તંત્રની કડક કાર્યવાહી અને ચેતવણી ભૂતકાળમાં તહેવારો દરમિયાન નદીમાં ડૂબી જવાથી અનેક આશાસ્પદ યુવાનોએ જીવ ગુમાવ્યા છે, જેને ધ્યાનમાં રાખીને આ તકેદારીના પગલાં લેવાયા છે.

પોલીસ બંદોબસ્તઃ તમામ ઘા ટ પર ચુસ્ત પોલીસ પહેરો ગોઠવી દેવામાં આવ્યો છે.

કાયદાકીય પગલાંઃ જો કોઈ વ્યક્તિ જાહેરનામાનું ઉલ્લંઘન કરશે, તો તેની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) મુજબ કડક ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે વહીવટી તંત્રની અપીલઃ 'તહેવારની ખુશી માતમમાં ન ફેરવાય તે માટે શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ નદીના ઊંડા પાણીમાં ન ઉતરે અને તંત્રને સહકાર આપે.'

# એમ.કે.શાહ મેડિકલ કોલેજની બોયઝ હોસ્ટેલના રૂમમાં જિંદગી ટૂંકાવી

### મેડિકલ સ્ટુડન્ટે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી, કારણ અકબંધ




• અમદાવાદ

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં SMS હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલી ડો. એમ.કે. શાહ મેડિકલ કોલેજની બોયઝ હોસ્ટેલમાં અભ્યાસ કરતા 26 વર્ષીય વિદ્યાર્થી દ્વારા ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેવામાં આવી છે. રવિવારે વહેલી સવારે બોયઝ હોસ્ટેલના તેના સાથી મિત્રને જાણ થઈ હતી. રૂમમાં સીલીંગ ફેન પર દોરી વડે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. ચાંદખેડા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી છે. હોસ્ટેલના રૂમમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ લીધોમળતી માહિતી મુજબ મૂળ જામનગરનો રહેવાસી અને અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં SMS હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલી ડો. એમ.કે. શાહ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા ચિંતન પરમાર નામના 26 વર્ષીય યુવકે શનિવારે મોડી રાત્રે અથવા રવિવારે વહેલી સવારે બોયઝ હોસ્ટેલમાં પોતાના રૂમમાં સીલીંગ ફેન પર નાયલોનની દોરી વડે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ચિંતનનો સાથી મિત્ર પાર્થ જ્યારે આવ્યો ત્યારે તેને જાણ થઈ હતી કે,તેણે ગળેફાંસો ખાધો છે જેથી તેને તાત્કાલિક હોસ્ટેલના વોર્ડનને જાણ કરી હતી તેઓ દોડી આવ્યા હતા અને તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

SMS હોસ્પિટલ ખાતે ઈમરજન્સી વોર્ડમાં તેને દાખલ કરી અને બચાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ તે બચી શક્યો નહોતો જેથી એક કલાકમાં જ તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.આ બાબતે ચાંદખેડા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. યુવકના પરિવારજનોને પણ જાણ કરવામાં આવી હતી તેઓ પણ અમદાવાદ આવી ગયા હતા. ચાંદખેડા પોલીસે અકસ્માત નોંધી મૃતક ચિંતન પરમારે શા માટે આપઘાત કર્યો તે અંગેની તપાસ શરૂ કરીછે.

**દરોડો** થોડા મહિના પહેલા જ દહેગામના બહિયલ ગામમાં કોમી હિંસા ફાટી નીકળી હતી

# દહેગામના બહિયલમાંથી 20 કિલો ગૌમાંસ સાથે ત્રણ ઝડપાયા:સ્થાનિકોના હોબાળા બાદ પોલીસનો દરોડો

### ઘરમાં કતલખાનું ચાલતું હોવાની માહિતીના પગલે સ્થાનિકોએ હોબાળો મચાવતા પોલીસે ઘર પર દરોડો પાડ્યો હતો

• ગાંધીનગર

થોડા દિવસ પહેલા જ કોમી હિંસાના કારણે ચર્ચામાં આવેલા ગાંધીનગરના દહેગામ તાલુકાના બહિયલ ગામમાં ઘરમાં ધમધમતા કતલખાના પર દરોડો પાડી પોલીસે 20 કિલો ગૌમાંસ સાથે ત્રણ શખસોને ઝડપી પાડ્યા છે. ઘરમાં કતલખાનું ચાલતું હોવાની માહિતીના પગલે સ્થાનિકોએ હોબાળો મચાવતા પોલીસે ઘર પર દરોડો પાડ્યો હતો. જ્યાંથી પોલીસે ગૌમાંસના અવશેષો મળી આવ્યા હતા. પોલીસે આરોપીઓની પૂછપરછ કરતા એક યુવક વાછરડું આપી ગયો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બહિયલના ગુજરાત કાંટા નજીકના ઘરમાંથી ગૌમાંસ ઝડપાયું

થોડા મહિના પહેલા જ દહેગામના બહિયલ ગામમાં કોમી હિંસા ફાટી નીકળી હતી. આ ઘટનાની ગંભીરતા પારખીને ખુદ ગૃહ મંત્રી હર્ષ સંઘવી



ગામમાં દોડી ગયા હતા. અને ફરીવાર કોમી સુલેહ શાંતિનો ભંગ થાય નહિ માટે કાયદો વ્યસ્થા જાળવવામાં કોઈ કચાસ નહીં રાખવા પોલીસને કડક શબ્દોમાં સૂચના આપી હતી. તો વિધાનસભામાં પણ બહિયલમાં PI કક્ષાના પોલીસ મથકની મંજૂરી આપી દેવાઈ છે .ત્યારે ગામમાં સતત પેટ્રોલિંગ અને બાઝ નજર રાખવાની સૂચનાઓ હોવા છતાં પોલીસના નાક નીચે ત્રણ શખ્સોએ ગૌવંશનું કતલ કરી નાખ્યું હોવાની ઘટના ઘટી ચુકી છે.બહિયલ ગામમાં ગુજરાત કાંટાની પાસે રહેતા સાદાબ સજ્જાદભાઈ મલેકે ઘરને જ કતલખાનું બનાવી દીધું હતું. આની બુમરાણ ઉઠતા પોલીસ સાદાબના ઘરે દોડી ગઈ હતી.જ્યાં ઘરનો મુખ્ય અને પાછળનો દરવાજો અંદરથી બંધ હતો. પરંતુ ઘરમાં કટીંગનો સ્પષ્ટ સંભળાઈ રહ્યો હોવાથી પોલીસે દરવાજો ખોલાવ્યા હતો.જોકે ત્યાં સુધી બહુ મોડું થઈ ગયું હતું. ઘરના પાછળના રૂમમાં વચ્ચે પાથરણામા માંસ પડેલ હતુ અને ત્યાં માસુમ દેખાતા ત્રણ ઈસમો છરીઓ સાથે મળી આવ્યા હતા. જેના પગલે ત્રણેયની કડકાઈથી પૂછતાછ કરતાં બહિયલ ગામનો જ સાહિદ હનીફભાઈ અરબ ગાયનું વાછરડું આપી ગયો હોવાની ચોંકાવનારી કબૂલાત કરી હતી. ત્યારે પોલીસે ગૌમાંસના જથ્થાનો નાશ કરી ત્રણેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લોકોના ટોળા એકઠા થઈ જતાં પોલીસે માંસ અને આરોપી પોલીસ સ્ટેશન લઈ ગઈ

આ ઘટનાના પગલે ગ્રામજનો પણ મોટી સંખ્યામાં એકઠા થઈ રોષની લાગણી વરસાવી રહ્યા હતા. ત્યારે સ્થિતિ વણસે એ પહેલા તાત્કાલિક લોડીંગ રિક્ષા મંગાવી માંસનો જથ્થો સહિતના મુદ્દામાલ સાથે ત્રણેય શખ્સોને પોલીસ બહિયલ આઉટ પોસ્ટ લઈ ગઈ હતી.

બાદમાં ત્રણેયની પૂછતાછમાં તેમણે પોતાના નામ સાદાબ સજ્જાદભાઈ મીરૂમીયા મલેક (ઉ.વ.19), મોઈન મુસ્તાકભાઈ ઉર્ફે મુસ્તુફામીયા ઈબ્રાહીમભાઈ સિપાઈ (ઉ.વ.21) અને મહંમદપરવેજ જાકીરહુસેન નજીરહુસેન કુરેશી (ઉ.વ.19) હોવાનું જણાવ્યું હતું. ત્યારે પશુ ચિકિત્સક પાસે માંસના જથ્થાનું પરીક્ષણ કરાવતા ગૌમાસ હોવાનું પુરવાર થયું હતું.

જેના પગલે ત્રણેયની કડકાઈથી પૂછતાછ કરતાં બહિયલ ગામનો જ સાહિદ હનીફભાઈ અરબ ગાયનું વાછરડું આપી ગયો હોવાની ચોંકાવનારી કબૂલાત કરી હતી. ત્યારે પોલીસે ગૌમાંસના જથ્થાનો નાશ કરી ત્રણેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કેનાલમાં ખાબકેલી મહિલાને બચાવાઈ

# નભોઈ પાસે કેનાલમાં ઝંપલાવનાર મહિલાનું રેસ્ક્યુ: હોળીના તહેવાર પર જાનહાનિ ટળી

**જાનહાનિ ટળી** મહિલાને સુરક્ષિત રીતે બહાર કાઢીને અડાલજ પોલીસને જાણ કરાઈ

• ગાંધીનગર :

આજરોજ 2 માર્ચે બપોરે ગાંધીનગરના નભોઈ પાસેની નર્મદા કેનાલમાં અકસ્માતે ખાબકેલી 53 વર્ષીય મહિલાને ફરજ પર હાજર ફાયર જવાનોએ ત્વરિત કાર્યવાહી કરી બચાવી લીધી હતી. ઉલ્લેખનીય છેકે હોળી ધુળેટીના પર્વને લઈ 2થી 4માર્ચ સુધી 26 ટીમો સાબરમતી નદી અને નર્મદા કેનાલના વિવિધ 11 જેટલા સંવેદનશીલ પોઈન્ટ્સ પર સવારે 9થી રાત્રે 8 વાગ્યા સુધી સતત મોનિટરિંગ કરી રહી છે.

હોળી અને ધુળેટીના પવિત્ર પર્વની ઉજવણી દરમ્યાન કોઈ અનિચ્છનીય ઘટના ઘટે નહીં માટે ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેશ પટેલના માર્ગદર્શન હેઠળ ગોઠવવામાં



આવેલા વિશેષ બંદોબસ્તને કારણે નર્મદા કેનાલમાં ખાબકેલી મહિલાને ગણતરીની મિનિટોમાં સહી-સલામત બહાર કાઢી લેવામાં આવી હતી. મહિલાને સુરક્ષિત રીતે બહાર કાઢીને અડાલજ પોલીસને જાણ કરાઈઆજે બપોરે આશરે નભોઈ પાસે પસાર થતી નર્મદા કેનાલમાં એક 53 વર્ષીય મહિલા અકસ્માતે ખાબક્યા હતા. દરમિયાન ધુળેટીના બંદોબસ્ત માટે ત્યાં અગાઉથી જ તૈનાત ફાયર વિભાગના જવાનો મયુરધ્વજસિંહ ચાવડા, હર્ષિલ સાધુ અને વનરાજસિંહ ગોહિલે ક્ષણભરનો પણ વિલંબ કર્યા વગર કેનાલમાં ઝંપલાવ્યું હતું. અને ભારે જહેમત બાદ મહિલાને સુરક્ષિત રીતે બહાર કાઢી અડાલજ પોલીસને સોંપવામાં આવ્યા હતા.

હોળી ધૂળેટીના તહેવારો દરમિયાન જળાશયોમાં ન્હાવા પડતા લોકો ડૂબી જવાની ઘટનાઓ અવારનવાર બનતી હોય છે. આ જોખમને ધ્યાનમાં રાખીને ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેશ પટેલે જણાવ્યું હતું કે, રંગોનો આ તહેવાર કોઈ માતમમાં ના પરિણમે તે માટે 26 સ્પેશિયલ ટીમો બનાવવામાં આવી છે. 2થી 4 માર્ચ સુધી સવારે 9થી રાત્રે 8 વાગ્યા સુધી અમારા જવાનો સતત પેટ્રોલીંગ અને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

નદી અને કેનાલના વિવિધ વિસ્તારોમાં કુલ 52 જવાનો તૈનાત ગાંધીનગરના સાબરમતી નદી અને કેનાલના વિવિધ વિસ્તારોમાં કુલ 52 જવાનો તૈનાત કરાયા છે. જેમાં સેક્ટર 30 બ્રિજ, સંત સરોવર, કોટેશ્વર મહાદેવ, શાહપુર બ્રિજ, ગિફ્ટ સિટી સિગ્નેચર બ્રિજ, ભાટ ટોલ પ્લાઝા, ધોળેશ્વર મહાદેવ, કરાઈ સાયફન, નભોઈ બ્રિજ, સુઘડ અને ઝુંડાલ નર્મદા કેનાલ પર જવા જવાનો ફરજ બજાવી રહ્યા છે.

# પૂર્વ MLA હિંમતસિંહના ભાણિયાએ દારુ પીને ગાડી ચલાવી અકસ્માત કર્યો

### મણિનગરમાં યુથ કોંગ્રેસના પૂર્વ શહેર પ્રમુખે બે વાહનને ટક્કર મારી

• અમદાવાદ

અમદાવાદ શહેરના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ શહેર પ્રમુખ હિંમતસિંહ પટેલનો ભાણિયો વિશાલ ગુર્જર ગત(1 ફેબ્રુઆરી) રાત્રે દારૂ પીધેલી હાલતમાં ઝડપાયો હતો. મણિનગર પોલીસ સ્ટેશન પાસે વિશાલ ગુર્જરે દારૂ પીધેલી હાલતમાં ગાડી ચલાવી બે વાહનોને ટક્કર મારી હતી. લોકોના ટોળાએ વિશાલને મેથીપાક આપીને પોલીસને સોંપ્યો હતો.વિશાલ ગુર્જર યુથ કોંગ્રેસનો શહેર પ્રમુખ પણ રહી ચૂક્યો છે. જે ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

દારૂના નશામાં કાર ચાલકે અકસ્માત કર્યો. મણિનગર પોલીસ સ્ટેશન પાસે સીટી કોર્નર હોટલની બાજુમાં રાતે એક વર્ના ગાડીએ બે વાહનોને ટક્કર મારી હતી.જેમાં એક ગાડી પર લિસોટા પડ્યા હતા.જ્યારે એક્ટિવા નીચે પડતા નુકસાન થયું હતું.અકસ્માત બાદ લોકોના ટોળા ભેગા થયા હતા. લોકોએ અકસ્માત કરનાર વર્ના કારના ચાલકને ગાડીમાંથી બહાર કાઢ્યો ત્યારે કાર



ચાલક દારૂ પીધેલી હાલતમાં જોવા મળ્યો હતો.હિંમતસિંહ પટેલના ભાણિયાએ દારૂ પીને કાર ચલાવી અકસ્માત કર્યો અકસ્માત કરનાર વર્ના ગાડીમાં બ્લેક ફિલ્મ લાગેલી હતી એટલું જ નહીં કારમાં આગળની તરફ NSUIની પ્લેટ પણ લાગેલી હતી.આ કારચાલક બીજું કોઈ નહીં, પરંતુ કોંગ્રેસના પૂર્વ શહેર પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય હિંમતસિંહ પટેલનો ભાણિયો અને યુથ કોંગ્રેસનો પૂર્વ શહેર પ્રમુખ વિશાલ ગુર્જર હતો.

વિશાલ ગુર્જરને લોકોએ ગાડીમાંથી બહાર કાઢીને મેથીપાક આપ્યો વિશાલ ગુર્જરને લોકોએ ગાડીમાંથી બહાર કાઢીને મેથીપાક પણ આપ્યો હતો.આ દરમિયાન મણિનગર પોલીસ સ્ટેશન નજીક હોવાથી મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઇ વાય.જે રાઠોડ પણ સ્થળ પર પહોંચ્યા હતા અને આરોપીને છોડાવ્યો હતો.આરોપીએ નશાની હાલતમાં પીઆઈ સાથે પણ ગેરવર્તણુક કરી હતી.જે ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

# ગીતા મંદિર પાસે દારુના નશામાં ધૂત યુવકે મહિલાની છેડતી કરી

### પોલીસ આરોપીને દાણીલીમડા પોલીસ સ્ટેશન લઇ જતા મધરાતે ટોળાએ પોલીસ સ્ટેશન ઘેરી હંગામો મચાવ્યો

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં જાહેરમાં છેડતીના બનાવો વધતા મહિલાઓની સલામતી જોખમાઈ રહી હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં ગીતા મંદિર પાસે દારુના નશામાં ધૂત યુવકે મહિલાની છેડતી કરી હતી પોલીસ આરોપીને દાણીલીમડા પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી જ્યાં મધરાતે ટોળાએ પોલીસ સ્ટેશન ઘેરી લઈને હંગામો મચાવ્યો હતો. એટલું જ નહી આરોપી અને હોમગાર્ડ જવાનને પોલીસ સ્ટેશનમાં માર માર્યો હતો. ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં નોકરી કરતા ઈમરાનખાન મકરાણીએ દાણીલીમંડા પોલીસ સ્ટેશનમાં શાહીલ સૈયદ સહિત ૧૦૦ લોકો સામે ફરિયાદ નોંધાવી છે ક ગઈકાલે રાતે બહેરામપુરામાં રહેતો યુવકે દારુ પીધેલી હાલતમાં ગીતા મંદિર વિસ્તારમાં રોડ ઉપર ઉભો હતો તેણે મહિલાઓને રોકીને તેમની સાથે તકરાર કરીને છેડતી કરી હતી જેના કારણે લોકો તેને માર મારતા હતા.આ સમયે ફરિયાદી પોલીસની ગાડી લઈને ત્યાંથી પસાર થતાં હતા




તેઆ આરોપીને પોલીસની ગાડીમાં બેસાડીને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા જ્યાં ૧૦૦ વધુ લોકાના ટોળાએ પોલીસ સ્ટેનશને ઘેરી લીધું હતુ અને આરોપીને ઈસકો બહાર નિકાલો ઓર માર ડાલો કહીને બુમો પાડીને હંગામો મચાવીને પોલીસ સ્ટેશનમાં આરોપી ઉપર હુમલો કર્યો હતો છોડાવવા વચ્ચે પડેલા હોમગાર્ડ જવાનને પણ લોકોએ માર માર્યો હતો. આ બનાવ અંગે દાણીલીમડા પોલીસે ૧૦૦ લોકાના ટોળા સામે રાયોટિગ તથા હત્યાની કોશિષનો ગુનો નોંધી ચાર લોકોની ધરપકડ કરી હતી.

## નિકોલમાં માસૂમ સાથે અડપલાં કરનાર વૃદ્ધ ઝડપાયો, માતાએ Live CCTVમાં કરતૂત જોઈ દીકરીને ઉગારી



• અમદાવાદ

અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે, જેમાં દાદાની ઉંમરના એક 65 વર્ષીય વૃદ્ધે નવ વર્ષની માસૂમ બાળકી સાથે શારીરિક અડપલાં કર્યા હતા. વિશ્વાસના સબંધને કલંકિત કરતી આ ઘટનામાં નિકોલ પોલીસે ગણતરીના કલાકોમાં વૃદ્ધની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. મળતી માહિતી અનુસાર, ભોગ બનનાર બાળકીની માતા નિકોલ વિસ્તારની એક દુકાનમાં કામ કરે છે. આરોપી વૃદ્ધ પણ આ જ દુકાનમાં સાથે કામ કરતો હતો. પરિચિત હોવાને કારણે અને એક જ જગ્યાએ કામ કરતા હોવાને લીધે પરિવારનો તેના પર વિશ્વાસ હતો. જ્યારે માતા દુકાનદાર સાથે કામથી બહાર ગઈ હોવાથી બાળકી દુકાનમાં એકલી હતી.

### ઋતુરાજ દેસાઈ બન્યા GAS એસોસિએશન પ્રમુખ

# વાર્ષિક સભામાં નવા હોદ્દેદારોની વરણી અને GASA એપ લોન્ચ કરાઈ

• ગાંધીનગર

ગાંધીનગર ખાતે 01 માર્ચના રોજ 'ગુજરાત વહીવટી સેવા એસોસિએશન' (GAS) ની વાર્ષિક સામાન્ય સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સંગઠનને મજબૂત બનાવવા માટે નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

એસોસિએશનના નવા પ્રમુખ તરીકે આણંદના નિવાસી અધિક કલેક્ટર ઋતુરાજ દેસાઈની પસંદગી કરવામાં આવી છે. તેમની સાથે મહામંત્રી તરીકે અધિક કલેક્ટર એન.આર. ધાધલ અને ખજાનચી તરીકે અધિક કલેક્ટર શિવરાજ ગીલવા જવાબદારી સંભાળશે. આ ઉપરાંત, ઉપપ્રમુખ તરીકે અધિક કલેક્ટર સંવર્ગમાંથી વિજય રબારી, કેયુર જેઠવા, ધર્મેશ મકવાણા તથા નાયબ કલેક્ટર સંવર્ગમાંથી ભૂમિકા વટાલીયા અને મહિપતસિંહ ડોડિયાની નિમણૂક થઈ છે.સહમંત્રી તરીકે રવિરાજસિંહ




પરમાર, સન્ની પટેલ, જબુકા કોટડીયા, સુરજ બારોટ, ચંદ્રવિજય પ્રજાપતિ, આરતી ગોસ્વામી, ભાવિન કથિરીયા, સિધ્ધાર્થ ત્રિવેદી અને આદર્શ બસેરની વરણી કરવામાં આવી છે.

GASA મોબાઈલ એપનું લોન્ચિંગ અને સન્માન સમારોહ એસોસિએશનની કામગીરીમાં ટેકનોલોજીનો સમન્વય સાધવા માટે પૂર્વ પ્રમુખ મિતેષ પંડ્યા (IAS) ના હસ્તે 'GASA મોબાઈલ એપ' લોન્ચ કરવામાં આવી હતી. આ એપ અધિકારીઓ વચ્ચેના સંકલન માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. બેઠક દરમિયાન GAS સંવર્ગમાંથી IAS માં બઢતી મેળવનાર અધિકારીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું, સાથે જ નિવૃત્ત થઈ રહેલા અધિકારીઓને ભાવભરી વિદાય આપવામાં આવી હતી.

OPS માટે આભાર પ્રસ્તાવ અને સંકલ્પ સભામાં 01 એપ્રિલ 2005 પહેલા નિમણૂક પામેલા અધિકારીઓ અને કર્મચારીઓને જૂની પેન્શન યોજના (OPS) માં સમાવવાના ઐતિહાસિક નિર્ણય બદલ રાજ્ય સરકારનો આભાર માનતો પ્રસ્તાવ રજૂ કરાયો હતો. નવનિયુક્ત પ્રમુખ ઋતુરાજ દેસાઈએ જણાવ્યું હતું કે, એસોસિએશન હંમેશા સરકારની નીતિઓ સાથે સુસંગત રહીને નાગરિકોની સેવા માટે વધુ કાર્યદક્ષ રીતે કામ કરશે. આ બેઠકમાં રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં વહીવટી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે ભારતીય જનતા પાર્ટીની ખાટલા બેઠક યોજાઈ



કાંકરેજ મા આવનારા દિવસોમાં જિલ્લાપંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓને લઈને રાજકીય પક્ષો દ્વારા આગોતરા આયોજન કરવામાં આવી રહ્યા છે ત્યારે કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે કાંકરેજ તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈ પટેલની અધ્યક્ષ સ્થાને ખાટલા બેઠક યોજાઈ હતી જેમાં બુથ પ્રમુખ વનુભા ડાભી. શિહોરી વેપારી મંડળ પ્રમુખ જયેશ ગૌસ્વામી. પિન્ટુભા ડાભી.પુર્વ કાંકરેજ તાલુકા ભાજપ સંગઠન મંત્રી હઠૂભા ડાભી. પૂનમસિંહ ડાભી. વિપુલભાઈ જીભાભાઈ દેસાઈ.પુર્વ તાલુકા પંચાયત અધ્યક્ષ અણદુભા ડાભી. શક્તિ કેન્દ્ર પ્રમુખ ચકુભા ડાભી. સક્રિય કાર્યકર અરવિંદસિંહ ડાભી. પૂર્વ બુથ પ્રમુખ મુકેશભાઈ શાહ. તખુભા ડાભી. બુથ પ્રમુખ જોરૂભા ડાભી. ગોવિંદભાઈ. જોશી સહિત મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા જેમાં ભારતીય જનતા પાર્ટીના વિવિધ સંગઠનોના પદાધિકારીઓ કાર્યકરો ને ખાસ કરીને સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસના કામો અને સરકાર તરફથી મળતા વિવિધ પ્રકારના લાભો અંગે જાણકારી આપી ભારતીય જનતા પાર્ટીમાં પ્રેરિત કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો જેમાં ૨૦૨૭ ની વિધાનસભાની ચૂંટણી ને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટીએ કમર કસી ને લોકહિત માટે નિષ્ઠા સાથે કામગીરી શરૂ કરીને મતદારોમાં જાગૃતતા લાવવા માટેની ઠેર ઠેર જગ્યાએ ખાટલા બેઠક કરી આગળની રણનીતિ તૈયાર કરવામાં આવી હતી છે

# અરણ્ય ઉદ્યાન પાર્કની મુલાકાત દ્વારા વૃક્ષો વનસ્પતિ ની ઓળખ તેમજ ટ્રેકિંગ કેમ્પ સ્કાઉટ ગાઈડ

ગાંધીનગર, માઉન્ટ કાર્મેલ શાળાના બાળકોએ તારીખ ૨૮/૦૨/ ૨૦૨૬ ના રોજ અરણ્ય ઉદ્યાનમાં યોજાયેલ કેમ્પમાં ખૂબ ઉત્સાહભેર ભાગ લીધેલ. સૌ પ્રથમ સ્કાઉટ અને ગાઈડની અલગ ટુકડી બનાવી વિદ્યાર્થીઓ માટે નેચરલ સ્ટડી પ્રોગ્રામનું આયોજન કરાયું. વળી વિદ્યાર્થીઓને વન ભ્રમણ કરાવવામાં આવ્યું. ત્યાં બટરફલાય ગાર્ડન તેમજ વિવિધ વનસ્પતિ અને વૃક્ષોની ઓળખ આપવામાં આવી. આ પ્રોગ્રામ ની માહિતી વન વિભાગના ફરજ બજાવતા સર ઈર્ષાદ દ્વારા આપવામાં આવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્યશ્રી સી. જેનીફર, સર મિનેષ, ટીચર ચંદ્રિકા ના સહયોગથી આ કેમ્પનું આયોજન ખૂબ જ સુંદર રીતે સફળ થયું.

**રસીકરણ અભિયાન**

### 15 વર્ષની કિશોરીઓને ગર્ભાશયના કેન્સરથી રક્ષણ મળશે

# માણસાના પુંધરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી રસીકરણ અભિયાનનો પ્રારંભ

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મહિલાઓમાં ગર્ભાશયના મુખના કેન્સર સામે રસીકરણનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરાયો

• ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મહિલાઓમાં ગર્ભાશયના મુખના કેન્સર સામે રસીકરણનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરાયો છે. આ અભિયાનના ભાગરૂપે, ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પુંધરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી જિલ્લા વિકાસ અધિકારી બી.જે. પટેલના હસ્તે રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો. કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી બી.જે. પટેલે વેક્સિન અંગેની ખોટી માન્યતાઓ અને અંધશ્રદ્ધામાં વિશ્વાસ ન રાખવા અપીલ કરી હતી. તેમણે મેડિકલ ઓફિસરના માર્ગદર્શન હેઠળ રસી લેવા જણાવ્યું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અશોક વૈષ્ણવે રસીની ગાઈડલાઈન અને તેના ફાયદા વિશે માહિતી આપી.



પ્રારંભિક તબક્કે કુલ ૨૬ કિશોરીઓને HPV રસી આપવામાં આવી. આગામી ત્રણ મહિના સુધી ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રો (PHC), સામુહિક સ્વાસ્થ્ય કેન્દ્રો (CHC) અને જિલ્લા હોસ્પિટલ ખાતે HPV રસીકરણ અભિયાન ચાલુ રહેશે.રાજ્યમાં સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ આપવા માટે, ૧૫ વર્ષ પૂર્ણ કરતી કિશોરીઓનું રસીકરણ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં અંદાજિત ૯,૯૩૦ દીકરીઓને આ રસી આપવાનું લક્ષ્ય નિર્ધારિત કરાયું છે. આ અભિયાન ગર્ભાશયના મુખના કેન્સર સામે મજબૂત સુરક્ષા કવચ પૂરું પાડવામાં મદદરૂપ થશે. HPV રસીકરણ અભિયાન માટે એક વ્યૂહાત્મક કાર્ય યોજના તૈયાર કરવામાં આવી છે. આ યોજના હેઠળ, લાભાર્થીઓની ઓળખ કરીને શાળા બહારની કિશોરીઓનું રસીકરણ ત્રણ મહિના સુધી સંબંધિત કોલ્ડ ચેઈન પોઈન્ટ્સ, જિલ્લા હોસ્પિટલ, સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર કરવામાં આવશે. રસીકરણ મેડિકલ ઓફિસરની હાજરીમાં તાલીમબદ્ધ નર્સ દ્વારા કરાશે.

શિક્ષણ વિભાગ સાથે સંકલન કરીને નોડલ શિક્ષકો દ્વારા પાત્ર કિશોરીઓની યાદી આરોગ્ય વિભાગને પૂરી પાડવામાં આવશે. ખાનગી શાળાઓને પણ આ અભિયાનમાં જોડવામાં આવશે. વાલીઓ અને શિક્ષકોની મીટિંગો તેમજ પેરેન્ટ-ટીચર મીટિંગ (PTM) નું આયોજન કરાશે. આરોગ્ય કર્મચારીઓ અને નોડલ શિક્ષકો દ્વારા રસીકરણ પૂર્વે અને રસી અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાશે.

ગાંધીનગર જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા 'સ્વસ્થ દીકરી, સુરક્ષિત ભવિષ્ય' અંતર્ગત ૧૫ વર્ષ સુધીની દીકરીઓને રસી અપાવી ગર્ભાશયના મુખના કેન્સરથી સુરક્ષિત કરવા વાલીઓ, શાળા સંચાલકો અને સમાજના આગેવાનોને સહકાર આપવા અનુરોધ કરાયો છે. આ કાર્યક્રમમાં પુંધરાના સરપંચ નારણભાઈ પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી ડો. પી.ડી. પાટીલ, મેડિકલ ઓફિસર ડો. ભૂપેન્દ્ર રાઠોડ સહિત અન્ય પદાધિકારીઓ, અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### પોરબંદરમાં ૬ માર્ચે કડિયા પ્લોટ પે.સેન્ટર શાળામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાશે

# નાગરિકોને સેવા સેતુ અંતર્ગત સરકારની વિવિધ યોજનાઓ લાભ એક જ સ્થળે ઉપલબ્ધ

**લાભ એક જ સ્થળે** | મહાનગર પાલિકા ના સભાખંડ ખાતે મ્યુનિસિપલ કમિશનરશ્રીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

• ગોસા(ઘેડ) તા.૦૨

પોરબંદર શહેરમાં કડિયા પ્લોટ પે. સેન્ટર શાળા (ઉતર ઝોન) ખાતે તા. ૦૬/૦૩/૨૦૨૬ના રોજ સેવા સેતુ કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમ કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને યોજાશે. પોરબંદર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર હસમુખભાઈ જે. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના આયોજન માટે તૈયારી હાથ ધરવામાં આવી રહી છે.







સેવા સેતુ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાય તે માટે મહાનગર પાલિકા ના સભાખંડ ખાતે મ્યુનિસિપલ કમિશનરશ્રીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. બેઠકમાં વિવિધ વિભાગોના અધિકારીઓને પરસ્પર સંકલનમાં રહી કામગીરી સુનિશ્ચિત કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓ અને સેવાઓનો લાભ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેમાં આધાર નોંધણી (૧૮ વર્ષથી ઓછી વયજૂથ માટે), આધાર કાર્ડમાં સુધારા, રાશન કાર્ડમાં નામ દાખલ/કમી/સુધારા તથા e-KYC જેવી સેવાઓ ઉપલબ્ધ રહેશે.આ ઉપરાંત જાતિ પ્રમાણપત્ર, આવકનો દાખલો, નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર, જન્મ-મરણના દાખલા તથા લગ્ન નોંધણી જેવી જરૂરી સેવાઓ પણ સ્થળ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. નાગરિક કલ્યાણ સંબંધિત વિવિધ યોજનાઓ જેમ કે કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના, વિધવા સહાય, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગ સહાય યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, અટલ પેન્શન યોજના તેમજ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ અને સુરક્ષા વિમા યોજનાઓ માટે અરજીઓ સ્વીકારવામાં આવશે.

બેન્કિંગ અને ડિજિટલ સેવાઓ હેઠળ નવું બેન્ક એકાઉન્ટ ખોલાવવું, જનધન યોજના, આધાર અને મોબાઈલ નંબર સાથે બેન્ક એકાઉન્ટ જોડાણ, ભીમ એપ અને ડિજિટલ ટ્રાન્ઝેક્શન લિટરેસી અંગે માર્ગદર્શન આપવામાં આવશે. તદુપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી), પી.એમ.સ્વનિધિ યોજના, વ્યવસાય વેરા સંબંધિત સેવાઓ, પ્રોપર્ટી ટેક્ષ, ગુમાસ્તાધારા, પાણી અને ડ્રેનેજ કનેક્શન, નવા વીજ જોડાણ માટેની અરજીઓ સહિત વિવિધ સેવાઓ ઉપલબ્ધ રહેશે.

આ સિવાય બસ કન્સેશન પાસ (સામાન્ય નાગરિકો તથા દિવ્યાંગો માટે), આઈસીડીએસ બાળકોના આધાર કાર્ડ તેમજ મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના માટે અરજીઓ સ્વીકારવાની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. આ સેવા સેતુ કાર્યક્રમનો લાભ લઈ વિવિધ સરકારી સેવાઓ સરળતાથી પ્રાપ્ત કરે તેવી અપીલ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે.

રિપોર્ટર:વિરમભાઈ કે.આગઠ

# સેક્ટર 24 સ્થિત ગુજરાત ગેસ ખાતે ગેસ લીકેજ અને આગ મામલે યોજાઈ મોકડ્રીલ

### મોકડ્રીલ મુજબ, ગેસ પમ્પની બહાર ટ્રક સાથે અથડામણ થતાં ગેસ લીકેજ

• ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર 24 સ્થિત GSPC ગુજરાત ગેસ ખાતે ગેસ લીકેજ અને આગ જેવી પરિસ્થિતિ સર્જાય તો કેવી રીતે કામગીરી કરવી તેની મોકડ્રીલ યોજવામાં આવી હતી. ઈકો ગાડી બેકાબૂ બની ગેસથી ભરેલા ટ્રક સાથે અથડાતા ગેસ લીકેજ અને આગ લાગવાની પરિસ્થિતિ સર્જાઈ હોવાના દ્રશ્ય રજૂ કરવામાં આવ્યા હતા.



મોકડ્રીલ મુજબ, ગેસ પમ્પની બહાર ટ્રક સાથે અથડામણ થતાં ગેસ લીકેજ થયો અને નજીક રહેલી ગેસ બોટલોમાં આગ ફાટી નીકળી હોવાનો અભ્યાસ કરવામાં આવ્યો. શરૂઆતમાં ગુજરાત ગેસના સ્થાનિક સ્ટાફ દ્વારા આગ અને ગેસ લીકેજને કાબુમાં લેવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પરિસ્થિતિ નિયંત્રણ બહાર જતી જણાતા સ્ટાફ દ્વારા કલેકટર કચેરીના ડિસ્ટ્રિક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર તથા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ ગાંધીનગરને જાણ કરવામાં આવી હતી. ડીસ્ટ્રિક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા તાત્કાલિક તમામ સંબંધિત વિભાગોને એલર્ટ કરવામાં આવ્યા હતા.

સબ ફાયર ઓફિસર તુષાર બારોટ, એમટી બળવંતભાઈ તથા પાયલોટ, પોલીસ વિભાગના એએસઆઈ અને તેમની ટીમ, ગાંધીનગરના ઈન્ડસ્ટ્રીયલ અને સેફટી ઓફિસર તેમજ સિવિલ ડિફેન્સના ડો. મહાવરી નિમાવત અને તેમની ટીમ સ્થળ પર પહોંચી કામગીરી હાથ ધરી હતી.

તમામ વિભાગોના સંકલનથી આગ અને ગેસ લીકેજ પર કાબુ મેળવવાની પ્રક્રિયા દર્શાવાઈ હતી. મોકડ્રીલ દરમિયાન ઓબ્ઝર્વેશન ઓફિસર તરીકે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના મામલતદાર નિલેશ એ. રાઠોડ, ડીપીઓ મૌલિક પી. પંડ્યા, ગુજરાત ગેસના હેડ બિપ્રતિપ ભટ્ટાચાર્જી તથા એચએસઈના ડે. મેનેજર મેહુલ પરમાર હાજર રહ્યા હતા.

# બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનના લૂંટના ગુન્હાનો 8 વર્ષની નાસતો ફરતો આરોપીને LCB એ ઝડપી લીધો


### સરકાર દ્વારા આરોપીને પકડી પાડવા 10,000 નું ઇનામ જાહેર કર્યું હતું તે આરોપીન બોટાદ LCB પોલીસે મહારાષ્ટ્ર ના મુંબઈ થી ઝડપી પાડ્યો

• બોટાદ

બોટાદ શહેરમાં પાળીયાદ રોડ ઉપર આવેલ સ્વસ્તિક સોસાયટી વિસ્તારમાં 2018 ની સાલમાં રિવોલ્વર અને છરી ની અણીએ એક પરિવારના સભ્યોને બંધક બનાવી સોના-ચાંદીના ઘરેણા મોબાઈલ, ટેબલેટ સહીત રૂ.9,30,000 ની લૂંટ ની ઘટના બની હતી.જે લુંટની ઘટનાનો આરોપી નૌશાદ અહેમદ હકીમ ઉલ્લા 8 વર્ષથી નાસતો ફરતો હોય જે આરોપીને ઝડપી પાડવા સરકાર દ્વારા 10,000 રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યુ હતુ તે આરોપીને ઝડપી લેવા બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્મા દ્વારા સૂચના આપવામાં આવેલ હોય જેને લઈ LCBના PI એમ.જી.જાડેજા ના સુપરવિઝન હેઠળ LCB ના PSI એસ.બી. સોલંકી તેમજ રામદેવસિંહ મોરી,અશ્વિનભાઈ મકવાણા,પુરવભાઈ સોનાગરા, સુખદેવસિંહ ચૌહાણ સહિતના LCB પોલીસ સ્ટાફે ટેકનિકલ અને હ્યુમન સોર્સિસના આધારે બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનના લૂંટના ગુન્હાનો આરોપી નૌશાદ અહેમદ હકીમ ઉલ્લા ને મહારાષ્ટ્ર ના મુંબઈ ખાતેથી બોટાદ LCB પોલીસે ઝડપી પાડ્યો અત્રે ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા લૂંટની ગંભીર ઘટનાના નાસતા ફરતા આરોપી ને ઝડપી પાડવા 10,000 નું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું તે આરોપીને બોટાદ LCB પોલીસે ઝડપી લઈ પ્રસંશનીય કામગીરી કરી છે.આ લુટના આરોપીને ઝડપી લેવાના મામલે બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માએ પ્રેસકોન્ફરન્સ કરી મીડીયા ને માહિતી આપી હતી...



# મહિલાઓએ ધૂળેટી રમવાથી દૂર રહેવું હિતાવહ છે




હોળીના બીજા દિવસને ધૂળેટી તરીકે ઉજવવામાં આવે છે. ધૂળેટીના દિવસે લોકો એકબીજા ઉપર રંગ, કેસૂડો તથા અબીલ કે ગુલાલ છાંટીને ભારે ધૂમધામ કરે છે. અગાઉના જમાનામાં લોકો માત્ર કેસૂડાનો રંગ એકબીજા ઉપર છાંટીને ધૂળેટી રમતાં હતાં. જ્યારે આજે ધૂળેટીનું સ્થાન સિન્થેટીક તેમજ ઓઈલ પેન્ટ કલરે લઈ લીધું છે. આના કારણે ન કેવળ દિવસો સુધી કલર જતો નથી, પરંતુ એની આડઅસરો બહોળા પ્રમાણમાં જોવા મળે છે. આવા રંગો કોઈની આંખમાં કે કાનમાં જતા રહે તો આંખ ગુમાવવાનો કે શ્રવણશક્તિ હણાઈ જવાનો ખતરો રહે છે. ઘણાંને ચામડીના રોગો જેવા કે ખસ, ખુજલી, ખંજવાળ કે ચાંદાં પડવાની સમસ્યાઓ પણ ઉભી થાય છે. માટે દરેક વ્યક્તિએ આવાં હાનિકારક તથા રસાયણયુકત રંગોથી ધૂળેટી રમવાનું ટાળવું જોઈએ. ધૂળેટી રમવાના બહાને ઘણાં વિકૃત માનસ ધરાવતા તત્વો મહિલાઓનાં અંગ ઉપાંગ સાથે છેડછાડ કરવાની કુચેષ્ટા કરે છે, આ કારણે મહિલાઓએ ધૂળેટી રમવાથી દૂર રહેવું હિતાવહ છે.

### સારંગપુર BAPS મંદીર ખાતે ભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવાયો

# પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે ૨૯ ઉચ્ચ શિક્ષિત નવયુવાનોએ પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી

• બોટાદ

બોટાદ જીલ્લાના તીર્થધામ સારંગપુર ખાતે BAPS સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ પ.પૂ. મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં એક ભવ્ય દીક્ષા મહોત્સવ યોજાયો હતો. જેમાં ૨૯ જેટલા સુશિક્ષિત યુવાનોએ સંસારનો ત્યાગ કરી સેવા અને અધ્યાત્મના માર્ગે પ્રયાણ કર્યું હતું.દીક્ષા ગ્રહણ કરનાર આ ૨૯ નવયુવાનો ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવે છે.જેમાં ૧ MBA, ૩ માસ્ટર્સ ડિગ્રી ધારક, ૫ એન્જિનિયર્સ, ૯ ગ્રેજ્યુએટ્સ, ૪ ડિપ્લોમા એન્જિનિયર્સ અને ૧ વકીલ (Lawyer) નો સમાવેશ થાય છે. કારકિર્દીના ઉચ્ચ શિખરે અને ભૌતિક સુખ-સગવડો ઉપલબ્ધ હોવા છતાં, માનવસેવા, સમાજ ઉન્નતિ અને આધ્યાત્મિક જીવન માટે આ યુવાનોએ પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરવાનો વિરલ સંકલ્પ કર્યો છે.મહોત્સવનો પ્રારંભ વહેલી સવારે વૈદિક મહાપૂજાથી થયો હતો. ત્યારબાદ પ.પૂ. મહંત સ્વામી મહારાજે તમામ મુમુક્ષુઓને યજ્ઞોપવીત ધારણ કરાવી હતી અને વરિષ્ઠ સદગુરુ સંતોએ નવદીક્ષિત પાર્ષદોને કંઠી, માળા, પાઘ અને ઉપવસ્ત્ર ધારણ કરાવ્યા હતા. અંતમાં ગુરુહરિએ દરેકને ગુરુમંત્ર આપી આશીર્વાદ પાઠવ્યા હતા. દીક્ષા મહોત્સવમાં દીક્ષાર્થીઓના માતા-પિતાના સમર્પણને પણ વિશેષરૂપે બિરદાવવામાં આવ્યું હતું. સંસ્થાના વરિષ્ઠ સંતો દ્વારા પિતાઓનું અને મહિલા અગ્રણીઓ દ્વારા માતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.દીક્ષા બાદ આ નવયુવાનો હવે સારંગપુર સ્થિત 'BAPS સંત પ્રશિક્ષણ કેન્દ્ર'માં સનાતન ધર્મના શાસ્ત્રો, સંસ્કૃત અને મેનેજમેન્ટ જેવા વિષયોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરશે. આ સંતો ચારિત્ર્યવાન, મૂલ્યનિષ્ઠ અને આધ્યાત્મિક રીતે જાગૃત એવા સમાજના નિર્માણમાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપશે. ભારતીય સંસ્કૃતિની ત્યાગ-પરંપરાને જીવંત રાખતો આ મહોત્સવ હજારો હરિભક્તો માટે પ્રેરણારૂપ બની રહ્યો હતો...



તસવીર:વિપુલ લુહાર,બોટાદ

# હોળી પ્રગટ્યા ને હૈયે હરખાયા - મોંઘવારી વચ્ચે પણ આસ્થાભેર હોળી દહન કરાયું

## સમગ્ર તાલુકામાં પરંપરાગત રીતે હોળીના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી



ડભોઈ સંસ્કારધામ ડભોઈ શહેર અને સમગ્ર તાલુકામાં પરંપરાગત રીતે હોળીના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયના પ્રતિક સમાન આ પર્વમાં વિવિધ વિસ્તારોમાં હોળી પ્રગટાવી ભક્તોએ દર્શન અને પૂજા-અર્ચનાનો લ્હાવો લીધો હતો.

વિવિધ વિસ્તારોમાં હોળીના દર્શન

ડભોઈના ઐતિહાસિક અને ૨ હેણાંક વિસ્તારોમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. ખાસ કરીને મ હુ ડી ભાગોળ અને નવી નગરી દુધિયા પીર અને સ્ટેટ બેન્ક વિસ્તાર

વડોદરા ભાગોળ, હીરા ભાગોળ અને નાંદોદી ભાગોળ ભારત ટોકીઝ પાસે અને વકીલના બંગલે પોલીસ લા ઈ ન સ હિતના તમામ મુખ્ય ના કા ઓ અને સોસાયટીઓમાં વિ ધિ વ ત રીતે હોળી દહન કરવામાં આવ્યું હતું.

પૂજા વિધિ અને પરંપર મોડી સાંજે મુહૂ ર્ત મુજબ હોળી પ્ર ગટાવવામાં આવી હતી. શ્રદ્ધાળુઓએ હોળીની પ્રદ ક્ષિણા કરી હતી અને આસ્થાભેર પૂ જા કરી હ તી. લોકોએ હોળીમાં ધા ણી, ચણા, ખજૂર અને કોપરું પધ રાવીને સુ ખ -શાંતિની પ્રાર્થના ક રી હતી. આ વ ર્ષે પણ હોળીમાં આંબાની કેરી (પાગલ) અને હાહરા પધ રા વવા ની વર્ષો જૂની પરંપરા જળવાઈ રહી હતી.મોંઘવારીનો માર: લાક ડા ના ભા વમાં ઉછાળો હોળીના પર્વ ને પગ લે ડભોઈના બજારોમાં લાકડાની અ ને ક હાટડીઓ (વેચાણ કેન્દ્રો) ઊ ભી કરવામાં આવી હતી. જોકે, આ વર્ષે મોંઘવારીની સીધી અસર હોળી પર જોવા મળી છે ભાવ વધારો: ગ ત વર્ષે લાકડાનો ભાવ 130 રૂપિ યે મણ હતો, જે આ વર્ષે વધીને 150 રૂપિયે મણ સુધી પહોંચ્યો છે જ થ્યો વેપારીઓના જણાવ્યા અનુસાર, એક નાની હોળી માટે સરેરાશ 15 મણ અને મોટી હોળીઓ માટે 25 મણ જેટલા લાકડાનો વપરાશ થાય છે.

અન્ય સામગ્રી: લાકડાની સાથે સાથે હોળી પ્રગટાવવા માટે ઘાસના પૂળા, દીવેલા અને છાણાંની પણ ભારે માંગ જોવા મળી હતી.

ભલે લાકડાના ભાવમાં મણે 20 રૂપિયાનો વધારો થયો હોય, પરંતુ લોકોના ઉત્સાહમાં કોઈ કમી જોવા મળી ન હતી. રાત્રિના સમયે ડભોઈ શહેર 'હોળી માતાની જય' ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

**માતૃવંદના અને સેવા પ્રવૃત્તિ:** લગ્નમાં પરણાવેલી દીકરીઓને આર્થિક અનુદાન અને પર્વની શુભેચ્છાઓ પાઠવી સમાજમાં આદર્શ સ્થાપ્યો

# હોળીના પર્વે ૨૭ દીકરીઓને પાયોનિયર ક્લબ અને સાગરપુત્ર સમન્વય દ્વારા અપાઈ સ્નેહભરી ભેટ

## માતૃશ્રી સ્વ. નાથીબેનરતનશીભાઈ ખોરાવાની સ્મૃતિમાં પ્રવીણભાઈ અને ઉમાબેન ખોરાવા દ્વારા પોરબંદરમાં માનવતાની મહેક

• ગોસા(ઘેડ) તા.૦૨

પોરબંદરના ભામાશા તરીકે લોકહૃદયમાં વિશેષ સ્થાન ધરાવતા જાણીતા દાતાશ્રી તથા ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ આગેવાન અને પોરબંદર જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી પ્રવીણભાઈ ખોરાવા દ્વારા તેમની લાડકી દીકરી સમાન સમૂહમાં પરણાવેલા દીકરીઓને પ્રવીણભાઈ ખોરાવાના પરીવાર દ્વારા વાર તહેવાર તેમજ કોઈ પણ સામાજિક કાર્યક્રમો વખતે યાદ કરી તેઓને ભેટ સોગાદો તેમજ તહેવત ભેટ આપતા હોય છે ત્યારે તહેવાર નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ હોળી ના તહેવાર નિમિતે સમૂહ લગ્નમાં જોડાયેલી તમામ દીકરી ઓને હોળીના તહેવારની લ્હાણી કરવાનું આયોજન કરી માનવતાનો ઉત્તમ દાખલો પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને મેડિકલ ક્ષેત્રે સતત સેવારત સંસ્થા સાગર પુત્ર સમન્વય લિયો પાયોનીયર ક્લબ દ્વારા આ વર્ષે પણ સમૂહ લગ્નમાં પરણાવેલી દીકરીઓને આર્થિક અનુદાન અને પર્વની શુભેચ્છાઓ પાઠવી સમાજમાં આદર્શ સ્થાપ્યો




રંગોના પવિત્ર પર્વ હોળી નિમિત્તે પોરબંદરની સામાજિક સંસ્થાઓ પાયોનિયર ક્લબ અને સાગરપુત્ર સમન્વય દ્વારા માનવતા અને સ્નેહનો અનોખો સંગમ રચાયો હતો. સંસ્થાના પ્રમુખ અને જાણીતા સામાજિક અગ્રણી શ્રી પ્રવીણભાઈ ખોરાવા તથા શ્રીમતી ઉમાબેન ખોરાવા દ્વારા ૨૭ દીકરીઓને હોળીની વિશેષ ભેટ અને આર્થિક અનુદાન અર્પણ કરી ઉત્સવની હાર્દિક ઉજવણી કરવામાં આવી હતી.

આ ભાવપૂર્ણ કાર્યક્રમ પ્રવીણભાઈના માતૃશ્રી સ્વ. નાથીબેન રતનશીભાઈ ખોરાવાના પવિત્ર સ્મરણાર્થે યોજવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ખોરાવા પરિવાર દ્વારા વર્ષભર વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા માતૃશ્રીની સ્મૃતિને જીવંત રાખવામાં આવે છે, જેનો આ એક મહત્વનો ભાગ છે.પાયોનિયર ક્લબ અને સાગરપુત્ર સમન્વય દ્વારા છેલ્લા બે વર્ષથી ભવ્ય સમૂહ લગ્ન મહોત્સવનું આયોજન કરવામાં આવે છે, જેમાં અત્યાર સુધી ૨૭ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા છે. આ લગ્નગ્રંથિથી જોડાયેલી તમામ દીકરીઓને પ્રવીણભાઈ અને ઉમાબેન પોતાની દીકરી સમાન ગણી દરેક તહેવારે યાદ કરે છે. હોળીના પર્વે આ ૨૭ દીકરીઓને સપરિવાર આમંત્રિત કરી, તેમને આર્થિક ભેટ આપી સુખદાયી જીવનની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સાથે જ, આ વર્ષે યોજાનાર આગામી સમૂહ લગ્ન પ્રસંગે પણ તમામ નવદંપતીઓને સહપરિવાર ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું હતું.

મહાનુભાવોની ઉપસ્થિતિ:આ પ્રસંગે ખારવા સમાજના ભૂતપૂર્વ વાણોટ હરજીવનભાઈ કોટીયા, પ્રેમજીભાઈ ખુદાઈ તથા સિનિયર મેમ્બર જયેન્દ્રભાઈ ખુંટી અને અંજલીબેન પોસ્તરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ ખોરાવા પરિવારની આ સંવેદનશીલતા અને દીકરીઓ પ્રત્યેની જવાબદારીની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, લગ્ન કરાવી આપ્યા પછી પણ દીકરીઓની આ રીતે દરકાર લેવી એ સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ છે. સમગ્ર કાર્યક્રમ સેવાભાવ, સંવેદના અને સમાજપ્રતિની પ્રતિબદ્ધતાનું જીવંત ઉદાહરણ સાબિત થયો.

## તમારી પ્રગતિ ક્યાં અટકી છે ખબર છે?

# માત્ર 'શ્વાસ' લેવા છે કે યુગો સુધી 'જીવંત' રહેવું છે? નિર્ણય તમારો છે!

**ટોળામાંથી બહાર નીકળવું જ પડશે** ઇતિહાસના પાનાઓ પર માત્ર ગણ્યા-ગાંઠ્યા નામ જ કેમ લખાયા છે?

આપણે બધા એક ભ્રમમાં જીવીએ છીએ કે આપણી પાસે બહુ સમય છે. 'કાલે કરીશું,' 'પછી જોઈશું,' 'હજુ તો વાર છે' - આ શબ્દો આપણી પ્રગતિના સૌથી મોટા દુશ્મનો છે. શું તમે ક્યારેય વિચાર્યું છે કે દુનિયામાં ૮૦૦ કરોડ લોકો છે, પણ ઈતિહાસના પાનાઓ પર માત્ર ગણ્યા-ગાંઠ્યા નામ જ કેમ લખાયા છે? કારણ કે બાકીના લોકો માત્ર 'જીવ્યા' હતા, પણ પેલા થોડા લોકોએ 'કંઈક કરી છૂટવાની જીદ' કરી હતી. યાદ રાખજો, હિમાલય ચડવા માટે પણ પહેલું ડગલું તો જમીન પર જ ભરવું પડે છે. તમારી સફળતા રાતોરાત નહીં મળે, પણ જો તમે દરરોજ માત્ર ૧% પણ તમારી જાતને સુધારશો, તો વર્ષના અંતે તમે ૩૭ ગણા શ્રેષ્ઠ બની ગયા હશો. આપણને નાનપણથી શીખવવામાં આવ્યું છે કે 'જેટલી ચાદર હોય તેટલા જ પગ ફેલાવવા.' પણ હું કહું છું કે, જો ચાદર નાની પડતી હોય તો નવી અને મોટી ચાદર બનાવવાની હિંમત કેમ નથી કરતા? સરેરાશ નોકરી, સરેરાશ ઘર અને સરેરાશ વિચારોમાં જે વ્યક્તિ અટકી જાય છે, તેને દુનિયા ક્યારેય યાદ રાખતી નથી. જો તમારે સિંહની જેમ જીવવું હોય, તો ઘેટા-બકરાના ટોળામાંથી બહાર નીકળવું જ પડશે. તમારી પ્રગતિ ક્યાં અટકી છે ખબર છે? તમારા કમ્ફર્ટ ઝોનમાં. જ્યાં સુધી તમને એવું લાગશે કે 'બધું બરાબર ચાલે છે,' ત્યાં સુધી તમે ક્યારેય શ્રેષ્ઠ નહીં બની શકો. જે દિવસે તમને તમારી સ્થિતિ પ્રત્યે અસંતોષ જાગશે, તે દિવસે તમારામાં પરિવર્તનની જ્વાળા પ્રગટશે. યાદ રાખજો, જે લોખંડ વપરાતું નથી તેને જ કાટ લાગે છે. હવે તમારે કાટ ખાવો છે કે ચમકવું છે એ





નિર્ણય તમારો છે. ઘડિયાળના કાંટા તમારી રાહ નથી જોતા, એ તો તમને જિંદગીની રેસમાં પાછળ પાડી રહ્યા છે. કાલે કરીશું કહેવાવાળા કલમ પકડી શકે, પણ ઈતિહાસ તો 'અત્યારે જ' કરવાવાળા પાગલો જ લખે છે! 'મારી પાસે પૈસા નથી,' 'મને કોઈ સપોર્ટ નથી કરતું,' 'મારું નસીબ ખરાબ છે' - આ બધું માત્ર તમારી આળસને છુપાવવાના બહાના છે. જેની પાસે સપનામાં જાન હોય છે, તેને રસ્તામાં મળતા પથ્થરો પણ સીડી સમાન લાગે છે. અરે સાહેબ, જેના પગ નથી હોતા એ જો એવરેસ્ટ સર કરી શકતા હોય, તો તમારી પાસે તો ભગવાને આપેલું આખું સક્ષમ શરીર અને મગજ છે! રોદણાં રડવાનું બંધ કરો અને મેદાનમાં ઉતરો. નસીબની લકીરો તો ભિખારીઓ જોતા હોય છે, મારે તો આખા હાથની હથેળી જ બદલી નાખવાની જીદ છે. જો ભગવાન પણ આડે આવશે ને, તો એને પણ રસ્તો આપવો પડશે, કારણ કે આ વખતે જંગ મેદાનમાં નહીં, મારા કાળજામાં છે! માણસ મરી જાય છે, પણ તેના કાર્યો ક્યારેય મરતા નથી. તમે આ પૃથ્વી પર માત્ર શ્વાસ લેવા અને અનાજ વાપરવા નથી આવ્યા. તમારી અંદર એક એવો હુન્નર છુપાયેલો છે જે દુનિયા બદલી શકે છે. તમારી જાતને પૂછો કે જો આજે મારો છેલ્લો દિવસ હોય, તો શું હું અત્યારે જે કરી રહ્યો છું તેનાથી સંતુષ્ટ છું? જો જવાબ 'ના' હોય, તો અત્યારે જ બદલાઈ જાવ. મને હરાવવો હોય તો તમારે ઈતિહાસ નહીં, પણ કુદરતના નિયમો બદલવા પડશે.

# સાહસના શોખીનો માટે સુવર્ણ તક: રાજ્ય સરકાર દ્વારા માઉન્ટ આબુ ખાતે નિ:શુલ્ક પર્વતારોહણ તાલીમ શિબિર યોજાશે

## આગામી તા. ૦૯ મે થી શરૂ થતી આ શિબિરમાં ભાગ લેવા ઇચ્છુક ઉમેદવારો તા. ૩૧, માર્ચ સુધી અરજી કરી શકશે

રાજ્યમાં આવેલા વિવિધ પર્વતોના શિખરો સર કરવા જેવી સાહસિક પ્રવૃત્તિઓના શોખીન બાળકો તેમજ યુવાઓ માટે રાજ્ય સરકાર દ્વારા નિ:શુલ્ક પર્વતારોહણ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા માઉન્ટ આબુની સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા ખાતે નિ:શુલ્ક પર્વતારોહણ કોર્ષનું આયોજન કરવામાં આવશે. પસંદગી પામનાર ઉમેદવારોને રહેવા, જમવા અને તાલીમનો કોઈ ખર્ચ ભોગવવાનો રહેશે નહીં. આ ઉપરાંત વતનથી તાલીમી સંસ્થાના સ્થળે આવવા-જવા માટે ST બસ અથવા રેલ્વે સેકન્ડ ક્લાસનું ભાડું પણ મળવાપાત્ર થશે.વધુમાં, પર્વતારોહણ તાલીમ શિબિર અંતર્ગત એડવેન્ચર કોર્ષ તા. ૦૯ થી ૧૫ મે, ૨૦૨૬ સુધી યોજાશે. જેમાં ૮ થી ૧૩ વર્ષની વય ધરાવતા યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. ઉપરાંત એડવાન્સ રોક ક્લાઈમ્બીંગ કોર્ષ તા. ૧૮મી મે થી ૦૧ જૂન, ૨૦૨૬ સુધી યોજાશે. આ કોર્ષમાં ભાગ લેવા ઈચ્છુક ૧૫ થી ૪૫ વર્ષના ઉમેદવારોએ ઉપરોક્ત સંસ્થા તથા તેના પેટા કેન્દ્રો ખાતે બેઝિક ખડક ચઢાણ કોર્ષ A અથવા B ગ્રેડ સાથે પાસ કરેલો હોવો જોઈએ. આ ઉપરાંત તા. ૦૯ મે થી ૦૭ જૂન, ૨૦૨૬ સુધી યોજાનાર કોચિંગ રોક ફ્લાઈમ્બીંગ કોર્ષમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ ઉપરોક્ત સંસ્થા ખાતે એડવાન્સ કોર્ષ A અથવા B ગ્રેડ સાથે પાસ કર્યો હોવો જોઈએ. આ કોર્ષમાં ભાગ લેવા ઉમેદવારની વય મર્યાદા ૧૬થી ૪૫ વર્ષની સાથે તેમણે ધો. ૧૦ પાસ કરેલું પણ હોવું જોઈએ. આ ત્રણેય કોર્ષમાં ભાગ લેવાની અંતિમ તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ છે, તેમ સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટ આબુ દ્વારા જણાવવામાં આવ્યું છે. યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર, આ શિબિરમાં જોડાવા માંગતા ગુજરાતના વતની હોય તેવા ઉમેદવારે પોતાનું નામ, સરનામું, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર સહિતની માહિતી દર્શાવતી અરજી કરવાની રહેશે. આ નિયત અરજી ફોર્મનો નમુનો સંસ્થાના ફેસબુક પેજ https://www.facebook.com/svi-madmin/ પરથી મેળવી શકાશે. જેમાં ગુજરાતના વતની હોવાનો આધાર અથવા દાખલો, શારીરિક યોગ્યતાનું તબીબી પ્રમાણપત્ર, જન્મ તારીખનો પુરાવો, ઉમેદવારે અકસ્માત-ઈજા વગેરે જોખમ અંગે વાલીનું સંમતિપત્ર તથા પર્વતારોહણ તાલીમ કોર્ષમાં ભાગ લીધો હોય તો તે અંગેના પ્રમાણપત્રની ખરી નકલ અવશ્ય જોડવાની રહેશે.આ ઉપરાંત તાલીમાર્થી જે કોર્ષમાં સહભાગી થવા માંગતા હોય તે કોર્ષનું નામ અરજીના મથાળે સ્પષ્ટ લખવાનું રહેશે. અધુરી વિગતવાળી અરજીઓ તથા નિયત સમય મર્યાદા બાદ મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં. આ તાલીમ કોર્ષમાં જોડાવા માંગતા ઉમેદવારોએ આચાર્યશ્રી, સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, ગૌમુખ રોડ, માઉન્ટ આબુ. પિનકોડ નં. ૩૦૭૫૦૧ના સરનામે સંપૂર્ણ વિગતો સાથે અરજી મોકલવાની રહેશે.

# કદવાલ ની સાત વર્ષની દીકરી શાહેનુરબાનું મકરાણી એ જીવનનો પ્રથમ રોઝો રાખ્યો



હિંમતે મર્દા તો મદદે ખુદા એ ઉક્તિ ખરા અર્થમાં સાર્થક બની છે. કદવાલ તાલુકા ની કદવાલ ના કસ્બા ફળિયા માં રહેતા અબ્દુલરિયાજ મકરાણી ની સાત વર્ષની દીકરી શાહેનુરબાનું પોતાના જીવનનો પ્રથમ રોજો રાખી ખુદા તઆલાની બંદગી કરી હતી. હાલ મુસ્લિમ સમુદાયના પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે. ત્યારે મુસ્લિમ સમાજના લોકો રોઝા રાખી અલ્લાહની બંદગી કરી રહ્યા છે. ત્યારે કદવાલ માં રહેતા અબ્દુલરિયાજ મકરાણી ની માત્ર સાત વર્ષની દીકરી શાહેનુરબાનું એ પોતાના જીવનનો પ્રથમ રોઝો રાખી અલ્લાહની બંદગી ગુજારી હતી. સાથે સાથે દેશમાં અમન અને શાંતિ કાયમ રહે અને હિંદુ મુસ્લિમ સંપ્રદાયના લોકો હળીમળીને રહી કોમી એક્તાનો દિપ પ્રજવલ્લિત કરે એ માટે વિશેષ દુઆ ગુજારી હતી. સાત વર્ષના શાહેનુર પોતાના જીવનનો પ્રથમ રોઝો રાખી અન્યો માટે પ્રેરણાદાયી બનવા પામ્યો છે..રિપોર્ટર. ઈરફાન મકરાણી કદવાલ

# બસ સ્ટેન્ડમાં ગુટખા-બીડી-સિગારેટ પીનારા ચેતી જજો!

## થરાદ બસ સ્ટેશનમાં નશાખોરો પર કડક કાર્યવાહી

• વાવ-થરાદ

થરાદ શહેરના થરાદ બસ સ્ટેશન પર જાહેર સ્થળે ધુમ્રપાન કરનારાઓ સામે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બસ સ્ટેન્ડ પર બીડી, સિગારેટ તથા ગુટખા પીનારા લોકોને ચેતવણી આપવામાં આવી રહી છે.

આ કાર્યવાહી દરમિયાન બસ સ્ટેશનના અધિકારીએ જાહેર સ્થળે બીડી પીતા એક વૃદ્ધને પકડી દંડાત્મક કાર્યવાહી કરી હતી. નિયમ મુજબ વૃદ્ધને ૨૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો અને તેની પાવતી આપવામાં આવી. અધિકારીઓએ સ્પષ્ટ જણાવ્યું કે જાહેર સ્થળે ધુમ્રપાન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે તેમજ કાયદા વિરુદ્ધ છે.

બસ સ્ટેશન પ્રશાસન દ્વારા જણાવાયું છે કે મુસાફરોના આરોગ્ય અને સ્વચ્છતા માટે આવનારા દિવસોમાં પણ આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે. જાહેર સ્થળે ધુમ્રપાન કરતા લોકો સામે નિયમિત ચેકિંગ, દંડ અને ચેતવણી આપવામાં આવી હતી

અહેવાલ : રાજેશભાઈ જોષી : વાવ-થરાદ



# પાલનપુરમાં દેખાઈ દુર્લભ સફેદ ખિસકોલી, જુઓ ફોટો

પાલનપુર શહેરમાં કુદરતની દુર્લભ અજાયબી જોવા મળતા ચકચાર મચી છે.. શહેર પૂર્વ પોલીસ સ્ટેશન બહાર સંપૂર્ણ સફેદ ખિસકોલી નજરે પડી છે.. સ્થાનિક નાગરિકે આ અનોખા દ્રશ્યોને કેમેરામાં કેદ કર્યા.. પ્રાથમિક રીતે આ ખિસકોલી 'આલ્બિનો સ્કિવરલ' હોવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.. મેલાનિનના અભાવને કારણે તેનો રંગ સંપૂર્ણ સફેદ હોવાનું માનવામાં આવે છે.. લાલ અથવા ગુલાબી આંખો હોવી તેની ખાસ ઓળખ ગણાય છે.. વિશ્વસ્તરે આવી ખિસકોલી એક લાખમાં એક જોવા મળે છે.. સફેદ રંગને કારણે શિકારી પ્રાણીઓ માટે તે સરળ નિશાન બની શકે છે..વનવિભાગ દ્વારા સત્તાવાર પુષ્ટિ થવાની રાહ જોવામાં આવી રહી છે.. પાલનપુરમાં આ દુર્લભ દ્રશ્ય ચર્ચાનો વિષય બન્યું છે..

પ્રતિનિધિ દિપક પુરબીયા



**આક્ષેપ**

### વિદ્યાર્થીએ ખોટું સોગંદનામું કરી એડમિશન લીધું હોવાનો પ્રિન્સિપાલનો દાવો

# ‘ગુજરાત કોલેજ અસામાજિક તત્વોનો અડ્ડો બની ગઈ છે’:વિદ્યાર્થિનીઓ પર ખરાબ કોમેન્ટ થતી હોવાનો આક્ષેપ

## આચાર્યએ કહ્યું- ત્રણેય આચાર્યોએ લેખિતમાં પોલીસ સ્ટેશનમાં રજૂઆત આપી હતી; કોલેજ તરફથી કોઈ ફરિયાદ મળી નથી: PI કે.એમ.ભૂવા

• અમદાવાદ

ગુજરાત કોલેજ અસામાજિક તત્વોનો અડ્ડો બની ગઈ છે,આવું અમે નહીં પણ કોલેજના પ્રિન્સિપાલ જ કહી રહ્યા છે. ગુજરાત કોલેજમાં ત્રણ-ત્રણ પ્રિન્સિપાલ દ્વારા પોલીસ સ્ટેશનમાં અનેક વખત અરજી કરવામાં આવી છતાં પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે કોઈપણ કાર્યવાહી કરવામાં ન આવી હોવાનો પ્રિન્સિપાલ દ્વારા દાવો કરવામાં આવ્યો છે. ગુજરાત કોલેજમાં પોલિટિકલ પાર્ટીના લોકોએ ખોટી રીતે સોગંદનામું રજૂ કરીને પ્રવેશ મેળવ્યો હોવાનું સામે આવ્યું છે. ખોટું સોગંદનામું રજૂ કરીને પોલિટિકલ પાર્ટીના લોકોએ ગુજરાત કોલેજમાં અડ્ડો બનાવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ગુજરાત કોલેજની વિદ્યાર્થિનીઓ પર ખરાબ કોમેન્ટ કરતા હોવાનો પ્રિન્સિપાલ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.થોડા સમય પહેલાં ગુજરાત કોલેજમાં દારૂની ખાલી બોટલ મળી હોવાનો વીડિયો વાઈરલ થયો હતો. દારૂની ખાલી બોટલ મળવા મુદ્દે દિવ્ય ભાસ્કરે જ્યારે પ્રિન્સિપાલ મનોજ પટેલ સાથે વાત કરી તો તેમણે ચોંકાવનારા ખુલાસા કર્યા છે. દારૂની બોટલ તો દૂરની વાત છે, પરંતુ વર્ષોથી ગુજરાત કોલેજ અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયું હોવાનો પ્રિન્સિપાલ દ્વારા દાવો કરવામાં આવ્યો છે. પ્રિન્સિપાલ દ્વારા ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે કે ગુજરાત કોલેજમાં પોલિટિકલ પાર્ટીના લોકોએ અડ્ડો બનાવી દીધો છે. પોલિટિકલ પાર્ટીની નંબર પ્લેટ લખેલી ગાડી લઈને આંતક મચાવી રહ્યા છે.

લીમડા નીચે ખરાબ અવસ્થામાં બેસીને અસમાજિક તત્વો આંતક મચાવી રહ્યા છે. માત્ર એટલું જ નહીં અસમાજિક તત્વો ગુજરાત કોલેજને અડ્ડો તો બનાવી દીધો છે. સાથે સાથે જે પણ વિદ્યાર્થિનીઓ ત્યાંથી પસાર થતી હોય તો તેમના પર ખરાબ કોમેન્ટ કરતા હોવાનો પણ પ્રિન્સિપાલ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. તેમજ જ્યારે અધ્યાપિકાઓ ત્યાંથી પસાર થાય તો તેમને પણ ક્ષોભજનક પરિસ્થિતિમાં મુકાઈ જવું પડે છે. વિદ્યાર્થિનીઓની અનેક વખત રજૂઆત બાદ પણ આચાર્ય અસામાજિક તત્વોનો અડ્ડો દૂર કરવા માટે કઈ કરી શકે તેવી સ્થિતિમાં નથી.

ગુજરાત કોલેજમાં ત્રણ અલગ અલગ વિભાગ છે. તમામ વિભાગના અલગ અલગ પ્રિન્સિપાલ પણ છે. ત્રણેય પ્રિન્સિપાલ દ્વારા અનેક વખત પોલીસ સ્ટેશનમાં રૂબરૂ જઈને લેખિત રજૂઆત કરવામાં આવી છે, પરંતુ માત્ર બે દિવસ પોલીસ આવી અને તે સમયે અસામાજિક તત્વો ગાયબ થઈ ગયા હતા. તે બાદ ફરી અસામાજિક તત્વોએ ગુજરાત કોલેજને પોતાનો અડ્ડો બનાવી દીધો છે. તે બાદ પણ અનેક વખત રજૂઆત કરી છતાં પોલીસે અસમાજિક તત્વોનો અડ્ડો બંધ કરાવવા કોઈ કાર્યવાહી કરી નથી. કોલેજ જેવી શૈક્ષણિક સંસ્થામાંથી અસામાજિક તત્વોનો અડ્ડો દૂર થાય તેવી પ્રિન્સિપાલ માગ કરી રહ્યા છે.

વિદ્યાર્થીએ ખોટું એફિડેવિટ કરી પ્રવેશ લીધો હોવાના પુરાવા



પ્રિન્સિપાલે જાહેર કર્યા પ્રિન્સિપાલે ચોંકાવનારી વિગતો જાહેર કરી છે. સૌરવ ચાવડા નામના વિદ્યાર્થીએ ખોટું એફિડેવિટ કરીને પ્રવેશ લીધો હોવાના પુરાવા પણ પ્રિન્સિપાલ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. વર્ષ 2021માં ધોરણ 12 પાસ કર્યા બાદ કોઈ કોલેજ કે કોઈ યુનિવર્સિટીમાં અભ્યાસ ન કર્યો હોવાનું વિદ્યાર્થીએ એફિડેવિટ કર્યું હતું, પરંતુ પ્રિન્સિપાલ દ્વારા તપાસ કરવામાં આવતા ગુજરાત યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. જો કે હવે પ્રિન્સિપાલ દ્વારા તેની સામે પોલીસ ફરિયાદ પણ કરવામાં આવશે.

‘કોલેજ કેમ્પસમાં CCTV લગાડીને તમામ દેખરેખ પર ધ્યાન આપીશું’

‘સંસ્થામાં અસામાજિક તત્વો બેફામ ફરતા હોય તે જોઈને અમારો જીવ બળી જાય છે’\પ્રિન્સિપાલ મનોજ પટેલે જણાવ્યું હતું કે, દારૂની બોટલનો વીડિયો સામે આવ્યો છે તેમાં જ્યાં ખાલી બોટલો પડી છે તે બોટલો પગથી ખસેડીને લાવવામાં આવી છે. ગુજરાત કોલેજની બહાર જે ખોટી રીતે પાર્કિંગ થતું હતું તે પણ બંધ કરી દેવામાં આવ્યું છે. પોલીસ અને મ્યુનિસિપલ કમિશનરને લેખિતમાં રજૂઆત કરી છે આ સંસ્થામાં વર્ષોથી અસામાજિક તત્વોનો અડ્ડો છે. સંસ્થામાં અસામાજિક તત્વો બેફામ ફરતા હોય તે જોઈને અમારો જીવ બળી જાય છે. ત્રણ કોલેજ છે જેના ત્રણેય આચાર્યોએ લેખિતમાં પોલીસ સ્ટેશનમાં રજૂઆત પણ આપી હતી. તે બાદ બે દિવસ પોલીસ સ્ટેશનમાંથી પોલીસ આવતી હતી, પરંતુ તે લોકોએ આવવાનું બંધ કરી દેતા ફરી અસામાજિક તત્વોએ કોલેજને અડ્ડો બનાવી દીધો છે.


કોલેજની વિદ્યાર્થિનીઓને હેરાન કરતા હોવાના આક્ષેપ સાથે મનોજ પટેલે જણાવ્યું હતું કે, તે બાદ ત્રણેય આચાર્યએ કોર્પોરેશનમાં રજૂઆત કરી છે કે કોલેજની બહાર દબાણો હટાવવામાં આવે. વિદ્યાર્થિનીઓએ અમને લેખિતમાં રજૂઆત કરી છે કે અમારે નીકળવું હોય તો પણ મુશ્કેલી પડી રહી છે. લીમડા નીચે અસામાજિક તત્વો બેસે છે અને જ્યારે અમે નીકળીએ ત્યારે ખરાબ કોમેન્ટ કરવામાં આવે છે. આચાર્ય તરીકે અમે અસામાજિક તત્વોને ટકોર કરીએ છીએ તો તેમને તે ગમતું નથી. વર્ષોથી ગુજરાત કોલેજ અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયું છે. ‘રાજકીય પાર્ટીની નેમ પ્લેટ રાખીને કેમ્પસમાં ગાડીઓ લઈને ફરતા હોય છે’ ખોટી રીતે વિદ્યાર્થીઓએ એડમિશન લીધા હોવાના દાવા સાથે મનોજ પટેલ જણાવે છે કે, વિજય યાદવ ખોટી રીતે પ્રવેશ કરીને ગાડીઓ લઈને અડ્ડો બનાવે છે. સૌરવ ચાવડાએ ખોટી રીતે સોગંદમાંનું કરીને એડમિશન લીધું છે. તેમજ એક પણ દિવસ આ લોકો વર્ગખંડમાં હાજર રહેતા નથી. અમે ટકોર કરીએ તો ધમકી આપે છે કે અમે વિદ્યાર્થી છીએ તમે અમને રોકી ન શકો. અમારા રેકોર્ડ રૂમમાં ઘૂસીને પણ ધમકી આપી રહ્યા છે. ‘વિદ્યાર્થિનીઓએ પણ લેખિતમાં આપ્યું છે કે અમને આ અસામાજિક તત્વોથી બચાવો’ વધુમાં મનોજ પટેલે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીએ ખોટી રીતે એડમિશન લીધું છે જેથી અમે હવે તેની સામે ફરિયાદ પણ દાખલ કરીશું. આજ કોલેજમાં અભ્યાસ કર્યો હોવા છતાં એવું એફિડેવિટ કરવામાં આવ્યું છે કે ક્યાંય પણ અભ્યાસ કર્યો નથી. જ્યારે હું ટકોર કરું ત્યારે એવા આક્ષેપ લગાવવામાં આવે છે કે તમે મને ધમકી આપી રહ્યા છો. નવા સીસીટીવી માટે અમે મંજૂરી પણ લઈ લીધી છે. હવે સમગ્ર કેમ્પસમાં સીસીટીવી લગાડીને અમે તમામ દેખરેખ પર ધ્યાન આપીશું. પોલીસ સ્ટેશનમાં રૂબરૂ જઈને ત્રણ ત્રણ વખત લેખિત રજૂઆત આપી છે, છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. વિદ્યાર્થિનીઓએ પણ લેખિતમાં આપ્યું છે કે અમને આ અસામાજિક તત્વોથી બચાવો.

# મેડિકલ સ્ટુડન્ટે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી: કારણ અકબંધ

## એમ.કે. શાહ મેડિકલ કોલેજની બોયઝ હોસ્ટેલના રૂમમાં જિંદગી ટૂંકાવી

• અમદાવાદ

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં SMS હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલી ડો. એમ.કે. શાહ મેડિકલ કોલેજની બોયઝ હોસ્ટેલમાં અભ્યાસ કરતા 26 વર્ષીય વિદ્યાર્થી દ્વારા ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેવામાં આવી છે. રવિવારે વહેલી સવારે બોયઝ હોસ્ટેલના તેના સાથી મિત્રને જાણ થઈ હતી. રૂમમાં સીલીંગ ફેન પર દોરી વડે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. ચાંદખેડા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી છે. જેથી તેને તાત્કાલિક હોસ્ટેલના વોર્ડનને જાણ કરી હતી તેઓ દોડી આવ્યા હતા અને તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. SMS હોસ્પિટલ ખાતે ઈમરજન્સી વોર્ડમાં તેને દાખલ કરી અને બચાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ તે બચી શક્યો નહોતો જેથી એક કલાકમાં જ તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.આ બાબતે ચાંદખેડા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. યુવકના પરિવારજનોને પણ જાણ કરવામાં આવી હતી તેઓ પણ અમદાવાદ આવી ગયા હતા. ચાંદખેડા પોલીસે અકસ્માત નોંધી મૃતક ચિંતન પરમારે શા માટે આપઘાત કર્યો તે અંગેની તપાસ શરૂ કરી છે.હોસ્ટેલના રૂમમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ લીધો મળતી માહિતી મુજબ મૂળ જામનગરનો રહેવાસી અને અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં SMS હોસ્પિટલ કમ્પાઉન્ડમાં આવેલી ડો. એમ.કે. શાહ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા ચિંતન પરમાર નામના 26 વર્ષીય યુવકે શનિવારે મોડી રાત્રે અથવા રવિવારે વહેલી સવારે બોયઝ હોસ્ટેલમાં પોતાના રૂમમાં સીલીંગ ફેન પર નાયલોનની દોરી વડે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ચિંતનનો સાથી મિત્ર પાર્થ જ્યારે આવ્યો ત્યારે તેને જાણ થઈ હતી કે,તેણે ગળેફાંસો ખાધો છે જેથી તેને તાત્કાલિક હોસ્ટેલના વોર્ડનને જાણ કરી હતી તેઓ દોડી આવ્યા હતા અને તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. SMS હોસ્પિટલ ખાતે ઈમરજન્સી વોર્ડમાં તેને દાખલ કરી અને બચાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ તે બચી શક્યો નહોતો જેથી એક કલાકમાં જ તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.આ બાબતે ચાંદખેડા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. યુવકના પરિવારજનોને પણ જાણ કરવામાં આવી હતી તેઓ પણ અમદાવાદ આવી ગયા હતા. ચાંદખેડા પોલીસે અકસ્માત નોંધી મૃતક ચિંતન પરમારે શા માટે આપઘાત કર્યો તે અંગેની તપાસ શરૂ કરી છે.



**ડ્રોનથી ચેકિંગ**

### હોળી અને રમજાનના પગલે પોલીસનું ફૂટ પેટ્રોલીગ

# તહેવોરામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા રાત્રિના સમયે પોલીસના ધાડા ઉતર્યા, ડ્રોનથી ચેકિંગ

## હોળી- ધુળેટીનો તહેવાર અને રમજાન મહિનો ચાલી રહ્યો છે ત્યારે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં કાયદો તેમજ વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ

• અમદાવાદ

હોળી- ધુળેટીનો તહેવાર અને રમજાન મહિનો ચાલી રહ્યો છે ત્યારે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં કાયદો તેમજ વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેને લઈને પોલીસ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ અને ચેકિંગ કરવામાં આવ્યું હતું. શહેરના અમરાઈવાડી, બાપુનગર, ખોખરા, રખિયાલ, ગોમતીપુર, દાણીલીમડા, મણીનગર, ઈસનપુર સહિતના અલગ અલગ વિસ્તારોમાં ડીસીપી, એસીપી અને પીઆઈ સહિતનો પોલીસ કાફલો રાત્રે રોડ પર ઉતર્યો હતો અને વાહન ચેકિંગથી લઈને ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. દાણીલીમડા અને ઈસનપુર સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોનથી ચેકિંગ કરવામાં આવ્યું હતું. દારૂ પીને વાહન ચલાવતા લોકોના ઝડપવામાં આવ્યા હતા. નંબર પ્લેટ અને કાળા કાચ વિનાની ગાડી સહિતના વાહનોને ડીટેઈન પણ કરવામાં આવ્યા છે. ધુળેટી અને રમઝાન મહિનાના તહેવારોને ધ્યાનમાં રાખીને શહેરના પૂર્વ વિસ્તારોમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઝોન 6 વિસ્તારમાં આવતાં દાણીલીમડા, ઈસનપુર, મણીનગર સહિતના વિસ્તારોમાં



પેટ્રોલિંગ દરમિયાન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નાઈટ વિઝન ડ્રોન દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં રમજાન મહિનો હોવાથી મોડી રાત્રે ધમધમતા ભીડભાળ વાળા બજારો, સાંકડી ગલીઓ અને મકાનની અગાસીમાં નાઈટ વિઝન ડ્રોન દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા નંબર પ્લેટ વિના વાહનોને ડીટેઈન કરવામાં આવ્યા હતા તેમ જ કાળા કાચની ગાડીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. દારૂ પીધેલા પણ ઝડપાયા હતા.

ઝોન- 5 ડીસીપી જીતેન્દ્ર અગ્રવાલ એ જણાવ્યું હતું કે હોળી અને ધુળેટીના તહેવાર તેમજ રમજાન મહિનાને લઈને ઝોન 5માં આવતા રખિયાલ, ખોખરા, બાપુનગર, અમરાઈવાડી, નિકોલ સહિતના અલગ અલગ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ફ્લેગમાર્ચ અને પેટ્રોલિંગ હાથ ધરાયું હતું. સંવેદનશીલ વિસ્તાર એવા હિન્દૂ અને મુસ્લિમ વિસ્તાર ભેગા થાય છે ત્યાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું

DCP, 2 ACP, 8 PI સહીત 100 થી વધુ પોલીસકર્મી ફુટ પેટ્રોલિંગમાં હાજર રહ્યા હતા. હિસ્ટ્રી શીટર અને રીઢા ગુનેગારોમાં કાયદાનો ડર બેસાડવા માટે પેટ્રોલિંગ હાથ ધરાયું. રબારી કોલોની ચાર રસ્તા પર વાહન ચેકીંગ કરવામાં આવ્યું હતું. પસાર થતા વાહનો અને કારમાં ચેકીંગ કર્યું હતું. દારૂ પીધેલા 20 થી વધારે લોકોને ઝડપી અને ડ્રીંક એન્ડ ડ્રાઈવનો કેસ પણ કરવામાં આવ્યો છે. પ્રતિબંધિત બ્લેક ફિલ્મ લગાવેલી 3 કારમાંથી બ્લેક ફિલ્મ પણ કાઢવામાં આવી હતી.ઝોન 5 પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ પીધેલાના 32 જેટલા કેસ કરવામાં આવ્યા હતા. દારૂ પીને વાહન ચલાવવાના 30 જેટલા કેસ કરવામાં આવ્યા હતા. 200 જેટલા વાહનોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. રજીસ્ટ્રેશન અને નંબર પ્લેટ વિનાના 17 જેટલા વાહન ચાલકો સામે કાર્યવાહી કરાઈ છે જ્યારે 27 જેટલા વાહનોને ડીટેઈન કરવામાં આવ્યા છે.

### બે મકાનમાંથી 3 લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી તસ્કરો ફરાર

# હિંમતનગરના સરવણામાં એકજ રાતમાં તસ્કરોએ છ મકાનને નિશાન બનાવતા ગભરાટ

• સાબરકાંઠા

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના સરવણા ગામે એક જ રાતમાં તસ્કરોએ છ મકાનોને નિશાન બનાવ્યા હતા. તેમાંથી બે મકાનમાંથી કુલ રૂ. ૩.૯૫ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી થઈ હતી. આ અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. તસ્કરોએ ૫ ઇંચ બંધ મકાનોના તાળા તોડયા હતા. જયારે એક મકાનમાં માલિકો આગળના ભાગે હાજર હોવા છતાં પાછળથી તાળું તોડી ઘરમાંથી ચોરી કરી હતી. વિજયસિંહ રણજીતસિંહ સૂર્યવંશીએ નોંધાવેલી ફરિયાદ મુજબ પાછળથી તાળું તોડી ઘરમાંથી ચોરી કરી હતી બંને મકાન માલિકોની ફરિયાદના આધારે ગાંભોઈ પોલીસે અજાણ્યા શખ્સો સામે ચોરીનો ગુનો નોંધી એફ. એસ.એલ અને ડોગ સ્ક્વોડ સહિતની વિવિધ એજન્સીઓ દ્વારા તપાસ શરૂ કરી છે.

રૂ. ૧૦ હજારની વીંટી, રૂ.૩૦ હજારના ચાંદીના બે જોડી રમજા, ઉત્તરાયણની રાત્રે અજાણ્યા શખ્સોએ તેમના મકાનના દરવાજાનું તાળું તોડી પ્રવેશ કર્યો હતો. અંદરથી બે પતરાની પેટીના તાળા તોડી, રૂ. ૧ લાખનો સવા તોલા સોનાનો દોરો, રૂ. ૫૦ હજારની અડધા તોલા સોનાની બુટ્ટીની જોડ,

૨૫ ગ્રામના પાંચ ચાંદીના સિક્કા અને રૂ.૫૦ હજાર રોકડ સહિતની મત્તાની ચોરી કરી હતી. આ ઉપરાંત રઘુવીરસિંહના ઘરના કબાટમાંથી તસ્કરો રૂ.૫૦ હજારનું અડધા તોલા સોનાનું પેંડલ, રૂ.૩૦ હજારની કાનમાં પહેરવાની સોનાની બુટ્ટી, રૂ. ૧૦ હજારના ચાંદીના રમજા અને રૂ.૨૫ હજાર રોકડ ચોરી ગયા હતા. આ અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. તસ્કરોએ ૫ ઇંચ બંધ મકાનોના તાળા તોડયા હતા. જયારે એક મકાનમાં માલિકો આગળના ભાગે હાજર હોવા છતાં પાછળથી તાળું તોડી ઘરમાંથી ચોરી કરી હતી બંને મકાન માલિકોની ફરિયાદના આધારે ગાંભોઈ પોલીસે અજાણ્યા શખ્સો સામે ચોરીનો ગુનો નોંધી એફ. એસ.એલ અને ડોગ સ્ક્વોડ સહિતની વિવિધ એજન્સીઓ દ્વારા તપાસ શરૂ કરી છે.

# ભરૂચમાં શ્વાન કરડવાના કેસોનો રાફડો ફાટતા પાલિકા એક્શનમાં: 17 દિવસમાં 150 શ્વાનોનું ખસીકરણ, હડકવા મુક્ત શહેર માટે મેગા ઓપરેશન

• ભરૂચ,

ભરૂચ શહેરમાં રખડતા શ્વાનોના વધતા આતંક અને હડકવાના ભય સામે નગરપાલિકાએ આક્રમક અ ભિયાન છેડ્યું છે. માત્ર દોઢ મહિનામાં શ્વાન કરડવાના રેકોર્ડબ્રેક 1094 કેસો સિવિલ હોસ્પિટલમાં નોંધાતા જાગેલા તંત્રએ 1 જાન્યુઆરીથી ’એનિમલ બર્થ કંટ્રોલ રૂલ્સ-2023’ હેઠળ કામગીરી તેજ કરી છે. છેલ્લા 17 દિવસમાં શહેરના વિવિધ વોર્ડમાંથી 150 જેટલા શ્વાનોને પકડી તેમનું સફળતાપૂર્વક ખસીકરણ અને રસીકરણ કરવામાં આવ્યું છે.

મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલના જણાવ્યા મુજબ, હાઈકોર્ટ અને રાજ્ય સરકારના આદેશ અનુસાર દાહોદની સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટને આ કામગીરી સોંપવામાં આવી છે. જેમાં પાલિકા પ્રત્યેક શ્વાન દીઠ 2400નો ખર્ચ કરી રહી છે. પકડાયેલા શ્વાનો ને જે.બી. મોદી બાગ પાસેના પાલિકા ગેરેજ ખાતે રાખી નિષ્ણાત તબીબો દ્વારા ઓપરેશન કરવામાં આવે છે.

પાંચ દિવસની દેખરેખ અને પૂરતા ખોરાક બાદ સ્વસ્થ થયેલા શ્વાનોને રસી આપી પુનઃ તેમના મૂળ વિસ્તારમાં છોડવામાં આવે છે. આ વૈજ્ઞાનિક પદ્ધતિથી આગામી સમયમાં શ્વાનોની વસ્તી પર નિયંત્રણ આવશે અને શહેરીજનોને ભયમુક્ત વાતાવરણ મળશે.

### ગરીબ મજૂરો પાસેથી ૫% ફાળાના નામે સવા કરોડ રૂપિયાનું સંભવિત ખંડણી કૌભાંડ!

# ગરીબ, વૃદ્ધ અને વિધવા મજૂરોની મહેનતની કમાણીમાંથી ફાળો વસૂલવાનો કોઈ અધિકાર કોઈ સંસ્થાને નથી. : ડૉ. મનીષ દોશી

ગુજરાતના મજૂર આંદોલનના ઈતિહાસમાં મજૂર મહાજન સંઘનું સ્થાન ભૂતકાળમાં ગૌરવપૂર્ણ રહ્યું છે. મહાત્મા ગાંધીના માર્ગદર્શન અને આદર્શોથી પ્રેરિત રહી આ સંસ્થાએ ગરીબ, શોષિત અને પીડિત મજૂરોના હિત માટે લાંબા સમય સુધી સંઘર્ષ કર્યો હતો. પરંતુ આજે અત્યંત દુ:ખ અને ચિંતા સાથે કહેવું પડે છે કે એ જ સંસ્થા સામે ગરીબ મિલ મજૂરોની મહેનતની રકમને લઈને ગંભીર અને ચિંતાજનક આરોપો ઊભા થયા છે.

રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશી અને મીડિયા કો-કન્વીનર અને પ્રવક્તા હેમાંગ રાવલે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે માનનીય ગુજરાત હાઈકોર્ટે તા. ૧૯/૧૨/૨૦૨૫ના રોજ C/OLR/૭૫/૨૦૨૫ માં સ્પષ્ટ આદેશ કર્યો હતો કે બંધ મિલોના કામદારો અને તેમના વારસદારોને મળનારી રકમ સીધી તેમના બેંક ખાતામાં RTGS/NEFT દ્વારા ચૂકવવાની રહેશે, જેથી કોઈ મધ્યસ્થી દ્વારા શોષણ ન થાય. તેમ છતાં, આ સ્પષ્ટ આદેશ હોવા છતાં મજૂર મહાજન સંઘ દ્વારા તેમના કાર્યાલય ખાતે બોર્ડ લગાવીને કામદારો પાસેથી મળનારી રકમમાંથી “મીનિમમ ૫% ફાળો” આપવાની ફરજ પાડવામાં આવી રહી છે. ઉપલબ્ધ ફોટોગ્રાફિક પુરાવાઓ દર્શાવે છે કે કામદારોને અપ્રત્યક્ષ રીતે એવો સંદેશ આપવામાં આવી રહ્યો છે કે “ફાળો આપશો તો જ કામ થશે”.

હેમાંગ રાવલે કહ્યું કે કામદારોને મળનારી કુલ રકમમાંથી ૫% ફાળો ઉઘરાવવાનો પ્રયાસ કરવામાં આવે તો તે રકમ રૂ. ૧,૨૯,૩૮,૪૫૧/- (સવા કરોડ રૂપિયાથી વધુ) થાય છે. ગરીબ, વૃદ્ધ અને મિલ કામદારો, વિધવા અને વારસદારોને માટે આ રકમ જીવનની છેલ્લી આશા સમાન છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે આ કોઈ સેવા નથી, પરંતુ ખુલ્લેઆમ ગેરકાયદેસર ખંડણી છે અને હાઈકોર્ટના આદેશની સીધી અવગણના સમાન છે.ભૂતકાળમાં પણ પ્રસાદ મિલના પણ આજ રીતે એક કરોડ 25 લાખથી વધારે રૂપિયા ઉઘરાવાયા હતા આમ પ્રસાદ સહિતના બંધ મિલોના ગરીબ મજૂરો પાસેથી આ જ રીતે ગેરકાયદેસર ફાળો ઉઘરાવવાની ફરિયાદો સામે આવી ચૂકી છે. કેલિકો મિલ જેવા કેટલાક કિસ્સાઓમાં ખોટા મિલ મજૂરોના નામે રકમ ઉપાડવાના ગંભીર આક્ષેપોમાં સંસ્થાના પદાધિકારીઓ સામે ફોજદારી ગુનાઓ નોંધાયા હતા અને કાનૂની કાર્યવાહી પણ થઈ હતી અને તે જ લોકો હાલમાં જામીન પર બહાર છે અને અત્યારે તેઓ જ વહીવટ કરી રહ્યા છે, જે જાહેર રેકોર્ડ પર ઉપલબ્ધ છે. આ ઉપરાંત કામદારોની મહેનતના રૂપિયાથી ઊભી થયેલી કરોડો રૂપિયાની મહામૂલી મિલકતોને પણ બારોબાર અને અપારદર્શી રીતે વેચવાના પ્રયાસોની ફરિયાદો સામે આવી રહી છે.અમદાવાદ શહેર કોંગ્રેસના મહામંત્રી અને જાગૃત નાગરિક શ્રી અનીશ પટેલ દ્વારા ગુજરાત હાઈકોર્ટને આ બાબતે સુઓમોટો સંજ્ઞાન લેવા વિનંતી કરતો પત્ર પણ લખવામાં આવેલ છે તથા મજૂર મહાજન કાર્યાલય જે હદમાં આવે છે તે કારંજ પોલીસ સ્ટેશનને લેખિત ફરિયાદ પણ કરવામાં આવેલ છે.હેમાંગ રાવલે જણાવ્યું કે આજે સ્થિતિ એવી છે કે મજૂર મહાજન સંઘ પર કોઈ અસરકારક અંકુશ રહ્યો નથી અને જે સંસ્થા ક્યારેય મજૂરોના હિત માટે ઓળખાતી હતી, તે આજે ભ્રષ્ટાચાર, અપારદર્શિતા અને મનમાની નિર્ણયોની ફરિયાદોથી ઘેરાઈ ગઈ છે.

# યુદ્ધે પાલનપુરના વૃદ્ધ દંપતિને રડાવ્યા, ટિકિટ રદ થતા પરિવાર દુબઈમાં અટવાયો

## પાલનપુરનો પરિવાર દુબઈમાં ફસાયો



મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ઈરાક અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધના તણાવ વચ્ચે પાલનપુરના ગણેશપૂરા વિસ્તારનો એક પરિવાર હાલ દુબઈમાં ફસાયો છે. 23 ફેબ્રુઆરીએ સુભાષ પટેલ પરિવાર સાથે દુબઈ ફરવા ગયા હતા અને આજે પાલનપુર પરત આવવાનું હતું. પરંતુ ગઈકાલે અને આજે બંને દિવસ તેમની ટિકિટ રદ થઈ ગઈ છે.પાલનપુરના ગણેશપૂરા વિસ્તારમાં રહેતા સુભાષ પટેલ 23 ફેબ્રુઆરીએ પરિવાર સાથે દુબઈ ફરવા ગયા હતા. આજે તેઓ વતન પરત ફરવાના હતા, પરંતુ યુદ્ધના તણાવને કારણે ફ્લાઈટ સેવાઓ પ્રભાવિત થતાં તેમની ટિકિટ સતત બીજા દિવસે માટે રદ થઈ રહી છે. પાલનપુરમાં રહેલા તેમના વૃદ્ધ માતા-પિતા સતત ચિંતિત છે. દર કલાકે વીડિયો કોલ કરીને પરિવારની સલામતી અંગે માહિતી મેળવી રહ્યા છે.પરિવારજનોએ જણાવ્યું છે કે હાલ તેઓ દુબઈમાં સુરક્ષિત છે પરંતુ પરત ફરવાની અનિશ્ચિતતા કારણે ચિંતા વધી રહી છે.પરિવારે સરકાર પાસે વિનંતી કરી છે કે વિદેશમાં ફસાયેલા ભારતીયોને જલ્દીથી જલ્દી સુરક્ષિત રીતે વતન પરત લાવવા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે.દુબઈમાં પાલનપુરના અનેક લોકો વ્યવસાય અને નોકરી કરે છે જેના કારણે સમગ્ર શહેરમાં પણ ચિંતા વ્યાપી છે.

પ્રતિનિધિ દિપક પુરબીયા

# લૂંટના ઈરાદે યુવાનની હત્યાના મામલે બાબર સમાજની રજુઆત ન્યાયની માંગ સાથે કલેક્ટર અને SP કચેરીએ આવેદનપત્ર પાઠવ્યું

• ભાવનગર

ભાવનગરના બાબર સમાજના યુવાન રાજુભાઈ ગઢાદરાની લૂંટના ઈરાદે કરવામાં આવેલી હત્યાના વિરોધમાં આજે બાબર સમાજના આગેવાનો, વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતાં. ન્યાયની માંગ સાથે સમાજના કાર્યકર્તાઓ દ્વારા કલેક્ટર કચેરી અને એસપી (SP) કચેરી ખાતે રૂબરૂ રજૂઆત કરી આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.મૃતક રાજુભાઈ ગટાધરાની લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવી હતી. આ મામલે મૃતકના માતા દ્વારા પાંચ શંકાસ્પદ વ્યક્તિઓના નામ આપવામાં આવ્યા હોવા છતાં, પોલીસ દ્વારા અત્યાર સુધી માત્ર બે જ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

મદારી ગેંગ

સુરતમાં સાધુના વેશમાં ફરતી ઠગબાજ 'મદારી ગેંગ' ઝડપાઈ

# વાતોમાં ભોળવી દાગીના સેરવી લેતા, 8.71 લાખનો મુદ્દામાલ ને 'Police' લખેલી પ્લેટ જપ્ત

## સોના-ચાંદીના દાગીના પડાવી લેતી રીઢા ગુનેગારોની 'મદારી ગેંગ'ના બે સાગરીતોને પોલીસે દબોચી લીધા છે

• સુરત

સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચને એક મોટી સફળતા મળી છે. શહેરમાં સાધુનો વેશ ધારણ કરી ભોળા લોકોને પોતાની વાતોમાં ફસાવી કીંમતી સોના-ચાંદીના દાગીના પડાવી લેતી રીઢા ગુનેગારોની 'મદારી ગેંગ'ના બે સાગરીતોને પોલીસે દબોચી લીધા છે. આ ટોળકીની મોડસ ઓપરેન્ડી એટલી શાતિર હતી કે તેઓ જ્યોતિષ વિદ્યા અને ધાર્મિક વાતોના બહાને લોકોનો વિશ્વાસ જીતી લેતા અને ક્ષણભરમાં લાખોના દાગીના લઈ રફુચક્કર થઈ જતા હતાં. પોલીસ તપાસમાં ગુજરાત અને મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં આચરેલા કુલ 21 જેટલા ગુનાઓના ભેદ ઉકેલાયા છે. તેમની પાસેથી રૂ. 8.71 લાખનો મુદ્દામાલ અને 'Police' લખેલી પ્લેટ જપ્ત કરાયો છે.

આ ગેંગની કામ કરવાની પદ્ધતિ ખૂબ જ વિચિત્ર અને જોખમી હતી. ટોળકીના સભ્યો લક્ઝુરિયસ કારમાં નીકળતા અને રસ્તામાં કોઈ વ્યક્તિને ટાર્ગેટ કરતા હતાં. આરોપીઓ આશ્રમ કે ગૌશાળાનું સરનામું પૂછવાના બહાને રાહદારીને રોકતા હતાં. જેવો કોઈ વ્યક્તિ ઉભો રહે, એટલે સાધુના વેશમાં રહેલો રાજેશનાથ ઉર્ફે રાજલો મદારી જ્યોતિષના એવા શબ્દો બોલતો




જે મોટાભાગના લોકોને લાગુ પડતા હોય. તે કહેતો કે, 'બેટા તારા દુશ્મનો ઘણા છે', 'તુ ઘણો ભોળો છે', અથવા 'તારી પાસે રૂપિયા તો આવે છે પણ બચત થતી નથી'. આ વાક્યો સાંભળી સામેવાળી વ્યક્તિ અંજાઈ જતી અને તેમની વાતોમાં આવી જતી હતી.

એકવાર સામેની વ્યક્તિ વિશ્વાસમાં આવી જાય એટલે આ ઠગબાજો પોતાની અસલી રમત શરૂ કરતાં. તેઓ કહેતા કે 'આગળ મોટો ભંડારો કરવાનો છે' અથવા 'ગૌશાળામાં દાન કરવાનું છે'. પુણ્ય કમાવવાની લાલચ આપી તેઓ વ્યક્તિને તેના શરીર પર પહેરેલા કીંમતી સોનાના દાગીના ઉતારીને એક બાજુ મૂકવા જણાવતા હતાં. વિધિ કરવાના બહાને નજર ચૂકવી આ ટોળકી દાગીના લઈને પોતાની કારમાં નાસી છૂટતી હતી. સુરતના વેસુ સહિત અનેક વિસ્તારોમાં આ ગેંગે આ જ રીતે અનેક લોકોને લૂંટ્યા હોવાની કબૂલાત કરી છે.

સુરત ક્રાઈમ બ્રાન્ચના આર્મ્સ સ્કોડને બાતમી મળી હતી કે આ મદારી ગેંગ શહેરના સીમાડે ફરી રહી છે. જે આધારે પોલીસે વોચ ગોઠવી કોસમાડા-ખડસાદ કેનાલ રોડ પર બુલેટ ટ્રેનના બ્રીજ નીચેથી બે આરોપીઓની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓમાં રાજેશનાથ ઉર્ફે રાજલો બાબુનાથ મદારી (રહે.કપડવંજ, ખેડા) અને અશોકકુમાર ગમનારામ ચૌધરી (રહે. સિરોહી,રાજસ્થાન)નો સમાવેશ થાય છે.પોલીસે તેમની પાસેથી સ્વિફ્ટ અને અમેજ એમ બે લક્ઝુરિયસ કાર પણ જપ્ત કરી છે, જેનો ઉપયોગ તેઓ ગુનાને અંજામ આપવા માટે કરતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી સોનાની રુદ્રાક્ષની માળા, સોનાની વીંટી, રોકડ રકમ, 4 મોબાઈલ ફોન અને બે કાર મળી કુલ રૂ. 8,71,780 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આશ્ચર્યની વાત એ છે કે આરોપીઓ પોતાની ગાડી પર 'POLICE' લખેલી પ્લેટ પણ રાખતા હતાં, જેથી હાઈવે પર કે શહેરમાં કોઈ તેમને રોકે નહીં અને પોલીસ હોવાનો વટ પાડીને બચી શકાય. આ ટોળકી કપડવંજથી નીકળી અલગ-અલગ રાજ્યોમાં નેટવર્ક ફેલાવીને ઠગાઈ કરતી હતી. પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. તેઓએ સુરતના વેસુ અને કામરેજ ઉપરાંત આણંદ, લુણાવાડા, સંતરામપુર, બનાસકાંઠા અને નવસારીમાં પણ અનેક લોકોને નિશાન બનાવ્યા છે.

ગુજરાતની બટાટા નગરી તરીકે પ્રખ્યાત એવા ડીસામાં રૂપિયા 12 કરોડના ખર્ચે


# અદ્યતન સુવિધાઓ ધરાવતું સરકારી હાઈટેક કોલ્ડ સ્ટોરેજ ખેડૂતોને કોઈ કામમાં આવે તે પહેલા જ જર્જરિત અને ધૂળખાતુ થઈ ગયું

પ્રશ્નો ઉભા

જલારામ મંદિરથી રાણપુર રોડ પર કીમતી જમીન પર વર્ષ 2012માં હાઈટેક કોલ્ડ સ્ટોરેજ બનાવવાનો નિર્ણય લેવાયો

• બનાસકાંઠા..

દેશભરમાં બટાટા નગરી તરીકે ઓળખાતા ડીસામાં 12 કરોડના ખર્ચે બનાવાયેલું સરકારી હાઈટેક કોલ્ડ સ્ટોરેજ આજે ધૂળ ખાઈ રહ્યું છે.ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ દ્વારા બનાવાયેલ આ અધ્યતન સુવિધાવાળું સ્ટોરેજ માત્ર બે વર્ષ જ ભાડેથી ચાલ્યું અને છેલ્લા 7-8 વર્ષથી બંધ હાલતમાં છે.એક તરફ ખેડૂતો બટાકાના ઓછા ભાવ અને ડબલ ભાડાના મારને સહન કરી રહ્યા છે ત્યારે કરોડોના સરકારી મૂડીરોકાણ પર અનેક પ્રશ્નો ઉભા થયા છે.આખરે કેમ બંધ પડ્યું આ કોલ્ડ સ્ટોરેજ કોણ છે આનો જવાબદાર અને ખેડૂતોને ક્યારે મળશે રાહત આવો જોઈએ અમારો વિશેષ




રિપોર્ટડીસા શહેરના હાર્દ સમાન વિસ્તારમાં, જલારામ મંદિરથી રાણપુર રોડ પર કીમતી જમીન પર વર્ષ 2012માં હાઈટેક કોલ્ડ સ્ટોરેજ બનાવવાનો નિર્ણય લેવાયો હતો. વર્ષ 2017માં 5000 મેટ્રિક ટન ક્ષમતા સાથે આ સ્ટોરેજ તૈયાર થયું.12 કરોડ રુપિયાની કિંમતમાં પરંતુ શરૂઆતથી જ આ પ્રોજેક્ટ પ્રશ્નોમાં ઘેરાયો.પ્રથમ વર્ષે માત્ર 36 લાખના વાર્ષિક ભાડેથી પ્રાયવેટ પાર્ટીને સોંપવામાં આવ્યું. ત્યારબાદ માત્ર બે વર્ષ જ ભાડેથી ચાલ્યા પછી સ્ટોરેજ બંધ થઈ ગયું. છેલ્લા 7 થી 8 વર્ષથી આ સ્ટોરેજની મશીનરી જર્જરિત હાલતમાં ધૂળ ખાઈ રહી છે.અનેક વખત ટેન્ડર બહાર પાડવામાં આવ્યા પરંતુ કોઈ પણ પાર્ટી તેને સંચાલિત કરવા તૈયાર નથી.કારણ સમયસર મેન્ટેનન્સ ન થવાને કારણે અંદાજે 50 થી 60 લાખ રૂપિયાના રીપેરીંગ ખર્ચની જરૂર. વિચારવા જેવી વાત એ છે કે હાલ માત્ર સુરક્ષા માટે ત્રણ પાળીમાં ત્રણ સિક્યુરિટી ગાર્ડ રાખવામાં આવ્યા છે જેનો ખર્ચ પણ કોર્પોરેશન જ ભોગવી રહ્યું છે. એક તરફ બનાસકાંઠામાં બટાકાના ભાવ નથી મળતા. ખેડૂતોને પોતાની મહેનતનું યોગ્ય મૂલ્ય મળતું નથી.ઉપરથી બટાકા સંગ્રહ માટે ખાનગી કોલ્ડ સ્ટોરેજમાં ડબલ ભાડું ચૂકવવું પડે છે.જો આ સરકારી હાઈટેક કોલ્ડ સ્ટોરેજ ચાલુ હોત તો ખેડૂતોને રાહત દરે ભાડું મળી શકત અને તેમને સીધો ફાયદો થાત.ડીસા વર્ષો થી દેશભરમાં બટાટા હબ તરીકે ઓળખાય છે વર્ષ 2010 થી 2016 દરમિયાન 200 થી વધુ ખાનગી કોલ્ડ સ્ટોરેજ ઉભા થયા હતા જેનો સરેરાશ ખર્ચ 5 થી 7 કરોડ હતો.ત્યારે સરકાર પાસે પોતાની મુખ્ય રસ્તા પર જમીન હોવા છતાં 12 કરોડનો ખર્ચ કેમ થયો એવા અનેક પ્રશ્નો ઉભા થયા છે આ પ્રોજેક્ટ પાછળ કોઈ ગેરવ્યવસ્થા કે ગોટાળો થયો હોવાની શક્યતાઓ પણ નકારી શકાય તેમ નથી એવી ચર્ચાઓ હવે જોર પકડ્યું છે.હવે ખેડૂતોની માંગ છે કે બંધ પડેલા કોલ્ડ સ્ટોરેજને તાત્કાલિક રીપેર કરીને શરૂ કરવામાં આવે અને રાહત દરે ભાડું નક્કી કરવામાં આવે.

# રાજપીપલા વડિયા ગામમા બે ચકમક પથ્થર ઘસીને રૂ અને છાણાં સળગાવીને અનોખી રીતે હોળી પ્રગટાવાઈ

## ગ્રામજનોની ઘાસના પૂળા સાથે પ્રદક્ષિણા , આજના ડિજિટલ યુગમાંમાં પણ ગ્રામ્ય વિસ્તારમાં અનોખી માન્યતા

• રાજપીપલા:તા 2

રાજપીપલા વડિયા ગામમા બે ચકમક પથ્થર ઘસીને રૂ અને છાણાં સળગાવીને અનોખી રીતે હોળી પ્રગટાવાઈ હતી અને ઘાસના પૂળા સાથે પ્રદક્ષિણા કરાઈ હતી આવી રીતે હોળી પ્રગટાવવા થી ગામમાં સુખશાંતિ બની રહે છે એવી માન્યતા છે નર્મદા જીલ્લા માં હોળી પર્વ ની ધામધૂમ થી ઉજવણી કરાઈ રહી છે.ત્યારે ડિજિટલ ના યુગમાં પણ નર્મદા જિલ્લાના કેટલાક ગામોમાં આજે પરંપરાગત રીતે હોળી પ્રગટાવી ને પર્વ ની ઉજવણી કરવામાં આવે છે.રાજપીપલા ના વડિયા ગામે પણ પ્રતિવર્ષ ની જેમ આ વર્ષે પણ ચકમક પથ્થર થી રૂ અને છાણાં સળગાવી ને હોળી નું પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.આવી રીતે હોળી પ્રગટાવવા થી ગામમાં સુખશાંતિ બની એહે છે. તેવો નું માનવું છેકે આદિમાનવ વખતે કોઈપણ પ્રકારની માચીસ કે કેમિકલ ની શોધ ન હતી થઈ પરંતુ જે વર્ષો પહેલા હોળીને બે પથ્થર ઘસી



ને અગ્નિ પ્રગટાવવામાં આવતી તેજ રીતે આજે પણ આજના આધુનિક યુગમાં નર્મદા કેટલાક ગામો માં હોળી પ્રગટાવવામાંઆવે છેએમ આગેવાન ઘનશ્યામ પટેલ અને સરપંચ બિંદિયા વસાવા એ જણાવ્યું હતું mઅને હોળી ની પ્રદક્ષિણા સુકા ઘાસ ના પુળા લઈ ફરવામાં આવે છે અને જે ઘાસ ઢોર ને ખવડાવાથી આખુ વર્ષ ઢોર નીરોગી રહે છે આમ પૂરી શ્રધ્ધા થી લોકો આ પર્વની ઉજવણી કરી હતી.અને મોટી સંખ્યામા ગ્રામજનો હાજર રહ્યા હતા.અને આ પરંપરા નિભાવી રહ્યા છેજેમાં આદિવાસી નૃત્ય પરંપરા સાથે આદિવાસીઓએ હોલીની પ્રદક્ષિણા કરી હતી

તસવીર :દીપક જગતાપ, રાજપીપલા

# ડાંગર કોલેજની દાદાગીરી, લેઈટ ફીની રોજના રૂ.100 પેનલ્ટી

## ટ્રસ્ટીના પુત્રએ દારૂ પી મારપીટ કરવાની ધમકી આપ્યાનો આક્ષેપ

• રાજકોટ

રાજકોટની બી. એ. ડાંગર હોમિયોપેથી કોલેજ ફરી વિવાદમાં આવી છે.અહીં લેઈટ ફીની પેનલ્ટી તરીકે દરરોજના રૂ.100 વસૂલવામાં આવે છે અને ફી ન ભરનારા વિદ્યાર્થીઓને પરીક્ષા ફોર્મ ભરવા દેવામાં આવતા નથી અને વાયવામાં નપાસ કરવાની ધમકી આપવામાં આવે છે. ત્યારે આજે 2 માર્ચના વિદ્યાર્થી સંગઠન દ્વારા યુનિવર્સિટીએ હલ્લાબોલ કરી કુલપતિનો ઘેરાવ કરવામાં આવ્યો હતો. જે સમયે બી. એ. ડાંગર કોલેજ હાય હાય, 'ફી નહીં તો ફોર્મ નહીં, આવા અન્યાય બંધ કરો' અને 'VC તુમ એક કામ કરો, ખુરશી છોડો આરામ કરો' જેવા નારા લાગ્યા હતા. જોકે કુલપતિએ 2 દિવસમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોના નિરાકરણની ખાતરી આપી હતી.વિદ્યાર્થી સંગઠનના બીપીન પરમારે જણાવ્યું હતુ કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી. એ. ડાંગર હોમિયોપેથી કોલેજના વિદ્યાર્થીઓને થયેલા અન્યાયનો ન્યાય માંગવા માટે કુલપતિ સમક્ષ રજૂઆત કરી હતી. જે કોલેજમાં વિદ્યાર્થીઓ પાસેથી લેઈટ ફીના એક દિવસના રૂ.100 વસૂલવામાં આવે છે. જેવી વિદ્યાર્થીઓએ ફી નથી ભરી તેઓના પરીક્ષા આપવામાં કોલેજ દ્વારા અટકાવી દેવામાં આવ્યા છે. જેથી વિદ્યાર્થીઓને પરીક્ષા ફોર્મ ભરવા દેવામાં આવે અને વાયવામાં નાપાસ કરવાની ધમકી આપવામાં આવે છે તે બંધ થાય. આ કોલેજમાં પરીક્ષા કેન્દ્ર આપવામાં ન આવે તેવી માગ છે.વિદ્યાર્થી સંગઠન દ્વારા કુલપતિને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું હતું કે, બી.એ. ડાંગર હોમિયોપેથી કોલેજના બીજા વર્ષના વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ લેટ ફી વસૂલ્યા વિના ભરવાની મંજૂરી આપવામાં આવે. ગેરકાયદેસર રીતે વસૂલવામાં આવતી એટેન્ડન્સ ફી, લેટ ફી અને અન્ય પ્રોસેસિંગ ફી પર પ્રતિબંધ મૂકવો. દરેક પ્રકારની મેડિકલ પરીક્ષાનું કેન્દ્ર બી.એ. ડાંગર હોમિઓપેથિક કોલેજમાં ન આપવામાં આવે, કેમ કે વિદ્યાર્થીઓને વાયવા જેવી પરીક્ષામાં નપાસ કરવાની ધમકી આપી ષડયંત્ર કરવામાં આવે છે.

# સોખડાના સગીરને કારે હડફેટે લેતા કમકમાટીભર્યું મોત:રૂડા ટ્રાન્સપોર્ટનગરમાંથી બનેવીને મળીને નીકળ્યો' તો, એકના એક પુત્રના મોતથી પરિવારમા શોકનો માહોલ

• રાજકોટ

રાજકોટનાં કુવાડવા રોડ પર આવેલા સોખડા ગામે રહેતો 17 વર્ષીય મયુર પ્રવિણભાઈ સાકરિયા ગત તા.16/2ના સાંજે સાડા સાતેક વાગ્યે ટુવ્હીલર હંકારીને જતો હતો ત્યારે બેડી ચોકડી અને સોખડા વચ્ચે બ્લેકસ્ટોન હોટલ નજીક કારની ઠોકરે આવી જતાં બાઈક સહિત રોડ પર ફેંકાઈ જતાં ગંભીર ઈજા થઈ હતી. અકસ્માત સર્જી ચાલક કાર લઈને ભાગી ગયો હતો. મયુરને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.પરંતુ દિવસો સુધીની સારવારને અંતે તેનું મૃત્યુ થતાં કુવાડવા રોડ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર મયુર એક બહેનથી મોટો હતો, અને માતા-પિતાનો એકનો એક દિકરો હતો.તે ઘરે બેઠા ઈમિટેશનનું કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો. ગત તા.16 ફેબ્રુઆરીએ તે રૂડા ટ્રાન્સપોર્ટ નગરમાં રહેતા બનેવી દર્શનભાઈને મળવા ગયો હતો. ત્યાંથી પરત ઘરે આવતી વખતે આ બનાવ બન્યો હતો. તેના પિતા પણ ઈમિટેશનનું કામ કરે છે.એકના એક દિકરાના મૃત્યુથી સાકરીયા પરિવાર શોકમાં ગરકાવ થયો છે.રાજકોટની બેડી ચોકડી પાસે આવેલા ગુરુદેવ સ્ક્રેપ નામના કારખાનામાં શનિવારે સાંજે એલ્યુમિનિયમની ભઠ્ઠીમાં અચાનક જોરદાર ધડાકો થયો હતો. બ્લાસ્ટની ઝપેટમાં ત્યાં કામ કરી રહેલા 45 વર્ષીય શ્રમિક ગુરુ જેદીભાઈ નિષાદને પેટના અને શરીરના અન્ય અંગો પર ગંભીર ઈજાઓ પહોંચતા રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં સારવારમાં મોત નીપજ્યું હતું.

પીક અવર્સમાં અવારનવાર લાંબો ટ્રાફિક જામ સર્જાતો'તો, સુરત મનપા અને ટ્રાફિક પોલીસની સંયુક્ત કાર્યવાહી

# દક્ષેશ્વરનગરથી અલથાણ ખાડી સુધીના ગેરકાયદે દબાણો દૂર કરાયા

• સુરત

સુરત શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિન-પ્રતિદિન વધી રહી છે. ખાસ કરીને વરાછા, કતારગામ અને પાંડેસરા જેવા ગીચ વિસ્તારોમાં ગેરકાયદેસર દબાણોને કારણે વાહનચાલકોને ટ્રાફિકની સમષ્યા અડચણ રૂપ થાય છે. આવી જ સ્થિતિ દક્ષેશ્વર નગરથી અલથાણ ખાડી સુધીના માર્ગ પર જોવા મળી રહી હતી. આ ગંભીર સમસ્યાના કાયમી નિરાકરણ માટે સુરત મનપા અને ટ્રાફિક પોલીસ દ્વારા સંયુક્ત રીતે એક મોટું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં રોડ પરના ગેરકાયદેસર દબાણો અને આડેધડ પાર્કિંગ પર કડક કાર્યવાહી કરવામાં આવી હતી. દક્ષેશ્વર નગરથી અલથાણ ખાડી સુધીનો આ મુખ્ય માર્ગ આસપાસના રહેણાંક અને નાના ઔદ્યોગિક એકમોને જોડતો મહત્વનો રસ્તો છે. છેલ્લા ઘણા સમયથી સ્થાનિક રહીશો અને વાહનચાલકો દ્વારા ફરિયાદ કરવામાં આવી રહી હતી કે આ માર્ગ પર ફૂટપાથ અને અડધો અડધ રોડ દબાણ હેઠળ આવી ગયો છે. લારી-ગલ્લા ધારકો અને નાના પથારાવાળાઓએ રોડની ધાર પર કાયમી દબાણ કરી દીધું હતું. સૌથી મોટી સમસ્યા ગેરકાયદેસર પાર્કિંગની હતી. શોપિંગ કોમ્પ્લેક્સ અને વ્યાપારી એકમોની સામે પૂરતી પાર્કિંગ વ્યવસ્થા ન હોવાને કારણે ગ્રાહકો અને સ્થાનિક લોકો પોતાના ટુ-વ્હીલર તેમજ ફોર-વ્હીલર સીધા મુખ્ય રોડ પર જ પાર્ક કરી દેતા હતા. આના કારણે પીક અવર્સ દરમિયાન અવારનવાર લાંબો ટ્રાફિક જામ સર્જાતો હતો, જેના લીધે એમ્બ્યુલન્સ અને ફાયર ફાઈટર જેવા ઈમરજન્સી વાહનોને પણ પસાર થવામાં મુશ્કેલી પડતી હતી. સમસ્યાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાના ઝોનલ ઓફિસર અને સુરત ટ્રાફિક પોલીસના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ નક્કી કરવામાં આવ્યું કે માત્ર દંડ કરવાથી સમસ્યા નહીં ઉકલે, પરંતુ સ્થળ પર જઈને દબાણ દૂર કરવું પડશે.

આજે સવારથી જ SMCના દબાણ હટાવ વિભાગની ટીમો જેસીબી અને ટ્રેક્ટરો સાથે કાફલામાં જોડાઈ હતી. સાથે જ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ટ્રાફિક પોલીસનો મોટો કાફલો પણ તૈનાત કરવામાં આવ્યો હતો.દક્ષેશ્વર નગરથી અલથાણ ખાડી સુધીના માર્ગ પર જેટલા પણ પાકા કે કાચા શેડ, લારી-ગલ્લા અને ગેરકાયદેસર બાંધકામો ફૂટપાથ પર હતા, તેને તંત્ર દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. અનેક લારીઓ જપ્ત કરવામાં આવી હતી. સાથે રોડ પર આડેધડ પાર્ક કરેલા વાહનો વિરુદ્ધ ટ્રાફિક પોલીસે લાલ આંખ કરી હતી. અનેક ટુ-વ્હીલરોને ટોઈંગ ક્રેન દ્વારા ઉપાડી લેવામાં આવ્યા હતા, જ્યારે ફોર-વ્હીલર માલિકો પાસેથી સ્થળ પર જ મેમો આપીને મોટો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ કામગીરીના અંતે રોડની પહોળાઈમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો અને વાહન વ્યવહાર એકદમ સરળ બનાવ્યો હતો.

**શંકાસ્પદ મેઈલ** તમામ કચેરીઓમાં બોમ્બ-ડોગ સ્ક્વોડનું સર્ચ, તપાસમાં કઈ ન મળ્યું; તમિલની ન્યાય પ્રક્રિયા-રાજકારણનો ઉલ્લેખ

# સુરતની પાસપોર્ટ-પોસ્ટ ઓફિસને શંકાસ્પદ મેઈલ મળતા દોડધામ

## સુરત શહેરની પાસપોર્ટ ઓફિસને ત્રણ દિવસ બાદ ફરી આજે (2 માર્ચ) તમિલ ભાષામાં એક શંકાસ્પદ મેઈલ મળતાં દોડધામ મચી ગઈ છે

• સુરત

સુરત શહેરની પાસપોર્ટ ઓફિસને ત્રણ દિવસ બાદ ફરી આજે(2 માર્ચ)તમિલ ભાષામાં એક શંકાસ્પદ મેઈલ મળતાં દોડધામ મચી ગઈ છે. મેઈલને પગલે પાસપોર્ટ ઓફિસ દ્વારા કંટ્રોલરૂમને જાણ કરવામાં આવતા ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડ સહિત સ્થાનિક પોલીસનો મોટો કાફલો સ્થળે દોડી ગયો હતો. ડોગ સ્ક્વોડની મદદથી સમગ્ર પરિચરમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

સુરતની ઉમરા ગામ ખાતે આવેલી રિજનલ પાસપોર્ટ ઓફિસ, ઉધના પાસપોર્ટ ઓફિસ, નાનપુરા પોસ્ટ ઓફિસ સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ કેન્દ્રો પર તપાસ કરવામાં આવી હતી. આ તપાસ અંતર્ગત ઉધના દરવાજા ખાતે આવેલી પાસપોર્ટ સેવા કેન્દ્રની ઓફિસ તેમજ બારડોલી, નવસારી અને વલસાડ ખાતેના કેન્દ્રોને પણ એલર્ટ કરવામાં આવ્યા હતાં. તપાસના અંતે કઈ ન મળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

27 ફેબ્રુઆરીએ બોમ્બની ધમકી ભર્યા મેઈલ બાદ આજે ફરી તમિલ ભાષામાં શંકાસ્પદ મેઈલને પગલે ઓફિસમાં કામ કરતા કર્મચારીઓ અને મુલાકાતીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. મેઈલમાં તમિલનાડુના એક સામાન્ય નાગરિક પર કોર્ટમાં કેસ ચલાવવાની તક આપ્યા વિના હત્યાનો આરોપ મૂકવો, કસ્ટડી ડેથ અને તમિલના રાજકારણ વિશે લખવામાં આવેલું છે. હાલમાં પોલીસે આ અજાણ્યા મેઈલ મોકલનાર શખસને શોધી કાઢવા માટે સાયબર સેલની મદદ લીધી છે.

પોલીસે મેઈલની વિગતો જાણવા તમિલ ભાષાના જાણકારની મદદ લીધી પાસપોર્ટ ઓફિસમાં ત્રણ દિવસમાં બીજીવાર શંકાસ્પદ મેઈલ આવતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ વખતે મેઈલ તમિલ ભાષામાં હોવાથી કર્મચારીઓમાં એવી શંકા જન્મી હતી કે, આ પણ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી હોઈ શકે છે. જોકે, ભાષાકીય અવરોધને કારણે ઉમરા પોલીસે મેઈલની સચોટ વિગતો જાણવા માટે તમિલ ભાષાના જાણકારની મદદ લીધી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ જે ધમકીભર્યો મેઈલ મળ્યો હતો, તે અંગ્રેજી ભાષામાં હતો, જ્યારે આ વખતે મળેલો મેઈલ સંપૂર્ણપણે તમિલ ભાષામાં છે, જેના કારણે પોલીસ આ મામલે ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે.



એક વિદેશી આતંકવાદીને ચાર વર્ષની જેલ, જ્યારે તમિલનાડુના એક સામાન્ય નાગરિક પર કોર્ટમાં કેસ ચલાવવાની તક આપ્યા વિના હત્યાનો આરોપ મૂકવામાં આવે છે. કસ્ટડી એ સજા નથી, પરંતુ એક જવાબદારી છે.

જો સરકાર કોઈ વ્યક્તિને પોતાની કસ્ટડીમાં લે છે, ત્યારે તેના જીવની સંપૂર્ણ જવાબદારી સરકારની હોય છે. જો કસ્ટડીમાં તે જીવ ગુમાવે તો તે માત્ર એક વ્યક્તિગત ભૂલ નથી, પરંતુ સમગ્ર વહીવટી તંત્રની નિષ્ફળતા છે. આ નિષ્ફળતા માટેની રાજકીય જવાબદારી કોની છે?વિવેચકોનું કહેવું છે કે તમિલનાડુમાં લાંબા સમયથી ચાલી રહેલી પરિવારવાદની રાજનીતિએ સત્તાને અમુક ચોક્કસ વર્તુળોમાં સીમિત કરી દીધી છે. જ્યારે સત્તાનું કેન્દ્રીકરણ થાય છે, ત્યારે જવાબદારીની ભાવના ઓછી થઈ શકે છે. વહીવટ કદાચ ચાલતો રહે, પણ લોકોની પીડાની અવગણના ન થવી જોઈએ. માનવ અધિકારો માત્ર મંચ પરના ભાષણોથી સુરક્ષિત નથી થતા, તેનું રક્ષણ પોલીસ સ્ટેશનોમાં થવું જોઈએ. ભારતે એકવાર વિશ્વને સાબિત કરી બતાવ્યું હતું કે અહીં આતંકવાદી માટે પણ કાયદો છે. એવામાં જો સામાન્ય નાગરિક કસ્ટડીમાં સુરક્ષિત નથી એવો વિશ્વાસ જન્મે, તો તે લોકશાહીના હૃદય પર પ્રહાર છે. આ કોઈ એક વ્યક્તિની વાર્તા નથી, આ સમગ્ર તંત્ર કેવી રીતે કાર્ય કરે છે તેનો પ્રશ્ન છે.સરકારી સત્તા જીવ બચાવવા અને ન્યાય સ્થાપિત કરવા માટે હોય છે. ન્યાયિક પ્રક્રિયા સત્તાના દુરુપયોગને રોકવા માટે છે. જ્યારે આ વ્યવસ્થા નબળી પડે છે, ત્યારે જનતાનો પ્રશ્ન ખૂબ જ સીધો હોય છે: 'શું સરકાર ખરેખર નાગરિકોના જીવની રક્ષા કરી રહી છે?'એમ.કે. સ્ટાલિનના નેતૃત્વ હેઠળની તમિલનાડુ સરકાર સામાજિક ન્યાય, માનવ અધિકાર અને પ્રગતિશીલ રાજનીતિની મોટી વાતો કરે છે, પરંતુ જ્યારે કસ્ટડીમાં મોતના બનાવો વારંવાર સામે આવે છે, ત્યારે આ શબ્દોની વિશ્વસનીયતા પર સવાલ ઉભા થાય છે. દરેક કસ્ટોડિયલ ડેથ જનતાના વિશ્વાસને તોડે છે.

દરેક સામાન્ય તપાસ એવો પ્રશ્ન ઉભો કરે છે કે, શું આ બધું યથાવત રહેલા નબળા તંત્રને છુપાવવાનો પ્રયાસ છે?

વિવેચકોનું કહેવું છે કે તમિલનાડુમાં લાંબા સમયથી ચાલી રહેલી પરિવારવાદની રાજનીતિએ સત્તાને અમુક ચોક્કસ વર્તુળોમાં સીમિત કરી દીધી છે. જ્યારે સત્તાનું કેન્દ્રીકરણ થાય છે, ત્યારે જવાબદારીની ભાવના ઓછી થઈ શકે છે. વહીવટ કદાચ ચાલતો રહે, પણ લોકોની પીડાની અવગણના ન થવી જોઈએ. માનવ અધિકારો માત્ર મંચ પરના ભાષણોથી સુરક્ષિત નથી થતા, તેનું રક્ષણ પોલીસ સ્ટેશનોમાં થવું જોઈએ. ભારતે એકવાર વિશ્વને સાબિત કરી બતાવ્યું હતું કે અહીં આતંકવાદી માટે પણ કાયદો છે. એવામાં જો સામાન્ય નાગરિક કસ્ટડીમાં સુરક્ષિત નથી એવો વિશ્વાસ જન્મે, તો તે લોકશાહીના હૃદય પર પ્રહાર છે. આ કોઈ એક વ્યક્તિની વાર્તા નથી, આ સમગ્ર તંત્ર કેવી રીતે કાર્ય કરે છે તેનો પ્રશ્ન છે.સરકારી સત્તા જીવ બચાવવા અને ન્યાય સ્થાપિત કરવા માટે હોય છે. ન્યાયિક પ્રક્રિયા સત્તાના દુરુપયોગને રોકવા માટે છે. જ્યારે આ વ્યવસ્થા નબળી પડે છે, ત્યારે જનતાનો પ્રશ્ન ખૂબ જ સીધો હોય છે: 'શું સરકાર ખરેખર નાગરિકોના જીવની રક્ષા કરી રહી છે?'

---

બે બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી

# સુરત મનપાના ડમ્પરે કેમિસ્ટને કચડ્યો, માથું છૂંદાઈ જતાં મોત:મેડિકલ સ્ટોર બંધ કરી ઘરે જતો હતો ને અડફેટે લીધો

**મહાકાલ લખેલું મોપેડ. રોડ પર માસના ટુકડાં** ડમ્પરની ગતિ એટલી વધારે હતી કે ચાલક બ્રેક મારે તે પહેલાં જ ડમ્પરનું પાછળનું વ્હિલ લવલેશભાઈના માથાના ભાગે ફરી વળ્યું હતું

• સુરત

સુરત શહેરમાં બેફામ દોડતા ભારે વાહનો માસૂમ નાગરિકોનો ભોગ લઈ રહ્યા છે. સુરતના ઉધના વિસ્તારમાં રવિવારે(1 માર્ચ)રાત્રે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. સુરત મહાનગરપાલિકાના કોન્ટ્રાક્ટ હેઠળ ચાલતા એક ડમ્પરના ચાલકે પૂરપાટ ઝડપે વાહન હંકારી મેડિકલ સ્ટોર બંધ કરીને ઘરે જઈ રહેલા 34 વર્ષીય કેમિસ્ટને અડફેટે લીધો હતો.આ ભયાનક અકસ્માતમાં યુવકના માથા પર ટાયર ફરી વળતાં તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

મળતી વિગત અનુસાર, મૃતક લવલેશ અરવિંદ કુમાર (ઉં.વ. 34) વ્યવસાએ કેમિસ્ટ હતા અને પોતાનો મેડિકલ સ્ટોર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતાં. રવિવારની




રાત્રે તેઓ પોતાની બર્ગમેન મોપેડ (GJ-05-TV-2549) પર સવાર થઈ ઘરે જઈ રહ્યા હતાં. ત્યારે વિનાયકનગર, ઉધના સામેના જાહેર રોડ પર અશોક લેલેન્ડ કંપનીના ડમ્પર (GJ-05-GV-3079)ના ચાલકે તેમને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર લાગતા જ લવલેશભાઈ રોડ પર પટકાયા હતા. ડમ્પરની ગતિ એટલી વધારે હતી કે ચાલક બ્રેક મારે તે પહેલાં જ ડમ્પરનું પાછળનું વ્હિલ લવલેશભાઈના માથાના ભાગે ફરી વળ્યું હતું. માથું છુંદાઈ જવાને કારણે લોહીલુહાણ હાલતમાં તેમનું તે ક્ષણે જ મૃત્યુ થયું હતું. અકસ્માતને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને વાતાવરણ ગમગીન બની ગયું હતું.લવલેશભાઈના પરિવારમાં માતમ છવાઈ ગયો છે. તેઓ પોતાના પાછળ બે નાના બાળકો અને પત્નીને વિલાપ કરતા છોડી ગયા છે. એક હસતો-ખેલતો પરિવાર સુરત મનપાના કોન્ટ્રાક્ટરના ડમ્પર ચાલકની બેદરકારીનો ભોગ બન્યો છે. મોડી રાત્રે ઘરે પરત ફરવાની રાહ જોતા પરિવારને જ્યારે મોતના સમાચાર મળ્યા ત્યારે તેમના પર આભ તૂટી પડ્યું હતું.આ ઘટના અંગે ઉધના પોલીસને રાત્રે 1 વાગ્યાની આસપાસ જાણ કરવામાં આવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા રાત્રે 1.20 વાગ્યે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે અકસ્માત સર્જનાર ડમ્પર ચાલક વિજય નિનામાની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ડમ્પર પાલિકાના કોન્ટ્રાક્ટમાં જોડાયેલું હતું, જે રોડ પર જોખમી રીતે હંકારવામાં આવી રહ્યું હતું.મૃતકના ભાઈની ફરિયાદને આધારે પોલીસે અશોક લેલેન્ડ ટ્રક નંબર GJ-05-GV-3079 ના ચાલક વિરુદ્ધ ગફલતભરી રીતે વાહન હંકારી મોત નીપજાવવા બદલ કાયદેસરની કાર્યવાહી કરી છે. પીએસઓ મનીષભાઈએ ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ પી.પી. ખટાણાને સોંપી છે. હાલ પોલીસે બી.એન.એસ. ની વિવિધ કલમો હેઠળ કાર્યવાહી હાથ ધરીને ડમ્પર જપ્ત કરવાની તજવીજ શરૂ કરી છે.

---

# સુરત મહાનગરપાલિકાના ખાદ્ય પદાર્થોના ચેકિંગમાં દૂધ અને આઈસ્ક્રીમના 9 નમૂના 'સબસ્ટાન્ડર્ડ' જાહેર

## ગરમી ચાલુ થાય તે પહેલા જ આઈસ્ક્રીમના નમૂના ફેઈલ

• સુરત

આઈસ્ક્રીમ ખાતા લોકો ચેતી જાજો સુરતમાં ગરમી ચાલુ થાય તે પહેલા જ આઈસ્ક્રીમના નમૂનાઓ ફેલ થયા છે. સાથે દૂધના પણ નમૂનાઓ ફેલ થયા છે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરીજનોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં માટે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ તપાસ દરમિયાન લેવામાં આવેલા દૂધ અને આઈસ્ક્રીમના નમૂનાઓમાંથી કુલ 9 નમૂનાઓ નિષ્ફળ સાબિત થયા છે.પાલિકાની પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં કરવામાં આવેલા પૃથ્થકરણમાં જાણવા મળ્યું છે કે, એક જાણીતી આઈસ્ક્રીમ પેઢીનો 'કાજુ દ્રાક્ષ' આઈસ્ક્રીમનો નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે. આ આઈસ્ક્રીમમાં મિલ્કફેટનું પ્રમાણ નિયત ધારાધોરણ કરતા ઓછું મળી આવ્યું હતું. તદુપરાંત, દૂધના ઉત્પાદન અને વેચાણ સાથે સંકળાયેલા તબેલાઓ, ફેરિયાઓ અને ડેરીઓમાંથી લેવામાં આવેલા ગાય અને ભેંસના દૂધના કુલ 8 નમૂનાઓ પણ ફુડ સેફટી એન્ડ



સ્ટાન્ડર્ડ એક્ટ-2006ના નિયમો મુજબના ન હોવાનું ફુડ એનાલીસ્ટ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. આ તમામ નમૂનાઓમાં મિલ્કફેટ અને એસ.એન.એફ નું પ્રમાણ નિર્ધારિત ધોરણો કરતા ઓછું હોવાનું સામે આવ્યું છે.સુરત મહાનગરપાલિકાએ જે દુકાનોમાંથી સબ સ્ટાન્ડર્ડ વસ્તુઓ મળી આવી છે. તેની યાદી આપતા જણાવ્યું હતું કે, સિદ્ધિ આઈસ્ક્રીમ પાર્લે પોઈન્ટ જેમાં કાજુ દ્રાક્ષ આઈસ્ક્રીમમાં મિલ્કફેટ ઓછું જણાયું હતુ. શ્રીનાથ દૂધ ડેરી કતારગામ જેમાં ગાયનું દૂધ સબસ્ટાન્ડર્ડ, શ્રી કૃષ્ણા ડેરી બમરોલી ગાયનું દૂધ સબસ્ટાન્ડર્ડ, એવન ડેરી ઉન ગાયનું દૂધ સબસ્ટાન્ડર્ડ, માં ચામુંડા ડેરી ઉન ગાયનું દૂધ સબસ્ટાન્ડર્ડ, શ્રી ભાગ્ય લક્ષ્મી ડેરી નાનપુરા ગાયનું દૂધ સબસ્ટાન્ડર્ડ, એસ.કે. પટેલ ડેરી પાંડેસરા ગાયનું દૂધ સબસ્ટાન્ડર્ડ, તબેલો ઉધના ગાયનું દૂધ સબસ્ટાન્ડર્ડ, રાધે દૂધ મંડળી અબ્રામા રોડ ભેંસનું દૂધ સબસ્ટાન્ડર્ડ મળી આવ્યા હતા.આરોગ્ય વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, જે સંસ્થાઓ કે વ્યક્તિઓના નમૂનાઓ સબસ્ટાન્ડર્ડ જાહેર થયા છે.

---

# પાલજમાં ગુજરાતની સૌથી મોટી હોળી પ્રગટાવાઈ:રાજ્યભરમાં હોલિકાદહન

રાજ્યભરમાં આજે હોળી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતભરમાં આજે મોડી સાંજે હોલિકા પ્રગટાવાઈ હતી, ત્યારે ગાંધીનગર નજીક પાલજ ગામે આશરે 700 વર્ષ જૂની પરંપરા અનુસાર ગુજરાતની સૌથી મોટી હોળી પ્રગટાવાઈ હતી. મહાકાળી માતાના પૂજન સાથે 35 ફૂટ જેટલી ઊંચી હોલિકાનું દહન કરવામાં આવ્યું હતું. પાલજ ગામ ખાતે હોલિકાના દર્શન કરવા ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. જ્યારે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો. આ ઉપરાંત અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સહિત રાજ્યભરમાં હોલિકા દહન કરવામાં આવ્યું હતું.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાલિકાની પૂજા કરી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે હોલિકાદહન માટે અમદાવાદના મેમનગર વિસ્તારમાં માનવ મંદિર ખાતે પહોંચ્યા હતા. માનવ મંદિર ખાતે વૈદિક હોળી પ્રગટાવવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી દ્વારા પૂજા કરવામાં આવી હતી. ત્યાર બાદ વૈદિક હોળી પ્રગટાવવામાં આવી હતી. તો બીજી તરફ હોલિકા દહનની સાથે સાથે હોળીની જ્વાળા પરથી આગામી ચોમાસું કેવું રહેશે તેને લઈને અંબાલાલ પટેલ દ્વારા વરતારો આપવામાં આવ્યો હતો.હોળીના પર્વ પર પવનની ગતિ અને દિશાનું વિશ્લેષણ કરતા અંબાલાલ પટેલે જણાવ્યું હતું કે, આ વખતે હોળી 'વિષ્ટી'માં પ્રગટાવવામાં આવી છે અને પવન મુખ્યત્વે ઉત્તર-પશ્ચિમ દિશાનો રહ્યો છે, જે હવામાનની દ્રષ્ટિએ ખૂબ જ સાનુકૂળ સંકેત ગણાય છે. ગુજરાતમાં આ વર્ષે ચોમાસું એકંદરે ઘણું સારું રહેશે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ રહેશે.તેમણે એક ખાસ અવલોકન નોંધ્યું છે કે હોળીનો ધુમાડો સીધો ઉપર જતો નથી તે સારૂ છે. આ વર્ષે પાછોતરા વરસાદનું જોર પણ વધુ રહેવાની શક્યતા છે. વૈશ્વિક ફલક પર વાત કરતા તેમણે જણાવ્યું કે, માર્ચ માસના ગ્રહો અને ચંદ્રગ્રહણના પ્રભાવને કારણે વિશ્વના વિવિધ ભાગોમાં, ખાસ કરીને નાટો (NATO) દેશોમાં તણાવ વધી શકે છે.

---

# ઓપરેશનમાં નસ કપાઈ જવાથી મહિલાનું મોત થયાનો આક્ષેપ

• ભાવનગર

અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન બરવાળાની એક મહિલાનું શંકાસ્પદ મોત નીપજતા સમગ્ર દેવીપૂજક સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. જેમાં હોસ્પિટલના ડોકટરોએ ઓપરેશન દરમિયાન બેદરકારી દાખવી હોવાના આક્ષેપ સાથે ભાવનગર જિલ્લા વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી ન્યાયની માંગ કરી છે. ભાવનગર જિલ્લા વિરાટ દેવીપૂજક સંઘના પ્રમુખ સુરેશભાઈએ જણાવ્યું હતું કે, બરવાળા તાલુકાના વતની એક મહિલા દર્દીને વધુ સારી સારવારની આશાએ અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં ગત 16 ફેબ્રુઆરીએ એડમિટ થયા બાદ 17 તારીખે ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશન દરમિયાન ડોકટરોની બેદરકારીથી લોહીની નસ કપાઈ ગઈ હતી, નસ કપાઈ ગઈ હોવાની જાણ પરિવારને કરવામાં આવી નહોતી, ઉલટાનું, 12 થી 15 બોટલ લોહી મંગાવીને ચડાવ્યું છતાં મહિલાને બચાવી શકાયા નહીં. ડોકટરોની ભૂલને કારણે જ મહિલાનું મૃત્યુ થયું છે. આ ઘટનાને 10થી 12 દિવસ વીતી ગયા હોવા છતાં હજુ સુધી પીડિત પરિવારને ન્યાય મળ્યો નથી. મૃતદેહને પેનલ પોસ્ટમોર્ટમ માટે ભાવનગર મોકલવામાં આવ્યો હતો, પરંતુ 10 દિવસ પછી પણ રિપોર્ટ આપવામાં આવ્યો નથી. ભાવનગર હોસ્પિટલ ખાતે સમાજના લોકો ન્યાય માટે આંદોલન પર બેઠા છે.

---

**મધ્ય-પૂર્વમાં ફ્લાઈટ રદ થતાં પરિવારજનોમાં ચિંતા; પાછા લાવવા વ્યવસ્થા કરવા માગ**

# મક્કા-મદીનામાં સુરત જિલ્લાના 300થી વધુ યાત્રાળુ ફસાયા

• બારડોલી

ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના તણાવને કારણે મધ્ય-પૂર્વના દેશોમાં હવાઈ મુસાફરી પર ગંભીર અસર થઈ છે. સુરક્ષાના કારણોસર ઉડાન પ્રતિબંધો લાગુ કરાતા સાઉદી સહિતની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો મોટા પાયે રદ કરવામાં આવી છે. આ પરિસ્થિતિમાં રમઝાન માસ દરમિયાન મક્કા-મદીના ઉમરાહ માટે ગયેલા સુરત જિલ્લાના 300 થી વધુ શ્રદ્ધાળુઓ ત્યાં ફસાઈ ગયા છે, જેના કારણે તેમના પરિવારજનોમાં ચિંતાનો માહોલ છે. મળતી માહિતી મુજબ, સુરત જિલ્લાના મોસાલી, કઠોર, ખોલવડ, કોસંબા, ઓલપાડ, માંગરોળ અને તડકેશ્વર જેવા વિસ્તારોના યાત્રાળુઓ રમઝાન પૂર્વે મક્કા-મદીના પહોંચ્યા હતા

ઉમરાહના 10 દિવસ પૂરા થયા બાદ યુદ્ધ જેવી સ્થિતિ સર્જાતા ફ્લાઈટ સેવાઓ અચોક્કસ મુદત માટે બંધ કરી દેવામાં આવી, જેના કારણે આ શ્રદ્ધાળુઓ મક્કામાં ફસાઈ ગયા છે. ઈરાન-ઈઝરાયલ સંઘર્ષની સાથે દુબઈમાં પણ ફ્લાઈટો રદ થતાં ભારતમાં



હાજીઓના પરિવારજનો ચિંતામાં મુકાયા છે.

હાલમાં ઈન્ડિગો, સ્પાઈસજેટ અને આકાશા જેવી એરલાઈન્સની ફ્લાઈટ સેવાઓ અનિશ્ચિત હોવાથી, સરકાર દ્વારા મક્કા-મદીના ગયેલા હાજીઓને વહેલી તકે સુરક્ષિત રીતે વતન પાછા લાવવા માટે ખાસ વ્યવસ્થા કરવાની માંગણી કરવામાં આવી રહી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# MLS: લિયોનલ મેસ્સીના 2 ગોલથી ઈન્ટર મિયામી જીત્યું:પાછળ રહ્યા પછી કમબેક કર્યું

### ઓર્લાન્ડો સિટીને પહેલીવાર તેમના જ ઘરમાં હરાવ્યું

દિગ્ગજ ફૂટબોલર લિયોનલ મેસ્સીના શાનદાર 2 ગોલની મદદથી ઈન્ટર મિયામીએ ઓર્લાન્ડો સિટીને 4-2થી હરાવ્યું. રવિવારે રાત્રે ઈન્ટર એન્ડ કંપની સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં મિયામીએ 2 ગોલથી પાછળ રહ્યા બાદ જબરદસ્ત વાપસી કરી અને મેચ જીતી. ખાસ વાત એ રહી કે ઈન્ટર મિયામીએ તેના ઈતિહાસમાં પહેલીવાર ઓર્લાન્ડોના ઘરઆંગણે જીત નોંધાવી, આ પહેલા રમાયેલી 9 મેચમાં ટીમને અહીં ક્યારેય જીત મળી ન હતી.મેચની શરૂઆત ઈન્ટર મિયામી માટે કોઈ ખરાબ સપના જેવી રહી. ઓર્લાન્ડો સિટીએ હોમ કન્ડિશનનો ફાયદો ઉઠાવતા શરૂઆતની 25 મિનિટમાં જ મિયામીને બેકફૂટ પર ધકેલી દીધું હતું.



માર્કો પાસાલિકે ઈવાન એંગુલોના પાસ પર ગોલ કરીને ઓર્લાન્ડોને 1-0ની લીડ અપાવી. મિયામી સામે પાસાલિકનો આ સતત ચોથો ગોલ હતો.

24મી મિનિટ: ડિફેન્ડર ગ્રિફિન ડોર્સીની મદદથી માર્ટિન ઓજેડાએ બીજો ગોલ કરીને સ્કોર 2-0 કર્યો. હાફ ટાઈમ સુધી મિયામીની ટીમ મુશ્કેલીમાં જોવા મળી.માર્ટિન ઓજેડાના ગોલે ઓર્લાન્ડોને 2-0થી આગળ કરી દીધું.

બીજા હાફમાં વાર્તા સંપૂર્ણપણે બદલાઈ ગઈ. મિયામીના ખેલાડીઓએ એટેકિંગ ફૂટબોલ રમવાનું શરૂ કર્યું. 49મી મિનિટ: 20 વર્ષના યુવા ફોરવર્ડ માટેઓ સિલ્વેટીએ પોતાની કારકિર્દીનો પહેલો ગોલ કરીને સ્કોર 2-1 કર્યો. 57મી મિનિટ: લિયોનલ મેસ્સીએ સેગોવિયાના પાસ પર સચોટ ગોલ કરીને સ્કોર 2-2ની બરાબરી પર લાવી દીધો.

85મી મિનિટ: આખી મેચમાં છવાયેલા રહેલા ટેલેસ્કો સેગોવિયાએ કોઈની મદદ વગર સોલો ગોલ કરીને મિયામીને પહેલીવાર મેચમાં 3-2ની લીડ અપાવી દીધી.

90મી મિનિટ: મેચની છેલ્લી ક્ષણોમાં મેસ્સીએ પોતાની ટ્રેડમાર્ક 'ફ્રી કિક' પર ગોલ કરીને મિયામીની 4-2થી જીત પાકી કરી દીધી.

વર્તમાન MVPલિયોનલ મેસ્સીએ આ સીઝનના પોતાના પહેલા 2 ગોલ કર્યા. મેસ્સીના હવે MLSની શરૂઆતની 55 મેચમાં 52 ગોલ થઈ ગયા છે.

લિયોનલ મેસ્સીના શાનદાર 2 ગોલે ઈન્ટર મિયામીને ઐતિહાસિક જીત અપાવી.

રેડ કાર્ડનો ફટકો: ઓર્લાન્ડોના 19 વર્ષીય કોલિન ગુસકેને મેચની 88મી મિનિટે બીજો યલો કાર્ડ મળ્યો, જેના કારણે તેને મેદાન છોડવું પડ્યું.

શાનદાર ગોલકીપિંગ: મિયામીના ગોલકીપર ડેન સેન્ટ ક્લેરે બીજા હાફમાં 3 મહત્વપૂર્ણ ડિફેન્ડ કર્યા, જેના કારણે ઓર્લાન્ડો સિટીની ટીમ વાપસી કરી શકી નહીં.

ઈન્ટર મિયામી છેલ્લી મેચમાં લોસ એન્જલસ સામે 3-0 થી હારી ગઈ હતી. આજની જીતે માત્ર ટીમનો આત્મવિશ્વાસ પાછો લાવ્યો જ નહીં.

**T20 વર્લ્ડ કપ**

### T20 વર્લ્ડ કપમાં PAKના ખરાબ પ્રદર્શનના કારણે પગલાં લીધા

# પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ખેલાડીઓને આકરી સજા આપી:દરેક પ્લેયર્સને 50 લાખનો દંડ ફટકાર્યો

### પાકિસ્તાન ક્રિકેટ ટીમ વર્લ્ડ કપના સુપર-8 સ્ટેજમાં માત્ર 1 જ મેચ જીતીને સેમિફાઈનલની રેસમાંથી બહાર થઈ ગઈ

પાકિસ્તાન ક્રિકેટ ટીમ વર્લ્ડ કપના સુપર-8 સ્ટેજમાં માત્ર 1 જ મેચ જીતીને સેમિફાઈનલની રેસમાંથી બહાર થઈ ગઈ. T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાનના ખરાબ પ્રદર્શન બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ મોટું પગલું ભર્યું છે. બોર્ડ તેના ખેલાડીઓ પાસેથી દંડ વસૂલશે. ધ એક્સપ્રેસ ટ્રિબ્યુન અનુસાર, પાકિસ્તાનના દરેક ખેલાડી પર 50 લાખ રૂપિયાનો દંડ લાદવામાં આવ્યો છે. બોર્ડના અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે હવે ખેલાડીઓને આર્થિક લાભ ફક્ત સારા પ્રદર્શનના આધારે જ મળશે. ભારતની મેચ બાદ દંડ લાદવામાં આવ્યો હતો પાકિસ્તાની ચાહકોની સાથે બોર્ડના અધિકારીઓ પણ ટીમના પ્રદર્શનથી ખૂબ નારાજ છે. દરેક ખેલાડી પર ભારત સામેની મેચ હાર્યા બાદ જ 50 લાખ રૂપિયાનો દંડ લાદવામાં આવ્યો હતો. PCBએ કહ્યું કે જો સારા પ્રદર્શન પર ઈનામ મળે છે, તો ખરાબ પ્રદર્શન પર સજા પણ મળશે. ભારત સામે હાર્યા પછી તરત જ ટીમને આ નિર્ણય જણાવવામાં આવ્યો હતો.



પાકિસ્તાન ટીમ T20 વર્લ્ડ કપમાં માત્ર એક જ ટેસ્ટ પ્લેઈંગ દેશને હરાવી શકી. પાકિસ્તાન ટીમ T20 વર્લ્ડ કપમાં માત્ર એક જ ટેસ્ટ પ્લેઈંગ દેશને હરાવી શકી. નેશનલ પ્લેયર્સને દર મહિને લાખો રૂપિયા મળે છે પાકિસ્તાનમાં નેશનલ ટીમના ભાગરૂપ પ્લેયર્સને 4 કેટેગરીમાં સેલરી મળે છે. A કેટેગરીમાં આશરે 65 લાખ, B કેટેગરીમાં 45 લાખ, C કેટેગરીમાં 20 લાખ અને D કેટેગરીમાં 12.50 લાખ રૂપિયા દર મહિને મળે છે.જોકે, જુલાઈ 2025 થી જૂન 2026ના પાછલા કોન્ટ્રાક્ટમાં PCBએ કોઈ પણ ખેલાડીને એ કેટેગરીમાં રાખ્યો ન હતો. એટલે કે દંડ પછી બી કેટેગરીના પ્લેયર્સની આશરે એક મહિનાની સેલરી કપાઈ જશે. જ્યારે C અને D કેટેગરીના પ્લેયર્સને 2 થી 3 મહિનાની સેલરી દંડમાં આપવી પડશે. શ્રીલંકા સામે જીત છતાં પાકિસ્તાન બહાર થયું પાકિસ્તાને ગ્રુપ સ્ટેજના પહેલા મેચમાં નેધરલેન્ડ્સ સામે મુશ્કેલીથી જીત મેળવી. ત્યારબાદ USAને હરાવ્યું. શ્રીલંકાની પરિસ્થિતિઓ અને સ્પિન બોલરોની મદદથી ભારત સામે સારા પ્રદર્શનની અપેક્ષા હતી, પરંતુ ટીમ 61 રનથી હારી ગઈ. પાકિસ્તાન પછી નામિબિયાને છેલ્લી મેચ હરાવીને સુપર-8 સ્ટેજમાં પહોંચ્યું.

સુપર-8 સ્ટેજમાં ન્યૂઝીલેન્ડ સામેની મેચ વરસાદમાં ધોવાઈ ગઈ. ઈંગ્લેન્ડે ક્લોઝ મેચ હરાવી દીધું. આ પછી સેમિફાઈનલની આશાઓ અન્ય મેચના પરિણામો પર ટકી રહી. શ્રીલંકા સામે નજીકની જીત છતાં રન રેટ ખરાબ રહ્યો. આ કારણે ન્યૂઝીલેન્ડ સેમિફાઈનલમાં પહોંચી ગયું અને પાકિસ્તાન બહાર થઈ ગયું.

સ્પિનર ઉસ્માન તારિકે 10 વિકેટ લીધી પાકિસ્તાન માટે સાહિબઝાદા ફરહાને ટુર્નામેન્ટમાં સૌથી વધુ 383 રન બનાવ્યા. સૈમ અયુબ, સલમાન અલી આગા, બાબર આઝમ અને ઉસ્માન ખાન 100 રન પણ બનાવી શક્યા નહીં. સ્પિનર ઉસ્માન તારિકે 10 વિકેટ લીધી, જ્યારે બાકીના બોલરોનું પ્રદર્શન ખરાબ રહ્યું.

### 6 થી 20 જૂન વચ્ચે મેચ રમાશે

# ભારતમાં 1 ટેસ્ટ અને 3 વન-ડે રમશે અફઘાનિસ્તાન ધર્મશાલા, મુલ્લાનપુર, ચેન્નઈ અને લખનઉને યજમાની

### BCCIએ મીડિયા રિલીઝમાં જણાવ્યું કે મહારાજા યાદવેન્દ્ર સિંહ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં 6 થી 10 જૂન સુધી ટેસ્ટ મેચ રમાશે

અફઘાનિસ્તાન ટીમ 6 થી 20 જૂન દરમિયાન ભારતમાં 1 ટેસ્ટ અને 3 વન-ડે રમશે. IPLની 19મી સીઝન સમાપ્ત થયા પછી સિરીઝ શરૂ થશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ શેડ્યૂલ જાહેર કરતા જણાવ્યું કે મુલ્લાનપુરમાં ટેસ્ટ મેચથી સિરીઝ શરૂ થશે. પછી ધર્મશાલા, લખનૌ અને ચેન્નઈમાં 3 વન-ડે રમાશે.

BCCIએ મીડિયા રિલીઝમાં જણાવ્યું કે મહારાજા યાદવેન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં 6 થી 10 જૂન સુધી ટેસ્ટ મેચ રમાશે. પછી 14 જૂને HPCA સ્ટેડિયમમાં પ્રથમ વન-ડે, 17 જૂને એકાના સ્ટેડિયમમાં બીજો વન-ડે અને 20 જૂને ચેપોક સ્ટેડિયમમાં ત્રીજી વન-ડે રમાશે. તમામ વન-ડે બપોરે 1.30 વાગ્યાથી શરૂ થશે. વિરાટ કોહલી અને રોહિત શર્મા વન-ડે સિરીઝમાં રમતા જોવા મળશે. બંનેએ આ વર્ષે જાન્યુઆરીમાં ન્યૂઝીલેન્ડ સામે છેલ્લી વન-ડે સિરીઝ રમી હતી.




ટીમ ઈન્ડિયા હાલમાં હોમગ્રાઉન્ડ પર T20 વર્લ્ડ કપ રમી રહી છે. ભારતે રવિવારે સુપર-8 સ્ટેજ મેચમાં વેસ્ટ ઈન્ડીઝને હરાવી સેમિફાઈનલમાં સ્થાન બનાવ્યું. જ્યાં ટીમનો મુકાબલો 5 માર્ચેઈંગ્લેન્ડ સામે થશે, મેચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે. ટુર્નામેન્ટની ફાઈનલ 8 માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.બીજી તરફ અફઘાનિસ્તાનની ટીમ ગ્રુપ સ્ટેજ પણ પાર કરી શકી નહીં. ટીમને ન્યૂઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા સામે હાર મળી. અફઘાનિસ્તાને UAE અને કેનેડાને ચોક્કસ હરાવ્યા, પરંતુ આ જીત સુપર-8 સ્ટેજમાં પહોંચવા માટે પૂરતી ન હતી.અફઘાનિસ્તાને પોતાની ટેસ્ટ કારકિર્દીની શરૂઆત જ ટીમ ઈન્ડિયા સામેની મેચથી કરી હતી. 2018માં બેંગલુરુના મેદાન પર ભારતે એક ઈનિંગ્સ અને 262 રનથી મેચ જીતી લીધી હતી. ત્યારથી અફઘાનિસ્તાને 13 ટેસ્ટ રમી છે, જેમાં 4 જીતી છે અને 7 ગુમાવી છે. જ્યારે 2 ડ્રો રહી છે.

અફઘાનિસ્તાન અને ભારત વચ્ચે 4 વન-ડે રમાયા છે. બધા મલ્ટીનેશન ટુર્નામેન્ટમાં જ હતા. એશિયા કપમાં બંનેએ 2 મેચ રમી, 1 માં ભારતને જીત મળી, જ્યારે 2018માં એક મેચ ટાઈ પણ રહી. 2019 અને 2023ના વન-ડે વર્લ્ડ કપમાં પણ બંને વચ્ચે 2 મેચ રમાઈ. બધીમાં ભારત જીત્યું. બંને ટીમ વચ્ચે પહેલીવાર વન-ડે ફોર્મેટની સિરીઝ યોજાવા જઈ રહી છે.T20 ઈન્ટરનેશનલમાં બંને ટીમ વચ્ચે 9 મેચ રમાઈ. 8માં ભારતને જીત મળી, જ્યારે એશિયન ગેમ્સમાં એક મેચ અનિર્ણિત પણ રહી. બંને ટીમે આ ફોર્મેટની એકમાત્ર સિરીઝ 2024માં રમી હતી, ત્યારે ભારત 3-0 થી જીત્યું હતું.

# ઈરાન ફિફા વર્લ્ડ કપનો બહિષ્કાર કરી શકે છે:ફેડરેશન પ્રેસિડેન્ટ બોલ્યા-યુદ્ધ વચ્ચે અમેરિકામાં ફૂટબોલ રમવું મુશ્કેલ

ઈરાન ફૂટબોલ ટીમે ફેબ્રુઆરીમાં જ અમેરિકાના એરિઝોનામાં વર્લ્ડ કપની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ફૂટબોલ જગતની સૌથી મોટી ટુર્નામેન્ટ 'FIFA વર્લ્ડ કપ 2026' પર યુદ્ધનો પડછાયો મંડરાઈ રહ્યો છે. ઈઝરાયલ અને અમેરિકાના હુમલાઓને કારણે ઈરાન ટુર્નામેન્ટનો બહિષ્કાર કરી શકે છે. ઈરાન ફૂટબોલ ફેડરેશનના પ્રમુખ મેહદી તાજે કહ્યું છે કે વર્તમાન પરિસ્થિતિમાં નેશનલ ટીમનું અમેરિકા જઈને ફૂટબોલ રમવું અત્યંત મુશ્કેલ છે. વર્લ્ડ કપ 11 જૂનથી 19 જુલાઈ દરમિયાન અમેરિકા, મેક્સિકો અને કેનેડામાં રમાશે. ઈરાનને તેની ત્રણેય મેચ અમેરિકામાં જ રમવાની છે.



ઈરાની સ્પોર્ટ્સ વેબસાઈટ 'વર્ઝિશ-3' સાથેની વાતચીતમાં મેહદી તાજે કહ્યું, 'આ હુમલા પછી, અમારી પાસેથી એવી અપેક્ષા રાખી શકાય નહીં કે અમે આશા અને ઉત્સાહ સાથે વર્લ્ડ કપ તરફ જોઈએ.' અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓમાં ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈ માર્યા ગયા. આનાથી સમગ્ર મધ્ય પૂર્વમાં તણાવનું વાતાવરણ સર્જાયું.

ઈઝરાયલી હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈ માર્યા ગયા. તેમની તસવીર પકડીને રડતી ઈરાની મહિલા. ઈઝરાયલી હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈ માર્યા ગયા. તેમની તસવીર પકડીને રડતી ઈરાની મહિલા. ટ્રમ્પ સરકારે ટ્રાવેલ બેન પણ લગાવ્યો ઈરાન માટે સ્પોર્ટ્સ ઉપરાંત રાજકીય મુશ્કેલીઓ પણ ઓછી નથી. ટ્રમ્પ સરકારે ઈરાની ચાહકોને દેશમાં પ્રવેશ આપવાનો ઈનકાર કર્યો છે. આવી સ્થિતિમાં ઈરાની ટીમનું અમેરિકા જઈને ખુલ્લેઆમ રમી શકવું પણ મુશ્કેલ લાગી રહ્યું છે. ઈરાનને વર્લ્ડ કપ માટે ગ્રુપ-Gમાં રાખવામાં આવ્યું છે. શેડ્યૂલ મુજબ, ઈરાનને પોતાની મેચ અમેરિકી શહેરોમાં જ રમવાની છે.2022ના ફિફા વર્લ્ડ કપમાં ઈરાન અને અમેરિકા વચ્ચે મેચ રમાઈ હતી, જેને અમેરિકાએ 1-0થી જીતી હતી.

2022ના ફિફા વર્લ્ડ કપમાં ઈરાન અને અમેરિકા વચ્ચે મેચ રમાઈ હતી, જેને અમેરિકાએ 1-0થી જીતી હતી.

# હીલી છેલ્લી વન-ડેમાં સદી ફટકારનાર બીજી મહિલા ક્રિકેટર:ઓસ્ટ્રેલિયાએ ભારતને 185 રનથી હરાવ્યું

### વર્લ્ડ ચેમ્પિયનને સિરીઝમાં 3-0થી ક્લીન સ્વીપ કર્યું

રમત શરૂ થાય તે પહેલાં ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયાની કેપ્ટન એલિસા હીલીને તેની છેલ્લી ODI મેચ પર ગાર્ડ ઑફ ઓનર આપ્યું. ઓસ્ટ્રેલિયા પ્રવાસે ભારતીય મહિલા ટીમને વનડે શ્રેણીમાં 3-0થી હારનો સામનો કરવો પડ્યો. છેલ્લા મુકાબલામાં કેપ્ટન એલિસા હીલીએ પોતાની અંતિમ વનડેમાં 98 બોલમાં 158 રન બનાવીને ટીમને 409 રનના મોટા સ્કોર સુધી પહોંચાડી. જવાબમાં ભારતીય ટીમ 45.1 ઓવરમાં 224 રન જ બનાવી શકી અને 185 રનથી મેચ હારી ગઈ. હીલી બીજી એવી મહિલા ક્રિકેટર છે જેમણે અંતિમ ODI મુકાબલામાં સદી ફટકારી છે. તેની પહેલા આવું સાઉથ આફ્રિકાની જોહમારી લોટેગબર્ગે 2007માં કર્યું હતું. તેણે નેધરલેન્ડ્સ સામે સદી ફટકારી હતી.

હોબાર્ટના બેલરિવ ઓવલમાં રમાયેલા આ મુકાબલામાં ટોસ ભારતની કેપ્ટન હરમનપ્રીત કૌરે જીત્યો. હીલીની અંતિમ વનડેને કારણે મેચની શરૂઆત ખાસ માહોલમાં થઈ. ભારતીય ખેલાડીઓએ તેને ગાર્ડ ઓફ ઓનર આપ્યું. શરૂઆતમાં રેણુકા સિંહે મેડન ઓવર નાખી, પરંતુ ત્યારબાદ હીલીએ ઝડપથી રન બનાવવાનું શરૂ કરી દીધું. હીલીએ 49 બોલમાં ફિફ્ટી પૂરી કરી અને 79 બોલમાં સદી ફટકારી. તેણે પોતાની ઈનિંગ્સમાં 27 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા. 100 થી 150 રન સુધી પહોંચવામાં તેને માત્ર 16 બોલ લાગ્યા. તે વનડેમાં બે વખત 150 થી વધુ રન બનાવનારી બીજી મહિલા ખેલાડી બની. 13.3 ઓવર બાકી રહેતા તે 158 રન બનાવીને આઉટ થઈ. ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌર ઓસ્ટ્રેલિયાની એલિસા હીલી સાથે હાથ મિલાવ્યો.હીલી સાથે બેથ મૂનીએ પણ શાનદાર બેટિંગ કરી. મૂનીએ 84 બોલમાં અણનમ 106 રન બનાવ્યા. આ તેની છઠ્ઠી વનડે સદી હતી. બંને વચ્ચે 145 રનની ભાગીદારી થઈ. નિકોલા કેરીએ અંતમાં 15 બોલમાં અણનમ 34 રન બનાવ્યા. ઓસ્ટ્રેલિયાએ 50 ઓવરમાં 7 વિકેટે 409 રન બનાવ્યા. ભારતની સ્નેહ રાણાએ 2 વિકેટ લીધી, પરંતુ શ્રી ચરણી સહિત ત્રણ બોલરોએ 80થી વધુ રન આપ્યા.

## T20 વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પહોંચ્યું ભારત:વેસ્ટ ઇન્ડીઝને 5 વિકેટે હરાવ્યું, સેમસનના મેચ વિનિંગ 97* રન

ભારતે T20 વર્લ્ડ કપની સેમિફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. હવે ઈન્ડિયન ટીમ 5 માર્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડ સામે ટકરાશે. સુપર-8ના અંતિમ મુકાબલામાં ભારતે વેસ્ટ ઈન્ડીઝને 5 વિકેટથી હરાવીને અંતિમ-4ની ટિકિટ પાકી કરી હતી. સંજુ સેમસને સૌથી વધુ અણનમ 97 રન બનાવ્યા હતા. કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાયેલી મેચમાં વેસ્ટ ઈન્ડીઝે પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 195 રન બનાવ્યા હતા. ટીમ તરફથી સૌથી વધુ રોસ્ટન ચેઝે 40 રન બનાવ્યા. જેસન હોલ્ડર 37* બનાવ્યા. જ્યારે રોવમેન પોવેલે 34* રન બનાવ્યા. બન્ને વચ્ચે પાંચમી વિકેટ માટે 35 બોલમાં 76* રનની મહત્ત્વની પાર્ટનરશીપ થઈ. ભારત તરફથી જસપ્રીત બુમરાહે 2 વિકેટ ઝડપી.196 રનના ટાર્ગેટને ચેઝ કરતા ભારતની શરૂઆત નબળી રહી હતી. અભિષેક શર્મા અને ઈશાન કિશન 10-10 રન બનાવીને પેવેલિયન પરત ફર્યા હતા. તિલક વર્માએ 15 બોલમાં 27 રન બનાવ્યા, જ્યારે કેપ્ટન સૂર્યકુમાર યાદવે 16 બોલમાં 18 રન જોડ્યા હતા. પરંતુ, સંજુ સેમસન એક છેડો સાચવીને ટકી રહ્યો હતો. તેણે સૂર્યકુમાર યાદવ સાથે 35 બોલમાં 58 રનની ભાગીદારી કરીને ભારતીય ઈનિંગને સંભાળી હતી.તેણે તિલક વર્મા સાથે 42, હાર્દિક પંડ્યા સાથે 38 અને શિવમ દુબે સાથે અણનમ 20 રનની ભાગીદારી કરીને ભારતને જીત અપાવી હતી.

### બ્રુનો ફર્નાન્ડિઝના ગોલથી માન્ચેસ્ટર યુનાઈટેડ પણ જીત્યું

# પ્રીમિયર લીગ ફૂટબોલ: આર્સેનલે ચેલ્સીને 2-1 થી હરાવ્યું:પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર પહોંચ્યો

ઈંગ્લિશ પ્રીમિયર લીગ (EPL)માં ખિતાબી જંગ હવે વધુ રોમાંચક બની ગઈ છે. રવિવારે એમિરેટ્સ સ્ટેડિયમમાં રમાયેલી હાઈ-વોલ્ટેજ 'લંડન ડર્બી'માં ટેબલ ટોપર આર્સેનલે ચેલ્સીને 2-1 થી હરાવી દીધું. આ જીત સાથે ટીમે પોઈન્ટ્સ ટેબલમાં નંબર-1 પર પોતાની પોઝિશન મજબૂત કરી લીધી. માન્ચેસ્ટર સિટી 59 પોઈન્ટ્સ સાથે બીજા નંબર પર છે. જ્યારે, અન્ય એક મુકાબલામાં માન્ચેસ્ટર યુનાઈટેડે ક્રિસ્ટલ પેલેસ પર રોમાંચક જીત નોંધાવી ત્રીજું સ્થાન મેળવી લીધું છે. ટીમ તરફથી બ્રુનો ફર્નાન્ડિઝે શાનદાર ગોલ કર્યો.



આખી મેચમાં આર્સેનલનું વર્ચસ્વ રહ્યું અને રસપ્રદ વાત એ રહી કે મેચના ત્રણેય ગોલ કોર્નરથી જ આવ્યા. 21મો મિનિટ: બુકાયો સાકાના સચોટ કોર્નર પર ગેબ્રિયલ મગાલહેસે બોલને ફ્લિક કર્યો અને વિલિયમ સાલિબાએ શાનદાર હેડરથી આર્સેનલને 1-0ની લીડ અપાવી.હાફ ટાઈમ: ચેલ્સીએ પ્રથમ હાફના ઈજાના સમય (45+2')માં વાપસી કરી. રીસ જેમ્સના કોર્નરને ક્લિયર કરવાનો પ્રયાસ કરતા આર્સેનલના નવા ડિફેન્ડર પિયેરો હિનકાપીથી ભૂલ થઈ અને બોલ તેમના પોતાના જ નેટમાં જઈ પડ્યો. જેનાથી સ્કોર 1-1 થઈ ગયો.66મો મિનિટ: ત્રીજો અને નિર્ણાયક ગોલ ડેક્લાન રાઈસના કોર્નરથી આવ્યો. જુરીયન ટિમ્બરે બોક્સની અંદર જમ્પ કરતા હેડરથી ગોલ કર્યો અને આર્સેનલને 2-1થી આગળ કરી દીધું. મેચના અંતમાં ચેલ્સીના પેડ્રો નેટોને અમ્પાયર સાથે દલીલ અને ફાઉલના કારણે બીજો યલો કાર્ડ મળ્યો. 2 યલો કાર્ડના કારણે તેને મેદાનમાંથી બહાર જવું પડ્યું, જેનાથી ટીમને 10 ખેલાડીઓ સાથે જ મેચ રમવી પડી. ચેલ્સી હાલમાં 45 પોઈન્ટ્સ સાથે છઠ્ઠા નંબર પર છે.ચેલ્સીના જાઓ પેડ્રોએ બાયસિકલ કિકથી ગોલ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે સફળ થઈ શક્યો નહીં.ચેલ્સીના જાઓ પેડ્રોએ બાયસિકલ કિકથી ગોલ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે સફળ થઈ શક્યો નહીં.ઓલ્ડ ટ્રેફોર્ડમાં માન્ચેસ્ટર યુનાઈટેડે એક ગોલથી પાછળ રહ્યા પછી શાનદાર વાપસી કરતા ક્રિસ્ટલ પેલેસને 2-1થી હરાવ્યું.

### સુમિતે કહ્યું- 'રાજકારણ પર નહીં એક્ટિંગ પર ધ્યાન આપો, લોહી રેડીને કામ કરીએ છીએ'

# અનુરાગ કશ્યપના વિવાદિત નિવેદન પર 'કેરળ સ્ટોરી 2'ના એક્ટરનો જવાબ

## હું સ્ક્રિપ્ટ વાંચતી વખતે એ જ જોઉં છું કે, મારા પાત્રમાં કેટલું ઊંડાણ છે, કેટલો પડકાર છે અને હું તેમાં કેટલી સચ્ચાઈ લાવી શકું છું. હું આ ઈન્ડસ્ટ્રીમાં એટલા માટે આવ્યો છું

'ધ કેરળ સ્ટોરી'ના પહેલા ભાગે દેશભરમાં તીવ્ર ચર્ચા જગાવી હતી. ફિલ્મને લઈને રાજકીય, સામાજિક અને વૈચારિક સ્તરે અલગ-અલગ પ્રતિક્રિયાઓ સામે આવી હતી. હવે તેનો બીજો ભાગ એક નવી વાર્તા અને નવા પાત્રો સાથે દર્શકો સમક્ષ આવવાનો છે. ફિલ્મના આ ભાગમાં એક્ટર સુમિત ગહલાવત સલીમ નામનું એક મહત્વપૂર્ણ અને બહુસ્તરીય પાત્ર ભજવી રહ્યો છે. લગભગ 12 વર્ષથી ઈન્ડસ્ટ્રીમાં સક્રિય સુમિતનું કહેવું છે કે આ તેના કરિયરની અત્યાર સુધીની સૌથી મોટી અને પડકારજનક ભૂમિકાઓમાંની એક છે. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં તેણે ફિલ્મ, વિવાદ, સંઘર્ષ અને પોતાની સફર વિશે ખૂલીને વાત કરી છે. 'ધ કેરળ સ્ટોરી 2: ગોઝ બિયોન્ડ'માં સુમિત ગહલાવતે સલીમ નામના વ્યક્તિનું પાત્ર ભજવ્યું છે.

'ધ કેરળ સ્ટોરી 2: ગોઝ બિયોન્ડ'માં સુમિત ગહલાવતે સલીમ નામના વ્યક્તિનું પાત્ર ભજવ્યું છે. તમારી ફિલ્મો, જેમ કે 'ધ કેરળ સ્ટોરી 2' અને 'બસ્તર: ધ નક્સલ સ્ટોરી', અવારનવાર રાજકીય અને વૈચારિક ચર્ચાઓને જન્મ આપે છે. એક કલાકાર તરીકે તમે આ પ્રતિક્રિયાઓ અને વિવાદોને કયા દૃષ્ટિકોણથી જુઓ છો?

હું વ્યક્તિગત રીતે દરેક ફિલ્મને માત્ર સિનેમા તરીકે જોઉં છું. એક એક્ટર તરીકે મારું કામ મારા પાત્રને પૂરી પ્રામાણિકતાથી ભજવવાનું છે. વિષય રાજકીય છે, સામાજિક છે કે વિવાદાસ્પદ છે, તે લેખક અને ડિરેક્ટરનો દૃષ્ટિકોણ હોય છે. હું સ્ક્રિપ્ટ વાંચતી વખતે એ જ જોઉં છું કે, મારા પાત્રમાં કેટલું ઊંડાણ છે, કેટલો પડકાર છે અને હું તેમાં કેટલી સચ્ચાઈ લાવી શકું છું. હું આ ઈન્ડસ્ટ્રીમાં એટલા માટે આવ્યો છું, જેથી અલગ-અલગ પ્રકારની ભૂમિકા ભજવી શકું. એટલે મારી પસંદગી હંમેશા ભૂમિકા અને સ્ક્રિપ્ટના આધારે થાય છે, કોઈ રાજકીય વિચારધારાના આધારે નહીં. ફિલ્મના ટ્રેલરમાં બળજબરીથી યુવતીને બીફ ખવડાવવામાં આવતું હોવાનું દ્રશ્ય દેખાડવામાં આવ્યું છે.આવી ફિલ્મોમાં 'પ્રોપેગન્ડા વિરુદ્ધ સચ્ચાઈ'ની ચર્ચા શરૂ થઈ જાય છે. શું આ તમને અસર કરે છે?

ચર્ચા થવી સ્વાભાવિક છે, પરંતુ ક્યારેક દુઃખ એ વાતનું થાય છે કે, અભિનયની ચર્ચા પાછળ રહી જાય છે. અમે કલાકારો મહિનાઓ સુધી તૈયારી કરીએ છીએ, માનસિક રીતે પાત્રમાં ઉતરીએ છીએ, ઘણા વર્ષોના સંઘર્ષ પછી આવા અવસર મળે છે. જ્યારે ફિલ્મ રિલીઝ થાય છે, ત્યારે ચર્ચા વાર્તા કરતાં રાજકીય એંગલ પર



વધુ થવા લાગે છે. હું રાજકારણમાં પડતો નથી. હું ફક્ત એટલું જ ઈચ્છું છું કે, લોકો એ પણ જુએ કે કલાકારે પોતાનું કામ કેટલી પ્રામાણિકતાથી કર્યું છે.'ધ કેરળ સ્ટોરી 2: ગોઝ બિયોન્ડ' 27 ફેબ્રુઆરીના રોજ થિયેટરમાં રિલીઝ થઈ છે. 'ધ કેરળ સ્ટોરી 2: ગોઝ બિયોન્ડ' 27 ફેબ્રુઆરીના રોજ થિયેટરમાં રિલીઝ થઈ છે.ફિલ્મના ટ્રેલરને લઈને અનુરાગ કશ્યપ અને પ્રકાશ રાજ જેવી ફિલ્મ હસ્તીઓએ ટીકા કરી. આ અંગે તમારું શું કહેવું છે?હું આ અંગે વધુ પ્રતિક્રિયા આપવા માંગતો નથી. દરેક વ્યક્તિને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાનો સંપૂર્ણ અધિકાર છે. એ જરૂરી નથી કે, દરેક ફિલ્મ કે ટ્રેલર બધાને પસંદ આવે. ઘણી વાર અમને પણ કોઈ ટ્રેલર પસંદ નથી આવતું અને અમે ખૂલીને કહી દઈએ છીએ. જો કોઈને સારું ન લાગ્યું હોય, તો તે તેમની વ્યક્તિગત પસંદગી છે. ઘણા લોકો વખાણ પણ કરી રહ્યા છે. જેઓ સારું કહી રહ્યા છે, તેમનું પણ સન્માન છે અને જેઓ ટીકા કરી રહ્યા છે, તેમનું પણ. અમારું કામ છે મહેનત કરવી અને આગળ વધુ સારું કરવાનો પ્રયાસ કરવો. ટ્રેલરમાં બતાવેલા એક 'બીફ' સંબંધિત દ્રશ્યને લઈને વિવાદ થયો. શું તે સીનને હટાવવા કે બદલવા પર કોઈ ચર્ચા થઈ?આવા નિર્ણયો સંપૂર્ણપણે ડિરેક્ટર અને પ્રોડ્યુસરના હોય છે. એક એક્ટર તરીકે અમારું કામ છે કે, જે દ્રશ્ય અમને આપવામાં આવ્યું છે, તેને પૂરી સચ્ચાઈ અને પ્રભાવ સાથે ભજવીએ. તે દ્રશ્ય ભાવનાત્મક રીતે મુશ્કેલ હતું. પરંતુ જો દર્શકો મારા પાત્ર સલીમ પ્રત્યે નફરત અનુભવે છે, તો એક એક્ટર તરીકે હું સમજીશ કે, મેં મારું કામ યોગ્ય રીતે કર્યું. નકારાત્મક પાત્રને એવી રીતે ભજવવું કે તે વાસ્તવિક લાગે તે જ એક્ટિંગની સફળતા છે.આ વખતે વાર્તા સંપૂર્ણપણે નવી છે. હું સલીમનું પાત્ર ભજવી રહ્યો છું. આ એક લેયર્ડ રોલ છે. શરૂઆતમાં તે ભણેલો-ગણેલો, સમજદાર અને સભ્ય વ્યક્તિ દેખાય છે, પરંતુ પરિસ્થિતિઓ સાથે તેનું બીજું રૂપ સામે આવે છે. આ પાત્ર ફક્ત સંપૂર્ણપણે નકારાત્મક કે સકારાત્મક નથી. તેની એક યાત્રા છે, એક બદલાવ છે. તે જર્નીને ભજવવી મારા માટે ખૂબ જ રસપ્રદ અને પડકારજનક અનુભવ રહ્યો. બિલકુલ નહીં. એક એક્ટરનું કામ દરેક પ્રકારના ભાવ ભજવવાનું છે. જો તમે ઉદાહરણ જુઓ તો મનોજ બાજપેયી અને નવાઝુદ્દીન સિદ્દીકી જેવા કલાકારોએ સકારાત્મક અને નકારાત્મક બંને પ્રકારની ભૂમિકાઓ કરી છે. આજે દર્શકો સમજદાર છે. તેઓ જાણે છે કે, એક્ટર અને તેનું પાત્ર અલગ હોય છે. નેગેટિવ રોલમાં ઘણીવાર વધુ પડકાર હોય છે અને એક્ટરને પોતાના અભિનયની રેન્જ બતાવવાનો મોકો મળે છે.જ્યારે હું મુંબઈ આવ્યો, ત્યારે મને શહેરની મૂળભૂત જાણકારી પણ નહોતી. ઓડિશન માટે લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડતું હતું. ઘણી વાર 'ફિટ નથી' કહીને ના પાડી દેવામાં આવતી હતી. મેં શરૂઆતથી જ નક્કી કરી લીધું હતું કે, ઓછામાં ઓછા 10 વર્ષ આ ઈન્ડસ્ટ્રીને આપવા પડશે. અહીં કોઈ ગેરંટી નથી. એક ફિલ્મ મળવાનો અર્થ એ નથી કે બીજી પણ મળી જશે. દરેક સ્તરે પોતાને સાબિત કરવું પડે છે. ધૈર્ય સૌથી જરૂરી છે.


### વોકલ કોડમાં હેમરેજ થયું; 'વક્કા વક્કા' ગીતે ગ્લોબલ સ્ટાર બનાવી

# પોપ સ્ટાર શકીરાના અવાજને સ્કૂલમાં બકરી જેવો ગણાવતા:આલ્બમ ફ્લોપ ગયા

પૉપ સ્ટાર શકીરા એપ્રિલમાં પોતાની ભારત યાત્રાને લઈને હાલ ચર્ચામાં છે. 'વક્કા-વક્કા'ની ધૂનો પર આખી દુનિયાને નચાવનારી શકીરાનું કરિયર ખૂબ જ ઉતાર-ચઢાવથી ભરેલું રહ્યું છે. ચાલો જાણીએ, તેની સંઘર્ષથી સફળતાની કહાણી ગીત લખવું, તેને ગાવું અને દરેક બીટ પર સચોટ ડાન્સ મૂવ આપવા, કોલંબિયાની વિશ્વવિખ્યાત પૉપ સ્ટાર શકીરા આ બધા હુનરોનું શાનદાર કોમ્બિનેશન છે. પરંતુ સ્કૂલમાં તેનો અવાજ ટીચરને પસંદ નહોતો આવ્યો. સ્કૂલમાં મજાક ઉડાવવામાં આવતી કે, તેનો અવાજ બકરી જેવો છે. બારાંક્વિલા શહેરમાં 2 ફેબ્રુઆરી 1977ના રોજ જન્મેલી શકીરા આજે સ્પેનિશ અને અંગ્રેજીની સાથે અડધો ડઝન ભાષાઓની સિંગિંગમાં પારંગત છે.


શકીરા જ્યારે 7-8 વર્ષની હતી, ત્યારે તેના પિતા વિલિયમ મેબારકને જ્વેલરીના વેપારમાં ભારે નુકસાન થયું. શકીરાએ ઘરનો સામાન, ફર્નિચર, કાર બધું વેચાતું જોયું. તેને તેનાથી માનસિક આઘાત પહોંચ્યો. 13 વર્ષની ઉંમરે તેને પહેલો કોન્ટ્રાક્ટ મળ્યો.

1991માં પહેલું આલ્બમ 'મેગિયા' અને 1993માં બીજું 'પેલિગ્રો' આવ્યું, પરંતુ બંને ખરાબ રીતે ફ્લોપ રહ્યા. નિષ્ફળતાને કારણે તેને કારકિર્દીમાંથી એક વર્ષનો બ્રેક લેવો પડ્યો. 2017માં એલ-ડોરાડો વર્લ્ડ ટૂર પહેલાં જ તેની વોકલ કોર્ડમાં હેમરેજ થઈ ગયું. તેને લાગ્યું કે, હવે તે ક્યારેય ગાઈ નહીં શકે. જોકે, કેટલાક મહિનાના બ્રેક અને થેરાપી સર્જરી વગર જ તે ઠીક થઈ ગયું. શરૂઆતની નિષ્ફળતાઓ પછી શકીરાએ પોતાને નવેસરથી તૈયાર કરી. પોતે પોતાના ગીતો લખવા લાગી અને પછી 1995માં આવેલું આલ્બમ 'પિએસ દેસ્કાલ્જોસ' ટર્નિંગ પોઈન્ટ સાબિત થયું. 2001માં તેનું પહેલું અંગ્રેજી આલ્બમ 'લોન્ડ્રી સર્વિસ' રિલીઝ થયું. તેની દુનિયાભરમાં 1.3 કરોડ કોપીઓ વેચાઈ અને શકીરા વૈશ્વિક સ્ટાર બની ગઈ.2010માં તેનું 'વક્કા-વક્કા' ગીત ફૂટબોલ વર્લ્ડ કપનું એન્થમ બન્યું, જેણે આખી દુનિયાને શકીરાના સુરોની દીવાની બનાવી દીધી. શકીરાને 3 ગ્રેમી (સંગીતની દુનિયાનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ) અને 12 લેટિન ગ્રેમી સહિત સંગીતના અનેક એવોર્ડ મળી ચૂક્યા છે. તે સંયુક્ત રાષ્ટ્રની ગુડવિલ એમ્બેસેડર રહી ચૂકી છે. 1997માં શકીરાએ ગરીબ બાળકોના શિક્ષણ માટે પીએસ દેસ્કાલ્જોસ ફાઉન્ડેશન શરૂ કર્યું હતું. તેની નેટવર્થ લગભગ 300 મિલિયન ડોલર (અંદાજે 2,640 કરોડ) હોવાનું કહેવાય છે. 1991માં પહેલું આલ્બમ 'મેગિયા' અને 1993માં બીજું 'પેલિગ્રો' આવ્યું, પરંતુ બંને ખરાબ રીતે ફ્લોપ રહ્યા. નિષ્ફળતાને કારણે તેને કારકિર્દીમાંથી એક વર્ષનો બ્રેક લેવો પડ્યો. 2017માં એલ-ડોરાડો વર્લ્ડ ટૂર પહેલાં જ તેની વોકલ કોર્ડમાં હેમરેજ થઈ ગયું. તેને લાગ્યું કે, હવે તે ક્યારેય ગાઈ નહીં શકે. જોકે, કેટલાક મહિનાના બ્રેક અને થેરાપી સર્જરી વગર જ તે ઠીક થઈ ગયું. શરૂઆતની નિષ્ફળતાઓ પછી શકીરાએ પોતાને નવેસરથી તૈયાર કરી. પોતે પોતાના ગીતો લખવા લાગી અને પછી 1995માં આવેલું આલ્બમ 'પિએસ દેસ્કાલ્જોસ' ટર્નિંગ પોઈન્ટ સાબિત થયું. 2001માં તેનું પહેલું અંગ્રેજી આલ્બમ 'લોન્ડ્રી સર્વિસ' રિલીઝ થયું. તેની દુનિયાભરમાં 1.3 કરોડ કોપીઓ વેચાઈ અને શકીરા વૈશ્વિક સ્ટાર બની ગઈ.2010માં તેનું 'વક્કા-વક્કા' ગીત ફૂટબોલ વર્લ્ડ કપનું એન્થમ બન્યું, જેણે આખી દુનિયાને શકીરાના સુરોની દીવાની બનાવી દીધી. શકીરાને 3 ગ્રેમી (સંગીતની દુનિયાનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ) અને 12 લેટિન ગ્રેમી સહિત સંગીતના અનેક એવોર્ડ મળી ચૂક્યા છે. તે સંયુક્ત રાષ્ટ્રની ગુડવિલ એમ્બેસેડર રહી ચૂકી છે. 1997માં શકીરાએ ગરીબ બાળકોના શિક્ષણ માટે પીએસ દેસ્કાલ્જોસ ફાઉન્ડેશન શરૂ કર્યું હતું. તેની નેટવર્થ લગભગ 300 મિલિયન ડોલર (અંદાજે 2,640 કરોડ) હોવાનું કહેવાય છે.



### ગામવાસીઓએ પરંપરાગત રીતે કપલને વધાવ્યું

# રશ્મિકા વિજયના હાથમાં હાથ નાખી સાસરે પહોંચી સાડીમાં સજીને પતિ સાથે સત્યનારાયણની પૂજા કરી



સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું ફેવરિટ કપલ રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાએ આખરે પોતાના લગ્નજીવનની નવી શરૂઆત કરી દીધી છે. લાંબા સમય સુધી એકબીજાને ડેટ કર્યા બાદ, આ કપલે 26 ફેબ્રુઆરીએ સાદગીપૂર્વક લગ્ન કર્યા હતા. લગ્ન બાદ રશ્મિકા તેના સાસરે હૈદરાબાદ પહોંચી છે અને હાલમાં આ કપલ સોશિયલ મીડિયા પર સતત ચર્ચામાં છે. પોતાના લગ્નની આ ખુશીને ખાસ બનાવવા માટે વિજય અને રશ્મિકાએ એક અનોખો રસ્તો અપનાવ્યો છે. તેઓ દેશભરમાં અન્નદાન કરાવી રહ્યા છે, જેથી સામાન્ય લોકોના આશીર્વાદ તેમને મળી શકે. ફેન્સ આ જોડીના આ ઉમદા કાર્યના ખૂબ વખાણ કરી રહ્યા છે. ગામમાં પહોંચતા જ તેમનું ભવ્ય અને પરંપરાગત ડાન્સ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ જોડીની એક ઝલક મેળવવા માટે હજારો લોકો ઉમટી પડ્યા હતા. સોશિયલ મીડિયા પર રશ્મિકા અને વિજયના ગામના વીડિયો વાઈરલ થઈ રહ્યા છે, જેમાં રશ્મિકાના ચહેરા પર લગ્નની ખુશી સાફ જોઈ શકાય છે.હવે સૌની નજર 4 માર્ચ પર છે, જ્યારે હૈદરાબાદમાં એક ભવ્ય રિસેપ્શન પાર્ટીનું આયોજન કરવામાં આવશે. આ ફંક્શનમાં ફિલ્મ જગતના દિગ્ગજ સિતારાઓ અને મોટા રાજકારણીઓ હાજરી આપે તેવી શક્યતા છે. 'VIROSH' (વિજય-રશ્મિકા) ના ચાહકો માટે આ પળ ખરેખર ખૂબ જ ભાવુક અને યાદગાર બની ગઈ છે.

ગ્રાન્ડ રિસેપ્શન પહેલા, વિજય તેની પત્ની રશ્મિકાને લઈને તેલંગાણાના મહેબૂબનગર જિલ્લામાં આવેલા પોતાના વતન થુમ્મનપેટ પહોંચ્યો હતો. ત્યાં આ નવદંપતીએ સત્યનારાયણ ભગવાનની પૂજામાં ભાગ લીધો હતો. રશ્મિકાએ ટ્રેડિશનલ સિલ્ક સાડી અને સાઉથ ઈન્ડિયન કોપર જ્વેલરી પહેરી હતી, જેમાં તે અત્યંત સુંદર દેખાતી હતી. વિજયે પિસ્તા કલરનો કુર્તો પહેરીને દેશી લુક ધારણ કર્યો હતો. ગામમાં પહોંચતા જ તેમનું ભવ્ય અને પરંપરાગત ડાન્સ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ જોડીની એક ઝલક મેળવવા માટે હજારો લોકો ઉમટી પડ્યા હતા. સોશિયલ મીડિયા પર રશ્મિકા અને વિજયના ગામના વીડિયો વાઈરલ થઈ રહ્યા છે, જેમાં રશ્મિકાના ચહેરા પર લગ્નની ખુશી સાફ જોઈ શકાય છે.હવે સૌની નજર 4 માર્ચ પર છે, જ્યારે હૈદરાબાદમાં એક ભવ્ય રિસેપ્શન પાર્ટીનું આયોજન કરવામાં આવશે. આ ફંક્શનમાં ફિલ્મ જગતના દિગ્ગજ સિતારાઓ અને મોટા રાજકારણીઓ હાજરી આપે તેવી શક્યતા છે. 'VIROSH' (વિજય-રશ્મિકા) ના ચાહકો માટે આ પળ ખરેખર ખૂબ જ ભાવુક અને યાદગાર બની ગઈ છે.

### એક્ટરે લાચારી વ્યક્ત કરી

# 'પપ્પા ચિંતા ન કરો, હું પલંગ નીચે છૂપાઈ જઈશ' એમી વિર્કની 6 વર્ષની દીકરી અને પત્ની UAEમાં ફસાયા



ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાન વિરુદ્ધ છેડાયેલા યુદ્ધથી ખાડી દેશોમાં સ્થિતિ વણસી ગઈ છે. આના કારણે મોટી સંખ્યામાં ભારતીયો પણ દુબઈ, કતાર, દોહા, UAE, વગેરે સ્થળોએ ફસાઈ ગયા છે. આ દરમિયાન એક્ટર અને સિંગર એમી વિર્કની પત્ની અને 6 વર્ષની દીકરી પણ UAEમાં ફસાયેલા છે. એક્ટરે સોશિયલ મીડિયા પર ભાવુક પોસ્ટ લખીને આની અપડેટ આપી છે. એમી વિર્કે સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'મારી દીકરી કહી રહે છે કે, પપ્પા, જ્યારે પણ કંઈક અણધારી ઘટના બનશે, ત્યારે હું પલંગ નીચે છુપાઈ જઈશ. તમે ચિંતા ન કરો.'

એક્ટરનું કહેવું છે કે, મિડલ ઈસ્ટમાંથી આવતા દરેક સમાચાર પર તેની નજર છે. તેણે ફસાયેલા અન્ય લોકો અને પરિવારોની પણ સલામતી માટે પ્રાર્થના કરી છે. તણાવગ્રસ્ત અનુભવી રહ્યો છું: સોશિયલ મીડિયા પોસ્ટમાં એક્ટર એમી વિર્કે લખ્યું- 'UAEની સ્થિતિ મારા હૃદય પર ભારે પડી રહી છે. મારી પત્ની અને મારી 6 વર્ષની દીકરી ત્યાં છે. આવા સમયે હું એક પતિ અને પિતા તરીકે ભાવનાત્મક અને તણાવગ્રસ્ત અનુભવી રહ્યો છું. દરેક ન્યૂઝ અપડેટ પર્સનલ લાગી રહ્યું છે: આગળ લખ્યું છે- 'મારી દીકરી કહી રહી છે, "પપ્પા હું કંઈક થાય તો મારા પલંગ નીચે છુપાઈ જઈશ. હું એક મજબૂત છોકરી છું પપ્પા, ચિંતા ન કરો." આ એવા શબ્દો નથી જે એક પિતા સાંભળવા માંગે છે. દરેક ન્યૂઝ અપડેટ મને પર્સનલ લાગે છે. જાહેર જીવનમાં આપણે ગમે તેટલા મજબૂત રહેવાનો પ્રયાસ કરીએ, પરંતુ દિવસના અંતે આપણે પરિવારવાળા લોકો છીએ.' દરેક વ્યક્તિ માટે મારી પ્રાર્થના: તેણે લખ્યું- 'આ સાથે, મને ખબર છે કે ઘણા અન્ય પરિવારો પણ તે જ ડર અને ચિંતામાંથી પસાર થઈ રહ્યા છે. મારી પ્રાર્થનાઓ ફક્ત મારા પ્રિયજનો માટે જ નથી, પરંતુ દરેક પ્રભાવિત વ્યક્તિ માટે છે. હું UAE ના અધિકારીઓ અને UAE સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોને સ્વીકારું છું અને તેની પ્રશંસા પણ કરવા માંગુ છું.'બધા પરિવારો સુરક્ષિત રહે, એ જ મારી પ્રાર્થના: મને જે કહેવામાં આવી રહ્યું છે, લોકોને સુરક્ષિત રાખવા અને તેમને સહાય પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ માટે હું ત્યાંની સરકારનો આભારી છું. ચાલો, આપણે બધા માટે શાંતિ, સ્થિરતા અને કુશળતા માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખીએ. આ તબક્કો જલ્દી પસાર થઈ જાય.

### સ્ટેજ પર ચઢવા પડાપડી-ધક્કામુક્કી, મેચની વચ્ચે મેદાનમાં ઘૂસ્યું ટોળું

# બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીની ઝલક જોવા લોકો પોલીસ સાથે અથડાયા!

રાજસ્થાનના કોટામાં બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીને જોવા આવેલા લોકો અને પોલીસ વચ્ચે ધક્કામુક્કી થઈ ગઈ. બાઉન્સર્સ પણ ભીડને રોકી શક્યા નહીં. લોકો સ્ટેજ પર ચઢવા પડાપડી કરી રહ્યા હતા. એટલું જ નહીં, લોકો મેચ દરમિયાન બાઉન્ડ્રી ક્રોસ કરીને મેદાનમાં ઘૂસી ગયા. કોટામાં જિલ્લા ક્રિકેટ સંઘ રાષ્ટ્રીય સ્તરની ટી-20 ક્રિકેટ સ્પર્ધા 'કોટા પ્રીમિયર લીગ'નું આયોજન કરી રહ્યું છે. શિલ્પા શેટ્ટી રવિવારે નયાપુરા સ્થિત જેકે પેવેલિયન સ્ટેડિયમમાં લીગને પ્રમોટ કરવા પહોંચી હતી. શિલ્પા શેટ્ટીના આવવાની જાણ થતાં બપોરે 12 વાગ્યાથી જ સ્ટેડિયમમાં ભીડ એકઠી થવા લાગી હતી. ભીડને નિયંત્રિત કરવા માટે મોટી સંખ્યામાં પોલીસ જવાનો અને બાઉન્સર્સને તૈનાત કરવામાં આવ્યા હતા. બપોરે લગભગ 3:45 વાગ્યે શિલ્પા સ્ટેડિયમ પહોંચી. તેમની પાછળ મોટી સંખ્યામાં ભીડ પણ પહોંચી ગઈ. અહીં તૈનાત બાઉન્સર્સ પણ લોકોને રોકી શક્યા નહીં. તેમાં ક્રિકેટ સંઘના પદાધિકારીઓના સગા-સંબંધીઓ મોટી સંખ્યામાં સામેલ હતા. તેઓ મોબાઈલથી વીડિયો બનાવતા રહ્યા. ઘણા લોકો એક સાથે મંચ પર ચઢવા લાગ્યા. પોલીસે તેમને ઉતારવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન લોકો, પોલીસ અને બાઉન્સર્સ વચ્ચે બોલાચાલી અને ધક્કામુક્કી થઈ ગઈ. લોકોને કાબૂમાં લેવા માટે પોલીસને ઘણી મહેનત કરવી પડી. લોકો સ્ટેજ પર ચઢવા લાગ્યા તો પોલીસકર્મીઓએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન લોકો અને પોલીસ વચ્ચે ધક્કામુક્કી થઈ ગઈ. લોકો સ્ટેજ પર ચઢવા લાગ્યા તો પોલીસકર્મીઓએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન લોકો અને પોલીસ વચ્ચે ધક્કામુક્કી થઈ ગઈ. શિલ્પા શેટ્ટી સાથે ફોટો પડાવવા માટે લોકો પરેશાન થતા રહ્યા. સ્ટેજ ક્રિકેટ ગ્રાઉન્ડમાં બાઉન્ડ્રી પાસે બનાવવામાં આવ્યો હતો. મંચ સામે ભીડ એકઠી થઈ ગઈ. આ દરમિયાન લોકો મેચની વચ્ચે જ બાઉન્ડ્રીની અંદર ગ્રાઉન્ડમાં પણ ઘૂસી ગયા.મંચ પર હાજર શિલ્પા શેટ્ટી. લોકો મંચ સામે ગ્રાઉન્ડમાં ઊભા રહીને ફોટો-વીડિયો ક્લિક કરવા લાગ્યા. ગ્રાઉન્ડ તારની વાડથી ઢંકાયેલું છે. ફક્ત ગેટથી જ પ્રવેશ હતો. અહીં તૈનાત બાઉન્સર્સ પણ લોકોને રોકી શક્યા નહીં. તેમાં ક્રિકેટ સંઘના પદાધિકારીઓના સગા-સંબંધીઓ મોટી સંખ્યામાં સામેલ હતા. તેઓ મોબાઈલથી વીડિયો બનાવતા રહ્યા. ઘણા લોકો એક સાથે મંચ પર ચઢવા લાગ્યા. પોલીસે તેમને ઉતારવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન લોકો, પોલીસ અને બાઉન્સર્સ વચ્ચે બોલાચાલી અને ધક્કામુક્કી થઈ ગઈ. લોકોને કાબૂમાં લેવા માટે પોલીસને ઘણી મહેનત કરવી પડી. લોકો સ્ટેજ પર ચઢવા લાગ્યા તો પોલીસકર્મીઓએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન લોકો અને પોલીસ વચ્ચે ધક્કામુક્કી થઈ ગઈ. લોકો સ્ટેજ પર ચઢવા લાગ્યા તો પોલીસકર્મીઓએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન લોકો અને પોલીસ વચ્ચે ધક્કામુક્કી થઈ ગઈ. શિલ્પા શેટ્ટી સાથે ફોટો પડાવવા માટે લોકો પરેશાન થતા રહ્યા.

